ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 58 / ISSUE-07 / JANUARY 2026

SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

# ACTIVITIES OF SGCCI

Signature BUSINESS CLUB

SGCCI GLOBAL CONNECT

SBC SGCCI BUSINESS CONNECT support & promote...

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE सा विद्या या विमुक्तये SESDC SGCCI EDUCATION HUB

GFRRC GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE (An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

GOLDEN JUBILEE MEMORIAL TRUST AWARD GOLDEN JUBILEE AWARDS

કાયમી સમાધાન પંચ

NCF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL SGPC

SURAT CITYZEN'S COUNCIL TRUST SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર સમૃદ્ધિ

SGCCI infozine e-newsletter - Monthly

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સાચપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારધી (પવાર)**

પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, એસઆઇઇસીસી કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

**સંપર્ક : ધનેન્દ્ર પાટીલ, સેક્રેટરી**

સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વક્તા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહી.

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| 01 | ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન, પ્રથમ દિવસે ઉદ્યોગ સાહસિકોને MMF સેગમેન્ટમાં MSME દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટે માર્ગદર્શન અપાયું | 05 |
| 02 | ચેમ્બર ઓફ કોમર્સમાં સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ પર સેશન યોજાયું | 06 |
| 03 | ટેક્ષ્ટાઇલ પર્વ – બીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત તથા બિઝનેસના ગ્રોથ માટે લિન્કડીનના ઉપયોગ વિષે માર્ગદર્શન અપાયું | 08 |
| 04 | ચેમ્બર દ્વારા 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઇનિંગ રિટેલ – બિલ્ડીંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એક્સપિરિયન્સ' વિષે સેમિનાર યોજાયો | 10 |
| 05 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોડ સેફ્ટી સેમિનાર અંતર્ગત વિવિધ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું | 12 |
| 06 | ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની સુરત એરપોર્ટની મુલાકાતઃ ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડોમેસ્ટીક ફલાઇટ્સ અંગે ચર્ચા થઇ | 13 |
| 07 | ટેક્ષ્ટાઇલ પર્વનો ત્રીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને સુરતથી વિશ્વમાં ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટની તકો વિષે માર્ગદર્શન અપાયું | 14 |
| 08 | ટેક્ષ્ટાઇલ પર્વનો ચોથો દિવસ, ઉદ્યોગ અગ્રણીઓએ ઉદ્યોગ સાહસિકોને ટકાઉ ઉત્પાદન અને એમએમએફની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું | 17 |
| 09 | ચેમ્બર દ્વારા 'સક્સેસ એન્ડ ઇનર પીસ માટે મંત્ર' વિષે અવેરનેસ સેશન યોજાયું | 19 |
| 10 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવિધ સ્થળે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન | 22 |
| 11 | રોકાણનો નવો માર્ગ - એસઆઇએફ વિશે ચેમ્બર ઓફ કોમર્સમાં સેશન યોજાયું | 24 |
| 12 | ચેમ્બર દ્વારા ભારતના ભાવિ મેગા થીમ્સ: સ્ટ્રેટેજીઝ ફોર એક્સ્ટ્રાઓર્ડિનરી વેલ્થ' પર સેમિનાર યોજાયો | 25 |
| 13 | ચેમ્બર દ્વારા ગુજરાતી ફિલ્મોમાં રોકાણની તકો વિશે સેશન યોજાયું | 35 |
| 14 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'SEO કોન્ફરન્સ ૨૦૨૫'નું સફળ આયોજન, ડિજિટલ યુગમાં વ્યવસાયોને મળી નવી દિશા | 36 |
| 15 | ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નવી દિલ્હી ખાતે નવા સંસદ ભવનની મુલાકાત | 38 |
| 16 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશનર્સ (AIFTP – વેસ્ટર્ન ઝોન)ના સહયોગથી રાષ્ટ્રીય સ્તરનો ટેક્ષ કોન્કલેવ યોજાયો | 46 |
| 17 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ' એક્સ્પ્લોર બોત્સ્વાના' કાર્યક્રમ યોજાયો | 49 |
| 18 | ભારત–બોત્સ્વાના સહયોગને નવી ગતિ, ગુજરાત સાથે વ્યાપારિક સંબંધો મજબૂત બન્યા | 50 |
| 19 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Mediation Act and Its Importance for the Disputes among Industries & Businesses વિષે અવેરનેસ સેશન યોજાયું | 54 |
| 20 | ચેમ્બર દ્વારા ૯મો નેશનલ એચ.આર. કોન્કલેવ ૨૦૨૫ યોજાયો | 59 |
| 21 | ચેમ્બર દ્વારા 'જીએસટી સમસ્યાઓ અને સમાધાન' પર માર્ગદર્શન સત્ર યોજાયું | 62 |
| 22 | ચેમ્બરની લેડીઝ વિંગની ડી. ખુશાલભાઇ જ્વેલર્સ ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ | 63 |
| 23 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એક્ઝિમ કૉન્કલેવ યોજાયો | 65 |
| 24 | ચેમ્બર દ્વારા "Code on Social Security, 2020" અંતર્ગત ESI Compliances ઉપર સેમિનાર | 67 |
| 25 | વિવનીટ એક્ઝિબીશનના નવા ચેપ્ટર તરીકે 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો' યોજાશે, નવા લોગો સાથે લોન્ચીંગ સેરેમની સંપન્ન થઇ | 70 |
| 26 | ચેમ્બર દ્વારા બીઆઇએસ સ્ટાન્ડર્ડ્સ અને ગુણવત્તા નિયંત્રણ પર સેમિનાર યોજાયો | 72 |
| 27 | ચેમ્બર દ્વારા આંખના આરોગ્ય પર માહિતીપ્રદ સેમિનાર યોજાયો | 73 |

**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન, પ્રથમ દિવસે ઉદ્યોગ સાહસિકોને MMF સેગમેન્ટમાં MSME દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટે માર્ગદર્શન અપાયું



## MSMEને વધુ સ્કેલઅપ, ઇનોવેટીવ અને ગ્લોબલ સપ્લાઇ ચેઇનની સાથે ઇન્ટીગ્રેટ થવાની જરૂર છે : કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રન

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર, તા. ૧લી ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના પ્રથમ દિવસે કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને સુરતના ઉદ્યોગ સાહસિકોને એમએમએફ સેગમેન્ટમાં એમએસએમઇ દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થવા માટેની વ્યુહરચનાઓ વિષે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનું ટેક્ષ્ટાઇલ ક્ષેત્ર દેશના એમએમએફ સેગમેન્ટમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે અને અહીંના એમએસએમઇ ઉદ્યોગો માટે વૈશ્વિક બજારમાં આગળ વધવાની અપાર સંભાવનાઓ છે. ટેક્ષ્ટાઇલ પર્વના વિવિધ સેશનોમાં નિષ્ણાતો દ્વારા મળનાર માર્ગદર્શન ઉદ્યોગની પ્રગતિ, નવીનતા, સ્કિલ ડેવલપમેન્ટ અને એક્ષ્પોર્ટ ક્ષમતા વૃદ્ધિ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ચેમ્બર હંમેશાં ઉદ્યોગના સર્વાંગી વિકાસ અને ઉદ્યોગ સાહસિકોને નવી તકો ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ રહ્યું છે.

કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રને જણાવ્યું હતું કે, કુલ ગ્લોબલ ફાયબર કન્ઝમ્પ્શનમાં ૬૦ ટકા એમએમએફનો ઉપયોગ થઇ રહયો છે. ૨૫ વર્ષ પહેલા ૬૦ ટકા નેચરલ અને ૪૦ ટકા એમએમએફ હતું પણ હવે આજે રિવર્સ થઇ ગયું છે. અત્યારે પરફોર્મન્સ વેર, એથ્લીટ્સ વેર, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ અને સસ્ટેનેબલ મટિરિયલનો વધારે ઉપયોગ થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં એમએમએફનો ઉપયોગ ગ્લોબલી ૧૦૦ મિલિયન ટન્સ થઇ જશે. આ બાબત ભારતના કાપડ ઉદ્યોગ માટે ઘણી તકો દર્શાવે છે.

તેમણે જણાવ્યું હતું કે, પોલિએસ્ટર ફાઇબર અને ફિલામેન્ટના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાં ભારતનું સ્થાન છે, પરંતુ જ્યારે



**ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**CITI, નવી દિલ્હીના ચેરમેન શ્રી અશ્વિન ચંદ્રન**

ડાઉનસ્ટ્રીમ વેલ્યુ એડેડ એમએમએફ (મેન મેઇડ ફાઇબર) એક્ષ્પોર્ટની વાત આવે ત્યારે ભારતની સંપૂર્ણ હાજરી જોવા મળતી નથી. ચીન, વિયેતનામ અને તુર્કી જેવા દેશોએ મજબૂત અને ઝડપી ઈનોવેશન આધારિત એમએમએફ ઈકો સિસ્ટમ ઉભી કરી છે, જેને કારણે આજે તેઓ વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક થયા છે.

આજે સુરત દેશના એમએમએફ ટેક્ષ્ટાઇલ સેક્ટરમાં મુખ્ય કેન્દ્ર તરીકે ઉભર્યું છે. સુરત એ દેશનું એકમાત્ર એવું ક્લસ્ટર છે જે ચીન, વિયેતનામ અને તુર્કી જેવા દેશો સાથે સમાન સ્તરે સ્પર્ધા કરવાની ક્ષમતા ધરાવે છે. ગ્લોબલ બાયર્સ અને રિટેલર્સ ટેક્ષ્ટાઇલમાં સ્કેલીંગ શોધી રહ્યાં છે. એક પ્રોડક્ટ માટે તેઓ દસ-બાર સપ્લાયર્સ સાથે ડીલ નથી કરતા પણ માત્ર બેથી ત્રણ સપ્લાયર્સ પાસેથી પ્રોડક્ટ ખરીદે છે, આથી એમએસએમઈને વધુ સ્કેલઅપ, ઈનોવેટીવ અને ગ્લોબલ સપ્લાય ચેઇનની સાથે ઈન્ટીગ્રેટ થવાની જરૂર છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ ટેક્ષ્ટાઇલ એક્ષ્પર્ટ શ્રી અશ્વિન ચંદ્રનનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ ટેક્ષ્ટાઇલ પર્વની રૂપરેખા આપી હતી. ચેમ્બરના જીએફઆરઆરસીના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સમાં સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ પર સેશન યોજાયું




ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી


સીએ શ્રી રશેષ શાહ


સીએ મિલન શાહ


સીએ સૌરભ શાહ

# શેરબજારના નિષ્ણાતોએ અનલિસ્ટેડ શેરોમાં રોકાણ, લાંબા ગાળાના મૂડી લાભ પર કરમુક્તિ કંઈ રીતે લઈ શકાય, સેબીના નિયમો અને પાલન વિશે વિગતે સમજ આપી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, 15મી નવેમ્બર 2025ના રોજ સાંજે 5:30 વાગ્યે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે “Smart Investment & Compliance Strategies for Modern Investors” વિષય પર એક માર્ગદર્શક સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટોક માર્કેટ, અનલિસ્ટેડ શેર, સેબી નિયમો અને શેર લે-વેચ પર આવકવેરાની અસર જેવા વિષયો પર નિષ્ણાત વક્તાઓએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે છેલ્લા 5 મહિનામાં 250થી વધુ કાર્યક્રમો થઈ ચૂક્યા છે. રોકાણ કરવું જ પૂરતું નથી, ઓછા જોખમે વધુ વળતર સાથે સ્માર્ટ રોકાણ કરવું અને સાથે જ કાયદાનું પાલન અને સમજ પણ અત્યંત જરૂરી છે.

સીએ શ્રી રશેષ શાહે શેરબજારમાં રોકાણની આવકવેરા અધિનિયમ અંગેની અસરો પર બોલતા એલટીસીજી-એસટીસીજી વિશે માહિતી આપી હતી. તેમણે લોકોને સૌથી વધુ મૂઝવતા પ્રશ્ન બિઝનેસ ઈન્કમ વિ. મૂડી લાભ વિશે પણ સમજણ આપી હતી અને વિવિધ ચુકાદાઓને ટાંક્યા હતા. સાથે તેમણે પીએમએસમાં રોકાણ, ડેરિવેટિવ્ઝ કામકાજ, એફ એન્ડ ઓ ટ્રેડર્સ પર આવકવેરા કાયદાની અસરોની સાથે મ્યુ. ફંડોમાં ખાસ કરીને ડેટ ફંડોમાં રોકાણ પર આવકવેરાની જોગવાઈઓ સમજાવી હતી. તેમણે આવકવેરાની કલમ 54એફ હેઠળ લાંબા ગાળાના મૂડી લાભ પર કેવી રીતે કરમુક્તિ મેળવી શકાય એ સમજાવ્યું હતું.

સીએ મિલન શાહે અનલિસ્ટેડ શેરોમાં તક વિશે બોલતા કહ્યું કે કોઇ પણ શેરબજાર પર લિસ્ટેડ ન થયા હોય તેવા શેર એટલે અનલિસ્ટેડ શેરો. એમાં ચાર વિકલ્પ હોય છે, સ્ટાર્ટ અપ, પ્રિ આઈપીઓ કંપની, એમ્પ્લોઈઝ સ્ટોક ઓપ્શન, પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ. હાઈ ગ્રોથ સંભાવના વિશે સમજાવતા કહ્યું કે ઝોમેટોના અનલિસ્ટેડ વખતે રોકાણ કરનારાને થોડા મહિનામાં નાણાં બમણાં થઈ ગયા. સ્માર્ટ ઈન્વેસ્ટર માટે તે સારું પોર્ટફોલિયો ડાઇવર્સિફિકેશન છે. શેરબજારની ચંચળતાની તેના પર અસર થતી નથી. તેમણે રાઈટ ઈશ્યુ એડવાઈઝરી, શેર વોરંટ અને પ્રેફરન્સ શેરો વિશે પણ સમજ આપી હતી. સાથે જ અનલિસ્ટેડ શેરોમાં રોકાણ કેવી રીતે કરવું, તેની તકો સાથે સંકળાયેલાં જોખમો અને પડકારો સમજવા તેમજ રિઆલિટી ચેક કરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે રોકાણ કરતા પહેલાં વેલ્યુએશન સમજવું, એક્ઝિટ સ્ટ્રેટેજી સમજવી ખૂબ જરૂરી છે.

સીએ સૌરભ શાહે રોકાણકારોની સુરક્ષા, સેબીના નિયમોના પાલન અને ફરિયાદ નિવારણની પ્રક્રિયા વિશે વિગતે સમજણ આપી હતી. માર્જિન સ્ટેટમેન્ટ ચકાસણી, રેકોર્ડ બેક અપ રાખવા વગેરે વિશે સમજણ આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમનો હેતુ અને પૃષ્ઠભૂમિ રજૂ કરી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી અયૂબ યાકુબઅલીએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના સભ્ય શ્રી ભરત ધામેલિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે વક્તાઓએ ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો અને રોકાણકારોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

# ટેક્ષ્ટાઇલ પર્વ – બીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત તથા બિઝનેસના ગ્રોથ માટે લિન્કડીનના ઉપયોગ વિષે માર્ગદર્શન અપાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વના બીજા દિવસે મંગળવાર, તા. ૨ ડિસેમ્બરે નિષ્ણાંત વક્તાઓ તરીકે પીએચડી સ્કોલર અને ટેક્ષ્ટાઇલ ગ્રાફના એડિટર શ્રી અમરિષ ભટ્ટે ટેક્ષ્ટાઇલ એજ્યુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટની જરૂરિયાત વિષે વિસ્તૃત જાણકારી આપી હતી, જ્યારે શ્રી દિવ્યાંક જૈને ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ટેક્ષ્ટાઇલ બિઝનેસના ગ્રોથ માટે લિન્કડીનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરત શહેર ટેક્ષ્ટાઇલનો આત્મા છે અને અહીંના ઉદ્યોગ સાહસિકોએ પોતાની મહેનત, નવીનતા અને દીર્ઘદ્રષ્ટિ દ્વારા શહેરને વૈશ્વિક ક્ષેત્રે અનોખું સ્થાન અપાવ્યું છે. ટેક્ષ્ટાઇલ પર્વના ભાગ રૂપે ટેક્ષ્ટાઇલ સેક્ટર સંબંધિત વિવિધ મહત્વના વિષયો પર નિષ્ણાત વક્તાઓ પાસેથી અમૂલ્ય માર્ગદર્શન ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવી રહ્યું છે, જે નિશ્ચિત રૂપે ઉદ્યોગને વધુ મજબૂત અને ગતિશીલ બનાવશે.

શ્રી અમરિષ ભટ્ટે જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના ઝડપી આધુનિકીકરણ વચ્ચે યુવા પેઢીએ ટેકનિકલ જ્ઞાન, નવી કુશળતા અને પ્રેક્ટિકલ સ્કિલ્સનું સમન્વય વિકસાવવું અત્યંત આવશ્યક છે. ગુણવત્તાસભર ટેક્ષ્ટાઇલ એજ્યુકેશનથી માત્ર રોજગારની તકો જ નથી વધતી, પણ વૈશ્વિક સ્તરે ભારતીય ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને મજબૂત સ્થાન પ્રાપ્ત થાય છે. તેમણે ઉદ્યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓએ વધુ સ્કિલ-ઓરિએન્ટેડ કોર્સિસ, રિસર્ચ અને ઇનોવેશનને પ્રોત્સાહન આપવું જોઈએ એવી સલાહ આપી હતી.

શ્રી દિવ્યાંક જૈને જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં લિન્કડિન માત્ર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ નહીં રહ્યું, પરંતુ બિઝનેસ નેટવર્કિંગ, બ્રાન્ડ બિલ્ડિંગ અને લીડ જનરેશન માટે શક્તિશાળી સાધન બની ગયું છે. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો યોગ્ય પ્રોફાઇલ પ્રેઝન્ટેશન, કન્ટેન્ટ શેરિંગ, નેટવર્ક કનેક્શન અને ઇન્ડસ્ટ્રી અપડેટ્સ દ્વારા પોતાના બિઝનેસને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડી શકે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને ડિજિટલ પ્રેઝન્સ સુધારવા અને કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યું હતું કે, સુરતના ફેબ્રિક્સને ટેકનોલોજી સાથે જોડી તેમાં મોડર્ન ડિઝાઇનનો સમાવેશ કરીએ તથા પેકેજિંગ અને બ્રાન્ડિંગને વૈશ્વિક સ્તરનો ટચ આપી દઈએ તો ભારત માત્ર વિશ્વનું સપ્લાય હબ નહીં રહે, પરંતુ એક મહત્વપૂર્ણ ટ્રેડ સેન્ટર તરીકે પણ ઉભરી શકે છે. સરકારે એક્ષ્પોર્ટને પ્રોત્સાહન આપવા માટે નીતિઓને સરળ બનાવી છે. નવા આંતરરાષ્ટ્રીય બજારો ઝડપથી ખુલતા જઈ રહ્યા છે અને ડિજિટલ પ્લેટફોર્મ્સે એક્ષ્પોર્ટર્સ માટે વૈશ્વિક બજારના દ્વાર સંપૂર્ણપણે ખોલી દીધા છે. આ યુગમાં દરેક ઉદ્યોગ સાહસિક માટે સમાન અને વિશાળ તકો ઉપલબ્ધ થઈ રહી છે.

ચેમ્બરના જીએફઆરઆરસીના કો-ચેરમેન શ્રી અતુલ



**ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા**



**શ્રી અમરિષ ભટ્ટ**



**શ્રી દિવ્યાંક જૈન**

પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે ચેમ્બરના સિનિયર મેનેજર શ્રીમતી સેજલ પંડયાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. ટેક્ષ્ટાઇલ પર્વના આ સત્રોમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને ટેક્ષ્ટાઇલ પ્રોફેશનલ્સને વૈશ્વિક ટ્રેન્ડ્સ, ટેકનોલોજી, શિક્ષણ અને ડિજિટલ બિઝનેસ ગ્રોથ બાબતે ઉપયોગી માર્ગદર્શન મળ્યું હતું.

# અમદાવાદ ખાતે યોજાયેલી ઝોનલ લેવલની મિટીંગમાં MSME એકમોના પ્રશ્નોની ચેમ્બર દ્વારા અધિકારીઓ સમક્ષ રજૂઆત

અમદાવાદ સ્થિત MSME- DFO (ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ) અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે બુધવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે ભારતમાં MSME માટે કોસ્ટ એન્ડ કોમ્પિટિટીવનેસ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરની MSME કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે હાજરી આપી સુરતના MSME એકમોના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી.

થોડા દિવસો અગાઉ પણ સુરત ખાતે MSME એકમો માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે વર્કશોપ યોજાયો હતો તેમાં MSMEની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નોને MSMEના અધિકારીઓ દ્વારા સાંભળવામાં આવ્યા હતા. દરમ્યાન આજે અમદાવાદ ખાતે સમગ્ર ઝોનલ લેવલની મિટીંગ મળી હતી, જેમાં MSME ના કુલ ૬ હજાર જેટલા પ્રશ્નો અધિકારીઓ દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫૦ પ્રશ્નો જ સિલેક્ટ કરવામાં આવ્યા હતા, આ પ્રશ્નોને કેન્દ્ર સરકાર સુધી અધિકારીઓ દ્વારા પહોંચાડવામાં આવશે.

ઉપરોકત ૫૦ પ્રશ્નોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરાયેલી રજૂઆતના પાંચ પ્રશ્નો સિલેક્ટ થયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા નવી દિલ્હી સ્થિત MSME મંત્રાલયના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ સુશ્રી કાજલ જૈન અને અમદાવાદ સ્થિત MSME - DFO (ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ)ના વડા અને જોઈન્ટ ડિરેક્ટર શ્રી મનોજ કુમાર વત્સ સમક્ષ ટ્રેડર્સને MSMED એક્ટ હેઠળ સેકશન 43B(h) માટે MSME એકમો તેમજ ટ્રેડર્સને સમકક્ષ લાવવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી. આ ઉપરાંત, સુરતમાં ૬૦૦ એમએલડીનો સીઈટીપીનો પ્લાન્ટ છે તેને પાંચ વર્ષ સુધીમાં વધારીને ૨૦૦૦ એમએલડીનો કરવામાં આવે તે મુદ્દો પણ અધિકારીઓએ ચર્ચામાં લીધો હતો. ચેમ્બરની આ રજૂઆતને પણ તેઓ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે.

તદુપરાંત, સુરતમાં મેન મેઈડ ફાયબરની ટેસ્ટીંગ લેબોરેટરી નથી, આથી યાર્ન માટે ટેસ્ટીંગ લેબોરેટરી સુરતમાં ઉભી કરવામાં આવે તેમજ તેનું સેન્ટર સુરતને આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વધુમાં, એમઈજી - પીટીએ પર જે એન્ટી ડમ્પીંગ ડયુટી છે તેમજ ૧૮ ટકા જીએસટીનો દર છે, એમાં એન્ટી ડમ્પીંગ ડયુટી કઢાવવા માટેની રજૂઆત કરાઇ હતી તે પણ MSME ના ઉચ્ચ અધિકારીઓએ માન્ય રાખી કેન્દ્ર સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની ખાત્રી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા MSME એકમો માટે અન્ય રજૂઆતો પણ કરી હતી, પરંતુ ઉપરોકત ચાર મુદ્દાઓ સંદર્ભની રજૂઆતો મુખ્યત્વે હતી, જે અધિકારીઓએ શાંતિપૂર્વક સાંભળી હતી અને એમની કક્ષાએ આ રજૂઆતને સ્વીકારી કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી.

# ચેમ્બર દ્વારા 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઈનિંગ રિટેલ – બિલ્ડીંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એક્સપિરિયન્સ' વિષે સેમિનાર યોજાયો




## સુરતના રિટેલ ક્ષેત્રના નિષ્ણાતોએ તેમના અનુભવો દ્વારા રિટેલ સાહસિક બનવા, રિટેલમાં સફળ થવા અંગે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ર૭ નવેમ્બર, ર૦રપના રોજ સાંજે પઃ૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રિટેલપ્રિન્યોરઃ રિડિફાઈનિંગ રિટેલ – બિલ્ડીંગ ટ્રસ્ટ, સ્કેલ એન્ડ કસ્ટમર એક્સપિરિયન્સ' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં સુરતના રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે સુરતમાં ખરીદી કરીએ તો લોકો એમ નથી પૂછતાં કયું લીધું? પહેલો પ્રશ્ન એ જ કરે કે કયાંથી લીધું? આમ રિટેલમાં વિશ્વાસ વધુ અગત્યનો છે.

નવીન ઈલેક્ટ્રોનિક્સના શ્રી અનિલ જેટવાણીએ કહ્યું કે રિટેલ બદલાઈ રહ્યું છે અને આપણે બદલાવાનું છે. આજનો કસ્ટમર સ્માર્ટ અને ડિમાન્ડિંગ થઈ ગયો છે. રિટેલ માત્ર દુકાન સુધી સીમિત નથી છતાં વિશ્વાસ આજેય ગેમ ચેન્જર છે. લોકો પ્રોડક્ટ નહીં, વિશ્વાસ ખરીદે છે. તેમણે ગ્રાહકોનો વિશ્વાસ જીતવા, રિપિટ અને રેફરલ કેવી રીતે બને એ માટેની ટિપ્સ આપી હતી. રિટેલમાં રિટર્ન અને રિપ્લેસમેન્ટનો સામનો કેવી રીતે કરવો, ગ્રોથ કેવી રીતે કરવો એ સમજાવ્યું હતું.


ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા



શ્રી અનિલ જેટવાણી


શ્રી દીપક ચોક્સી


શ્રી પ્રફૂલ મોદી

ડી. ખુશાલભાઈ જ્વેલર્સના શ્રી દીપક ચોક્સીએ કહ્યું કે નોલેજ બિઝનેસનો પાયો છે. ચિંતા એ છે કે એઆઈ આવવાથી રિટેલ બિઝનેસનું શું થશે? કંઈક ને કંઈક નવું કરવું એ રિટેલના કેન્દ્રમાં છે. નેગેટિવમાંથી પોઝિટિવ એ રિટેલનો સિદ્ધાંત હોવો જોઈએ.

ધીરજ સન્સના શ્રી પ્રફૂલ મોદીએ કહ્યું કે દુકાનના તાળાં જાતે ખોલવા ન જોઈએ. સ્ટોર ખોલતા પહેલા અમે રિટેલ કન્સલ્ટન્ટ નિમ્યો હતો. તેમણે પોતાની વિકાસયાત્રા દ્વારા રિટેલમાં સફળ કેવી રીતે થવાય, સ્પર્ધામાં કેવી રીતે ટકી શકાય એ સમજાવ્યું હતું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે વક્તાઓનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના કો-ચેરમેન શ્રી ભૌતિક શેઠે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રિટેલ ક્ષેત્રના માંધાતાઓએ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશી તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના કો- ચેરમેન શ્રી મિતેશ શાહે ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

# ચેમ્બરની લેડીઝ વિંગે સુરત પોલીસ કન્ટ્રોલ રૂમની વિઝીટ લીધી






ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા, વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી સહિતના સભ્યોએ સોમવાર, તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત શહેર પોલીસના ટ્રાફિક કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત તેમના માટે અત્યંત માહિતીસભર સાબિત થઈ હતી. ટ્રાફિક વિભાગના અધિકારીઓએ ટ્રાફિક મેનેજમેન્ટ, રોડ સેફ્ટી અને ક્રાઈમ પ્રિવેન્શન જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી હતી.

ટ્રાફિક પોલીસ દ્વારા ચેમ્બરની લેડીઝ વિંગના સભ્યોને શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને ટ્રાફિક સિગ્નલનું સંચાલન, સી.સી.ટી.વી. દ્વારા દેખરેખ તેમજ ટ્રાફિક ફ્લો કેવી રીતે મોનિટર કરવામાં આવે છે તે અંગે સમજણ આપવામાં આવી હતી. સાથે જ ટ્રાફિક નિયમોના ભંગ અંગે ચલાન પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તેની પણ વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

લેડીઝ વિંગના સભ્યોને ટ્રાફિક પોલીસ દ્વારા થતા ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન, ખાસ કરીને અકસ્માતો અને હિટ એન્ડ રન કેસોમાં હાથ ધરાતી તપાસ પ્રક્રિયા વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. ફોરેન્સિક પુરાવા, ટેકનિકલ એનાલિસિસ અને સાક્ષીઓના નિવેદનો દ્વારા કેસ કેવી રીતે ઉકેલવામાં આવે છે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સભ્યોને રોડ સેફ્ટી અને વ્યક્તિગત સુરક્ષા અંગે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા. મુસાફરી દરમિયાન ફોન અને કિંમતી વસ્તુઓ સુરક્ષિત રાખવી, આજુબાજુની પરિસ્થિતિ પ્રત્યે સજાગ રહેવું તેમજ ડ્રાઈવિંગ દરમિયાન કોઈપણ પ્રકારના વિઘ્નોથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી. લેડીઝ વિંગના સભ્યો માટે આ મુલાકાત અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક સાબિત થઈ હતી. ટ્રાફિક નિયંત્રણ, સુરક્ષા અને જાગૃતિ અંગે તેઓ નવી માહિતી મેળવી શકયા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોડ સેફ્ટી સેમિનાર અંતર્ગત વિવિધ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પાલનપુર પાટીયાની શ્રીમતી આઈ.એન. ટેકરાવાલા હાઈસ્કૂલ અને તા. ૨૦ નવેમ્બરે ઉધનાની આર.એન. નાયક હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ સેશન્સ યોજાયા હતા, જેમાં વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઉંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતા ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના નિયમિત ઉપયોગની આવશ્યકતા અંગે યોગ્ય ઉદાહરણો સાથે સમજણ આપી હતી.

આ પ્રસંગે વિવિધ સ્કૂલોના ટ્રસ્ટીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ તેમજ ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.






# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની સુરત એરપોર્ટની મુલાકાતઃ ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડોમેસ્ટીક ફલાઇટ્સ અંગે ચર્ચા થઇ



## ચેમ્બર દ્વારા સુરતથી વાયા દોહા થઇને યુએસએ ફલાઈટ સહિત નવી કનેક્ટિવિટીની માંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાનીમાં ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી રજનીકાંત મારફતિયા તથા ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ, એડવાઈઝર શ્રી મનોજ સિંગાપુરી, કો–ચેરમેન શ્રી રોહન દેસાઇ, શ્રી અરવિંદ બાબાવાલા અને શ્રી અતુલ પટેલ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની મુલાકાત લઈને એરપોર્ટ ડાયરેકટર શ્રી એ.એન. શર્મા અને અન્ય અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ મુલાકાત દરમ્યાન એરપોર્ટના ઓપરેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, એર ટ્રાફિક કન્ટ્રોલ, રનવે ક્ષમતા અને નવી આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીને લઈને વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સુરત એરપોર્ટના ડાયરેકટર શ્રી એ. એન. શર્માએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ત્રણથી ચાર નવી ફલાઈટ્સ ઉમેરાઈ છે અને પેરેલલ ટેક્સી ટ્રેકનું કામ પૂરું થઇ ગયું છે અને ડીજીસીએની પરમિશન પણ પણ મળી ગઇ છે, આથી ટૂંક સમયમાં પેરેલલ ટેક્સી ટ્રેકને ઉપયોગમાં લેવાશે, જેથી રનવેની ક્ષમતા બે ગણી થઇ જશે. એરપોર્ટ પર ઈમરજન્સી એક્ઝિટ સિસ્ટમના અપગ્રેડેશન સહિત અનેક વિકાસ કાર્યો ચાલી રહ્યા છે, જેમાં લાઉન્જ તથા ડ્યુટી ફ્રી શોપ માટેની પ્રોસેસ ચાલુ છે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા સુરતથી વાયા દોહા થઈને યુએસએ માટેની ફ્લાઈટ (ઈન્ડીગો), સુરત-સિંગાપુર અને સુરત-હોંગકોંગ માટે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીને પણ મજબૂત બનાવવાની માંગ કરવામાં આવી હતી. ચેમ્બર વિવિધ એરલાઈન્સને નાઈટ ફલાઈટ માટે રજૂઆત કરશે.

આ બેઠક દરમ્યાન એરપોર્ટ પર બેંક શાખા અને એટીએમની જરૂરિયાત અંગે પણ ચર્ચા થઈ હતી. ચેમ્બરે, એસબીઆઇ બેંક સાથે સંકલન માટે મદદ કરવાની ખાતરી આપી હતી. ચેમ્બરે, એરપોર્ટ ઓથોરિટી સાથે સંયુક્ત રીતે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજવાની રજૂઆત કરી હતી, જેને અધિકારીઓએ સ્વીકારી હતી.

સુરત એરપોર્ટ માસ્ટર પ્લાન ૨૦૪૭ અંગે એરપોર્ટ ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, આ નેશનલ લેવલના 'વિકસિત ભારત' વિઝન ડોક્યુમેન્ટનો ભાગ છે. શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને એરપોર્ટ ઓથોરિટીએ ફરી સર્વે કરવાની જરૂર છે. આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન અને સિવિલ એવિએશન મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

મુલાકાત દરમ્યાન ચેમ્બરના પ્રતિનિધિઓએ એરપોર્ટ ટર્મિનલ, એટીસી ટાવર અને વેન્ચુરા હેંગરની મુલાકાત લીધી હતી. વેન્ચુરાના અધિકારીઓ સાથે રીજનલ કનેક્ટિવિટી અને ભવિષ્યની ઉડ્ડયન અંગે ચર્ચા કરી હતી.

# ટેક્ષ્ટાઇલ પર્વનો ત્રીજો દિવસ, ઉદ્યોગ સાહસિકોને સુરતથી વિશ્વમાં ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટની તકો વિષે માર્ગદર્શન અપાયું



## દુબઇ, નેધરલેન્ડ અને સિંગાપુર જેવા દેશો ભારતથી ટેક્ષ્ટાઇલ સહિતનું ઇમ્પોર્ટ કરીને અનુક્રમે દક્ષિણ આફ્રિકા, યુરોપ અને સાઉથ એશિયામાં રિ–એક્ષ્પોર્ટ કરે છે, અહીં સુરતના ઉદ્યોગ સાહસિકોને સુરતથી સીધું જ ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ કરવાની તકો છે : શ્રી જગત શાહ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વના ત્રીજા દિવસે બુધવાર, તા. ૩ ડિસેમ્બરે નિષ્ણાંત વક્તાઓ તરીકે અમદાવાદના ઇન્ટરનેશનલ બિઝનેસ – એક્ષ્પોર્ટના નિષ્ણાત શ્રી જગત શાહે સુરતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટની તકો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી જગત શાહે જણાવ્યું હતું કે, ૬૦ વર્ષ પહેલા જે દેશોની ઇકોનોમી ભારતની ઇકોમોની કરતા ઘણી પાછળ હતી તેઓ આજે ભારતથી આગળ નીકળી ગયા છે, કારણ કે તેઓની ઇકોનોમી એક્ષ્પોર્ટ પર આધારિત છે. ભારતની ઇકોનોમી કન્ઝયુમર બેઇઝ છે, પરંતુ હવે ભારતથી એક્ષ્પોર્ટનો આંકડો વધી રહયો છે. ગત વર્ષે ભારતથી વિવિધ દેશોમાં થયેલા એક્ષ્પોર્ટમાં સૌથી હાઇએસ્ટ એક્ષ્પોર્ટ અમેરિકામાં થયું હતું. ડ્યુટી લાગ્યા પહેલા ભારતનું અમેરિકામાં કુલ એક્ષ્પોર્ટ ૨૦ ટકા જેટલું હતું.

બીજા નંબરે દુબઇ આવે છે. દુબઇમાં ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ થાય છે, પરંતુ દુબઇ ભારતથી ટેક્ષ્ટાઇલનું ઇમ્પોર્ટ કરીને દક્ષિણ આફ્રિકામાં રિ-એક્ષ્પોર્ટ કરે છે. ભારતથી સૌથી વધારે ત્રીજા નંબરે નેધરલેન્ડમાં એક્ષ્પોર્ટ થાય છે. નેધરલેન્ડ ભારતથી ટેક્ષ્ટાઇલ સહિતની વસ્તુઓ ઇમ્પોર્ટ કરીને યુરોપમાં રિ-એક્ષ્પોર્ટ કરે છે. એવી જ રીતે સિંગાપુર ભારતથી ઇમ્પોર્ટ કરીને સાઉથ એશિયામાં રિ-એક્ષ્પોર્ટ કરે છે. અહીં સુરતના ઉદ્યોગ સાહસિકોને અને એક્ષ્પોર્ટરોને દક્ષિણ આફ્રિકા, નેધરલેન્ડ અને સિંગાપુરમાં એક્ષ્પોર્ટ કરવા માટેની વિપુલ તકો છે.

તેમણે સુરતના ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલમાં કવોલિટી ફેબ્રિકનું મેન્યુફેક્ચરિંગ તો કરવાનું જ છે પણ તેની સાથે વિશ્વભરમાં ટ્રેડીંગ પણ કરવાનું છે. તેમણે એક્ષ્પોર્ટ



**શ્રી નિખિલ મદ્રાસી**



**સીએ મિતિષ મોદી**



**શ્રી જગત શાહ**

માટે ઉપયોગી ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સની વિસ્તૃત જાણકારી આપી હતી. અમેરિકા સહિત વિશ્વભરના બાયર્સ સાથે કેવી રીતે જોડાઇ શકાય તે અંગે પણ માહિતી આપી હતી. સાથે જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એક્ષ્પોર્ટમાં કેવી રીતે મદદરૂપ થાય છે તેની પણ તેમણે સમજણ આપી હતી.

શ્રી જગત શાહે જોઇન્ટ વેન્ચરનો કોન્સેપ્ટ સમજાવતા કહયું હતું કે, જોઇન્ટ વેન્ચર મેન્યુફેક્ચરિંગમાં નહીં પણ માર્કેટીંગ માટેનો કોન્સેપ્ટ છે. આપણી પ્રોડક્ટનું માર્કેટીંગ કરીને તેને વિશ્વભરમાં એક્ષ્પોર્ટ કરીએ તેમાં જોઇન્ટ વેન્ચર કરવાનું હોય છે.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગારમેન્ટના એક્ષ્પોર્ટમાં ભારત સરકારની રોડટેપ સ્કીમ અંતર્ગત સબસિડી મળે છે. પીએલઆઇ સ્કીમને કારણે પણ ભારતથી એક્ષ્પોર્ટ વધી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સેમિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ગ્રુપ ચેરમેન શ્રી પરેશ લાઠીયા અને ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા. નિષ્ણાત વક્તાએ વ્યવસાયિકો અને એક્ષ્પોર્ટરોના વિવિધ સવાલોના જવાબો આપ્યા હતા. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી મનિષ કાપડીયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'અન્ડરસ્ટેન્ડીંગ લેબર કોડ્સઃ અ પ્રેક્ટિકલ ગાઇડ ફોર ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એચ.આર.' વિષય પર અવેરનેસ સેશન યોજાયું






**સંબોધન કરતી વખતે શ્રી સોહેલ સવાણી**

ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચાર નવા લેબર કોડને લાગુ કરવામાં આવ્યા છે. આ અત્યંત જરૂરી વિષય પર ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝને સરળ ભાષામાં સમજણ હેતુ 'અન્ડરસ્ટેન્ડીંગ લેબર કોડ્સઃ અ પ્રેક્ટિકલ ગાઈડ ફોર ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એચ.આર.' વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ નવા લેબર કોડ્સની સમજણ અને તેનો અમલ ઉદ્યોગો માટે માત્ર કાયદાકીય પાલન પૂરતા નથી, પરંતુ વ્યવસ્થાપનમાં પારદર્શિતા, કર્મચારીઓની સુવિધા, સલામતી અને સુગમતા વધારવાનો એ મહત્વપૂર્ણ માર્ગ છે. ખાસ કરીને એચઆર, મેનેજમેન્ટ, ફેક્ટરી ઓનર્સ અને મેનેજર્સ માટે આ વિષયનો વ્યવહારૂ અભ્યાસ ખૂબ જ જરૂરી છે.

નવી દિલ્હીની લેબર લો ઈન્સ્ટીટ્યુટના પેનલ મેમ્બર અને લેબર લો એડવાઈઝર શ્રી સોહેલ સવાણીએ જણાવ્યું હતું કે, પી.એફ., ઈ.એસ.આઈ., ગ્રેજ્યુઈટી, મેટરનિટી, ઓવર ટાઈમ, નોટિસ પગાર, લીવ, બોનસ વિગેરે હવે નવી પગારની વ્યાખ્યા પ્રમાણે ગણવામાં આવશે. ૨૦થી વધુ કર્મચારી ધરાવતી સંસ્થાઓએ ગ્રીવન્સ રિડ્રેસલ કમિટીની રચના કરવાની રહેશે. હક્ક રજાની ગણતરી ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ કર્યાથી દરેક ૨૦ દિવસની નોકરી ઉપર એક દિવસ આપવાનો રહેશે.

તેમણે જણાવ્યું હતું કે, ૪૦ વર્ષથી વધુ વયના કર્મચારીઓની વાર્ષિક મેડિકલ તપાસ ફરજિયાત કરવામાં આવી છે. હાલમાં ઈ.એસ.આઈ./પી.એફ.માં દેશમાં આશરે ૮ કરોડ કર્મચારીઓ રજિસ્ટર્ડ છે, જે આવનારા સમયમાં સોશિયલ સિક્યુરિટી કોડમાં ૫૦ કરોડ સુધી આવરી લેવામાં આવશે. હાલમાં કેન્દ્ર સરકાર ચારેય કોડના સેન્ટ્રલ રૂલ્સ બહાર પાડશે, જેને ફાઈનલ થવામાં આશરે ૨-૩ મહિના લાગશે. જે પછી રાજ્ય સરકાર પોતાના નિયમો બનાવી લાગુ કરશે. આ ચારેય લેબર કોડ એપ્રિલ-૨૦૨૬થી લાગુ થઈ શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના એચ.આર. એક્ઝિક્યુટિવ શ્રી અભિરાજ અટોદરિયાએ વક્તાનો પરિચય આપ્યો હતો. નિષ્ણાંત વક્તાએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરના આસિસ્ટન્ટ મેનેજર - એચ.આર. શ્રી ગુણવંત હિરેએ ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

# ટેક્ષ્ટાઇલ પર્વનો ચોથો દિવસ, ઉદ્યોગ અગ્રણીઓએ ઉદ્યોગ સાહસિકોને ટકાઉ ઉત્પાદન અને એમએમએફની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું



ગુરૂવાર, તા. ૪ ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના ચોથા દિવસે નિષ્ણાત વક્તાઓ તરીકે સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી જીતેન્દ્ર વખારિયાએ સુરત ટેક્ષ્ટાઈલ ઉદ્યોગમાં ટકાઉ ઉત્પાદન કેવી રીતે કરવું તેના વિષે અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ આધુનિક ફેશન જગતમાં મેન-મેડ ફાઈબરની ભૂમિકા કેવી રીતે ઝડપી વધી રહી છે તેના વિષે સુરતના ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ વખતે સપ્તાહના છએ છ દિવસ ટેક્સટાઇલ પર્વ રાખવામાં આવ્યું છે. ધીમે ધીમે ઓટોમેટિક લૂમ્સ વધતા જાય છે ત્યારે નોલેજ અને માહિતીની જરૂર હોય છે, આથી જુદા-જુદા ઈન્ડસ્ટ્રી એક્ષ્પર્ટ સુરતના ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપી શકે તે માટે કાર્યક્રમ રાખવામાં આવ્યા છે.

સાઉથ ગુજરાત ટેક્સટાઇલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી જીતેન્દ્ર વખારિયાએ કહ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવું મુશ્કેલ છે. આંધળી દોડમાં પડવાના દિવસ નથી. સરકારો પહેલા ઈકોનોમીને પ્રાધાન્ય આપતી હતી પણ આજે ઈકોલોજી કેન્દ્રમાં છે. પર્યાવરણના કાયદાઓ કડક થઈ રહ્યા છે. તેમણે પાંડેસરામાં ૯૦ના દાયકામાં શુદ્ધ પાણી પછી ૨૦૧૨માં રિસાઈકલ્ડ પાણી દ્વારા કેવી રીતે ટકાઉ ઉત્પાદન હાંસલ થયું એ ઉદાહરણ આપતા સમજાવ્યું કે એની નોંધ દેશમાં લેવાઈ હતી.

તેમણે કહ્યું કે લીડર બનવું સારી વાત છે પણ નીડર લીડર બનવું અઘરું છે. ઉદ્યોગને ટકાવી રાખવાની લીડરની જવાબદારી છે. સરકારી તંત્રને સમજાવીને એમિશન મોનિટરિંગ સિસ્ટમ કેવી રીતે લાગુ થઈ અને એના લીધે ક્લોઝર આવતું અટકાવ્યું, કાયદાના માર્ગે ચાલીને સુરતના કાપડ ઉદ્યોગે કેવી રીતે આંતરરાષ્ટ્રીય નામ મેળવ્યું એ તેમણે સમજાવ્યું હતું.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશિષ ગુજરાતીએ કહ્યું કે સમગ્ર વિશ્વ ૭૫% એમએમએફ વાપરે છે. ઠંડા દેશોમાં પોલિએસ્ટર બેડશીટનું ચલણ વધ્યું છે. એમએમએફની લાક્ષણિકતા અને ગુણવત્તા, ટકાઉપણા વિશે ચિતાર આપતા વૈશ્વિક વપરાશમાં આપણે કેવી રીતે હિસ્સો વધારી શકીએ અને લાભ મેળવી શકીએ એની વ્યૂહરચના તેમણે સમજાવી હતી.

તેમણે કહ્યું કે છત્રી, રેઈનકોટ, સ્પોર્ટ્સવેરમાં એમએમએફની



**શ્રી વિજય મેવાવાલા**



**શ્રી જીતેન્દ્ર વખારિયા**



**શ્રી આશિષ ગુજરાતી**

અપાર સંભાવનાઓ છે. ફેશન ઉદ્યોગમાં હવે દર બે-ત્રણ કલાકે ટ્રેન્ડ ચેન્જ થઈ રહ્યો છે. એમએમએફમાંથી કઈ કઈ વસ્તુઓ બની શકે, ખાસ કરીને ટેકનિકલ ટેક્સટાઈલમાં, તે વિશે તેમણે વિગતે પ્રેઝન્ટેશન આપ્યું હતું. ફ્લેક્સ બેનર બેન થતા મીડિયા પેપર આવ્યા છે એમ કહેતા તેમણે ટકાઉ અને રિસાયકલેબલ ટેક્સટાઈલ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરોક્ત બંને વક્તાઓએ ઉદ્યોગકારોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જીએફઆરઆરસીના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ટેક્સટાઇલ પર્વ 2.0નો પાંચમો દિવસ – 'વિકસિત ભારત @2047'માં ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગની ભૂમિકા પર વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક ચર્ચા




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વના પાંચમા દિવસે શુક્રવાર, તા. 5 ડિસેમ્બરે નિષ્ણાત વક્તા તરીકે અમદાવાદ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન (એટીઆઈઆરએ), અમદાવાદના ચેરમેન ડૉ. અશ્વિન ઠક્કરે વિકસિત ભારત @2047-ભારતીય કાપડ ઉદ્યોગની ભૂમિકા વિશે વાત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત



શ્રી નિખિલ મદ્રાસી



ડૉ. અશ્વિન ઠક્કર

સંબોધનમાં કહ્યું કે આ વખતે અમદાવાદ, દિલ્હીથી પણ તજજ્ઞોને બોલાવી ટેક્સટાઈલ ઉદ્યોગને માર્ગદર્શન આપવાનો પ્રયાસ છે. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગોને પુશ આપવા માટે ચેમ્બરના પ્રયાસોનો ચિતાર આપ્યો હતો.

અમદાવાદ ટેક્સટાઇલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન (એટીઆઈઆરએ), અમદાવાદના ચેરમેન ડૉ. અશ્વિન ઠક્કરે કહ્યું કે પોલિયેસ્ટર આવ્યા પછી સુરતે જે ટર્ન લીધો છે, ગ્રોથ કર્યો છે એ પ્રશંસનીય છે. સુરતનો ગ્રોથ રેટ અદ્ભૂત છે. તેમણે વેલ્યુ ચેનની સરળ રીતે સમજ આપતા કહ્યું કે અગાઉ ચીન આપણી પાસેથી યાર્ન લઈને એ જ ભાવે કાપડ આપતું. હવે સમગ્ર વેલ્યુ ચેન દેશમાં બને છે, નેટ ફોરેન એક્સચેન્જ કમાવી આપે છે, પોલિયેસ્ટર ઉત્પાદનમાં આપણે વિશ્વમાં નંબર વન છીએ, છતાં ચીન કેમ આગળ છે એનો ગ્લોબલ ટેક્સટાઈલ અને એપેરલ ટ્રેડનો ડેટા આપ્યો હતો. ટેકનિકલ ટેક્સટાઈલના વધતા ટ્રેન્ડ અંગે પણ તેમણે વિગતે વાત કરી હતી જેમાં માર્જિન વધુ રાખી શકાય છે.

તેમણે કહ્યું કે સ્થાનિક રીતે ટેક્સટાઈલની માગ ખૂબ જ વધવાની છે, નિકાસ તો વધે જ છે. સ્પોર્ટ્સવેરમાં કોટન કેમ ન ચાલે અને પોલિયેસ્ટર જ પહેરવું પડે એ ટેકનિકલ દલીલો સાથે સમજાવ્યું હતું. વિગતે ડેટા રજૂ કરીને તેમણે કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતનાં વિઝનમાં જ નહીં પણ 2070 સુધીમાં નેટ ઝીરો એમિનેશન સ્ટેટ્સમાં પણ ટેક્સટાઈલ ક્ષેત્રની મુખ્ય ભૂમિકા રહેવાની છે. તેમણે ટેકનિકલ ટેક્સટાઈલમાં આર એન્ડ ડીની જરૂર પર ભાર મૂક્યો હતો અને વૃદ્ધિ આડેના અવરોધો પર પ્રકાશ પાડ્યો.

વક્તાએ ઉદ્યોગકારોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જીએફઆરસીસીના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું અને આભારવિધિ કરી હતી.

# ચેમ્બર દ્વારા 'સક્સેસ એન્ડ ઇનર પીસ માટે મંત્ર' વિષે અવેરનેસ સેશન યોજાયું



# અવસ્થા એટલે આધ્યાત્મિક સત્ય, આ અવસ્થાથી પ્રભાવિત થઇને જ વિચારો આવે છે, જેવો વિચાર આવશે એવા જ કર્મ બનશે, એટલા માટે સારા કર્મો માટે સારા વિચારોની જરૂર છે : મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણ



મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'સક્સેસ એન્ડ ઇનર પીસ માટે મંત્ર' વિષે અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મૈત્રેય દાદાશ્રીજીના પ્રતિષ્ઠિત શિષ્ય, યુથ મેન્ટર અને ગ્લોબલ ટ્રાન્સફોર્મેશનલ સ્પીકર એવા મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણએ સફળતા અને આંતરિક શાંતિ માટે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, જો મન અશાંત હશે તો ઉદ્યોગ કે વ્યાપાર કઇ રીતે કરી શકાય? એટલા માટે જ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવા પ્રકારના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં વ્યવસાયિકોને મનની શાંતિ માટે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

મૈત્રેય દાદાશ્રીજીના પ્રતિષ્ઠિત શિષ્ય, યુથ મેન્ટર અને ગ્લોબલ ટ્રાન્સફોર્મેશનલ સ્પીકર એવા મૈત્રીબોધ પરિવારના મિત્ર પર્ણએ જણાવ્યું હતું કે, હાલમાં વ્યક્તિ જીવનમાં વધારે રૂપિયા કમાવવા માટે, પરિવારને સારું જીવન આપવા માટે, લક્ઝરી લાઇફ જીવવા માટે અને સમાજ માટે કઇ કરવા માટે સતત દોડી રહયો છે, પરંતુ આ દોડમાં વ્યક્તિ પોતાની અંદર કઇક મીસ કરી રહયો છે. વ્યક્તિમાં જે બાબતની ઉણપ વર્તાઇ રહી છે તેને બદલવાની અથવા તેને ભરવાની જરૂર છે. અન્ય દેશોમાં લક્ઝરી લાઇફ વિગેરે બધું જ છે, પણ ત્યાં વ્યક્તિની અંદર સંતોષનો અભાવ છે. લોકો સંતુષ્ટ નથી, તેઓને પોતાનું કહેવાવાળું કોઇ નથી, આ બાબતની તેઓમાં ઉણપ વર્તાય છે.

ભારતમાં જન્મનાર દરેક વ્યક્તિ સમયને મહત્વ આપે છે, તેના માટે સમય ખૂબ જ મહત્વનો છે. પૈસા તેના માટે મહત્વના નથી, પૈસા એ બાય પ્રોડક્ટ તેની પાસે આવે છે. સંસ્કૃતિ અને સંસ્કાર પહેલા છે, જ્યારે સંસ્કાર અને સંસ્કૃતિ હશે તો ઐશ્વર્ય અને સમૃદ્ધિ આપોઆપ આવશે. સૌથી વધારે બલવાન અને મૂલ્યવાન જો કોઇ હોય તો એ સમય છે. સમયનો યોગ્ય ઉપયોગ કરીએ તો જીવનમાં પોતાના માટે, પરિવાર માટે, સમાજ અને દેશ માટે ઘણું બધું કરી શકાય છે.

જીવનમાં રોજબરોજ આપણે ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થઇએ છીએ, મુશ્કેલીઓનો સામનો પણ આપણે કરી રહ્યાં છીએ, પરંતુ રોજબરોજના જીવનમાં જે મુશ્કેલીઓ ઉભી થઇ રહી છે તેને કાયમ સ્વરૂપી દુર કરવા માટે પોતાની અંદર કાંઇક તો એવું છે જેને વ્યવસ્થિત કરવાની જરૂર છે. આજે સકારાત્મક સમય ચાલી રહ્યો છે, જેમાં આપણે પોતાનામાં પરિવર્તન લાવી શકીએ છીએ.

મિત્ર પર્ણએ જણાવ્યું હતું કે, અવસ્થા એટલે આધ્યાત્મિક સત્ય. આ અવસ્થાથી પ્રભાવિત થઇને જ વિચારો આવે છે. જેવો

વિચાર આવશે એવા જ કર્મ બનશે, એટલા માટે સારા કર્મો માટે સારા વિચારોની જરૂર છે. વિચારોને સારા કરવા માટે પોતાના અંદરની અવસ્થાને વ્યવસ્થિત કરવી પડશે. તેમણે ઉપસ્થિતોને પરિવર્તન, પ્રેમ અને મૈત્રીભાવનો સંદેશો આપ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મૈત્રીમય પરિવારે એક સંકલ્પ લીધો છે કે જે દિવસે પૃથ્વી પર સંપૂર્ણપણે શાંતિની સ્થાપના થશે, દરેક વ્યક્તિ પોતાના જીવનમાં પ્રેમનો અનુભવ કરશે, મનને પરિવર્તિત કરશે, યોગ્ય દિશામાં ધર્મના રસ્તે ન્યાયપૂર્ણ રીતે સત્યના અનુભવ સાથે જીવનમાં આગળ વધશે તે દિવસે મૈત્રીમય પરિવારને એક સંસ્થાના ભાગ રૂપે ડિઝોલ્વ કરી દઈશું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની સ્પિરિચ્યુઅલ અવેકનીંગ કમિટીના ચેરમેન શ્રી સંદિપ ડોબરિયાએ સેમિનારનું સંચાલન કર્યું હતું. મૈત્રીબોધ પરિવારના મિત્ર શ્રીકાંતએ મિત્ર પર્ણનો પરિચય આપી મૈત્રી શક્તિ પ્રવાહની મેડિટેટીવ પ્રોસેસ થકી લોકોને તેનો આધ્યાત્મિક અનુભવ કરાવ્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા ટેક્સટાઈલ પર્વ 2.0નો છટ્ઠો દિવસ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા ટેક્ષટાઇલ પર્વના છઠ્ઠા દિવસે શનિવાર, તા. 6 ડિસેમ્બરે "ભારતની ટેક્સટાઇલ નીતિનું ભવિષ્ય અને વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં સુરતની ભૂમિકા" વિષય પર વિચાર મંથન કરવામાં આવ્યું, જેમાં ચેમ્બરના ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના સલાહકાર તથા ભારત સરકારના નિવૃત્ત અધિક ટેક્સટાઇલ કમિશનર શ્રી એસ. પી. વર્માએ આ મુદ્દે વિગતે છણાવટ કરી હતી.

કાર્યક્રમનો પ્રારંભ કરતા ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે વર્મા સાહેબ પાસે ટેક્સ્ટાઈલ ઉદ્યોગનું ગહન જ્ઞાન છે. આપણે સેન્ટર ઑફ એક્સલેન્સ માટે એમને કન્સલ્ટન્ટ તરીકે નિમ્યા છે. ટેક્સ્ટાઈલના ઈનોવેશન માટે સૌએ આજીવન વિદ્યાર્થી બનીને રહેવું જોઈએ તો જ નવું શીખવા મળશે.

શ્રી એસ.પી વર્માએ ભારતની ટેક્સટાઇલ નીતિના બદલાતા સ્વરૂપ, વૈશ્વિક તકો, મેન-મેઇડ ફાઇબર (MMF) મૂલ્ય શૃંખલાના પડકારો તથા વિશ્વ ટેક્સટાઇલ વેપારમાં વધુ હિસ્સો મેળવવા સુરતની વ્યૂહાત્મક સ્થિતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે ટેક્નોલોજી અપગ્રેડેશન, સસ્ટેનેબિલિટી, કૌશલ્ય વિકાસ તથા વૈશ્વિક સપ્લાય ચેઇન વિશે વિગતે સમજ આપી હતી અને કહ્યું કે પરિવર્તન કુદરતનો નિયમ છે. જો અત્યારે જ ધ્યાન આપવામાં આવે તો આવનારો સમય ભારતમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રે

સુરતનો જ છે. ટેક્સ્ટાઈલ પોલિસી 2024માં સસ્ટેનેબિલિટી , ઈનોવેશન અને રોકાણ પર ભાર મૂક્યો છે. સ્માર્ટ અને ટેકનિકલ ટેક્સ્ટાઈલ પર વિશેષ ધ્યાન અપાયું છે.

તેમણે કહ્યું કે 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. તમે વિચારો કે અત્યારથી પ્રેક્ટિસ શરૂ કરો તો ટેક્સ્ટાઈલ માટે કેટલી મોટી તક આવી રહી છે. ઘણી તક દરવાજે આવી ઊભી છે, અભી નહીં તો કભી નહીં. વિશ્વમાં સિન્થેટિક કાપડની માગ વધી રહી છે, જો ભારત એને મોટા પાયે તૈયાર નહીં કરે તો ભારતમાં તેની આયાત થવા લાગશે. ટેક્સ્ટાઈલ સાહસિકોને નવી પેઢીને ગાર્મેન્ટમાં લગાવવી જોઈએ. કાપડના માથાદીઠ વપરાશમાં આપણે હજી ઘણા પાછળ છીએ એટલે આવનારો સમય સુરત માટે ઘણો ઉજ્જવળ છે, એમએમએફ ઉદ્યોગની માગ રહેવાની છે.

આ સાથે જ તેમણે પર્યાવરણીય ચિંતાઓ, કુશળ કારીગરોની અછત જેવા ભાવિ પડકારો વિશે પણ તેમણે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે ચીનની હરીફાઈ માટે સુરતે સમર્પિત

## કોમનવેલ્થ ગેમ્સ ટેક્સ્ટાઈલ ઉદ્યોગ માટે મોટી તકો લઈને આવી રહી છે, ઉદ્યોગ સાહસિકો અત્યારથી તૈયાર થાઓ : શ્રી એસ. પી. વર્મા



ટેક્સ્ટાઈલ મશીનરી પાર્ક સ્થાપવાની જરૂર છે. તેમણે સુધારેલી પીએલઆઈ હેઠળ પ્રોત્સાહનોની સમજ આપી ઉદ્યોઅગકારોના પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ તથા ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. જી.એફ.આર.આર.સી.ના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવિધ સ્થળે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન સુરત ખાતે જુદા જુદા સ્થળોએ સફળતાપૂર્વક ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સચિન જીઆઈડીસી ખાતે આવેલી સ્ટીમ હાઉસ ઈન્ડિયા લિમિટેડની મુલાકાત લીધી હતી, જેમાં કમ્યુનિટી બોઈલર સિસ્ટમ







જેવી પર્યાવરણમિત્ર અને ઊર્જા બચત કરતી સુવિધાઓ અંગે સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા. અહીં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્ટીમ મેનેજમેન્ટ સિસ્ટમ અને પોલ્યુશન કન્ટ્રોલ ટેકનોલોજીની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

બીજી વિઝીટ તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સહજાનંદ ટેકનોલોજીસ પ્રા.લિ. અને થ્રીડી એક્સલન્સ સેન્ટર ખાતે યોજાઈ હતી, જ્યાં ભાગ લેનાર સભ્યોએ અદ્યતન મશીનરી, પ્રિસિઝન મેન્યુફેક્ચરિંગ તથા થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજીની લાઈવ પ્રેઝન્ટેશનનો અભ્યાસ કર્યો હતો. આ મુલાકાતથી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નવી દિશાઓ વિશે સમજ વિકસિત થઈ હતી.

ત્રીજી વિઝીટ તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ Make3D.in ખાતે યોજાઈ હતી, જેમાં ભારતીય સ્તરે ડિઝાઈન કરાયેલા હાઈ-પ્રિસિઝન થ્રીડી પ્રિન્ટર્સ, રેપિડ પ્રોટોટાઈપિંગ અને ઈન્ડસ્ટ્રી ૪.૦ સંબંધિત ટેકનોલોજી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચોથી વિઝીટ તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ શાકુંત આશ્રમ અને પ્રગતિ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ ખાતે યોજાઈ હતી. શાકુંત આશ્રમમાં ચેમ્બરના સભ્યોએ યોગાભ્યાસનો પ્રેક્ટિકલ અનુભવ કર્યો હતો. જ્યારે પ્રગતિ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝમાં કાચની જે વસ્તુઓ બને છે તેમાં ગુણવત્તાવાળી ઉત્પાદન પ્રક્રિયા વિષે વિસ્તૃત માહિતી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પહેલનો મુખ્ય હેતુ સભ્યોને આધુનિક ટેકનોલોજી, ટકાઉ ઔદ્યોગિક પદ્ધતિઓ અને નવા ઉત્પાદન મોડલ્સ વિશે જાણકારી આપવાનો હતો. આવી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ્સથી ઉદ્યોગ સાહસિકોમાં નવીન વિચારધારા વિકસે છે, ટેકનોલોજી અપનાવવાનો આત્મવિશ્વાસ વધે છે અને ઉદ્યોગક્ષેત્રમાં નેટવર્કિંગને બળ મળે છે. આગામી સમયમાં પણ ચેમ્બર દ્વારા આવી જાણકારીસભર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.






# રોકાણનો નવો માર્ગ - એસઆઈએફ વિશે ચેમ્બર ઓફ કોમર્સમાં સેશન યોજાયું




## એસઆઈએફ વોલેટાઈલ અને ઘટતા માર્કેટમાં પણ રિટર્ન આપવાની ક્ષમતા ધરાવે છે: સીએ બીપિન હીરપરા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા “Specialized Investment Fund (SIF): A New Investment Avenue” વિષય પર માહિતીસભર સેશનનું સફળ આયોજન સમૃદ્ધિ હોલ, નાનપુરા, સુરત ખાતે તા 22મી નવેમ્બરે સાંજે 5:30 વાગ્યે થયું.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે ચેમ્બરના માધ્યમથી સૌને લાભ થાય, જ્ઞાનવર્ધન થાય એ માટે નિયમિત કાર્યક્રમો થઈ રહ્યા છે. પહેલા સીએ ઓડિટ સુધી મર્યાદિત હતા, અત્યારે ટ્રેન્ડ એવો છે જેમાં વેલ્થ ક્રિએશન, વેલ્થ મેનેજમેન્ટમાં પણ તેમની ભૂમિકા રહેલી છે.

એસઆઈએફ વિશે સમજાવતા ડી2એના સ્થાપક અને સીઈઓ સીએ બીપિન હીરપરાએ કહ્યું કે વિકસિત દેશોની સફળ સ્ટ્રેટેજીના પરિણામે એસઆઈએફની જરૂરિયાત ઊભી થઈ. એસઆઈએફ માટે એએમસી દીઠ લઘુતમ રૂ. 10 લાખથી રોકાણ કરી શકાય. તેમાં 25% સુધી ડેરિવેટિવ્ઝ શોર્ટ એટલે કે હેજિંગની છૂટ અપાઈ છે જે મ્યુ. ફંડ્સ કે પીએમએસમાં નથી. સેક્ટર રોટેશન જેવા યુનિક ફીચર્સ પણ આપવામાં આવ્યા છે. એસઆઈએફ કોમોડિટી સેક્ટરમાં પણ રોકાણ કરી શકે છે.



**ચેમ્બરના માનદ્ ખજાનચી**
**CA મિતિષ મોદી**



**ડી2એના સ્થાપક અને સીઈઓ**
**CA બીપિન હીરપરા**

તેમણે કહ્યું કે આ રોકાણનો તદ્દન નવો અને અદ્યતન માર્ગ છે. વોલેટાઈલ અને ઘટતા માર્કેટમાં પણ તે રિટર્ન આપવાની ક્ષમતા ધરાવે છે. સેબીએ હાલ 7 કેટેગરીને છૂટ આપી છે એમાં પ્રથમ ઈક્વિટી ઓરિયેન્ટેડ છે. રોકાણકારોને અને એએમસી પર કરવેરાની શું અસર પડે એની માહિતી પણ તેમણે આપી હતી. તેમણે એક્સપેન્સ રેશિયો, લોક ઈન પીરિયડ, એક્ઝિટ લોડ જેવા રોકાણકારોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

આ પ્રસંગે ચેમ્બરના સભ્યો, રોકાણકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી હાસિમ યાકૂબઅલીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયા દ્વારા કરવામાં આવી હતી.

# ચેમ્બર દ્વારા ભારતના ભાવિ મેગા થીમ્સ: સ્ટ્રેટેજીઝ ફોર એક્સ્ટ્રાઓર્ડિનરી વેલ્થ’ પર સેમિનાર યોજાયો




## શેરબજાર તો ચાલશે જ, પણ તમારો પોર્ટફોલિયો નહીં ચાલે એવું બને, એટલે શેર પસંદગી હવે બહુ મહત્વની: ફંડ મેનેજર કાર્તિક મહેતા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે India’s Future Mega Themes: Strategies for Extraordinary Wealth વિષય પર એક રસપ્રદ સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે Ckredence Wealth PMSના પ્રખ્યાત ફંડ મેનેજર શ્રી કાર્તિક મહેતાએ અસાધારણ સંપત્તિ માટેની વ્યૂહરચનાઓ છતી કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં ચેમ્બરની પ્રવૃત્તિઓનો ચિતાર આપતા કહ્યું કે દક્ષિણ ગુજરાતનો કોઇ ઉદ્યોગ જ્ઞાનથી વંચિત ન રહે એ ચેમ્બરની પ્રવૃત્તિઓનો ઉદ્દેશ છે. જ્ઞાન સતત મેળવતા રહીએ તો જ સફળ થઈએ.

નિષ્ણાત વક્તા શ્રી કાર્તિક મહેતાએ કહ્યું કે જલદી આપણે ટોપ થ્રી ઈકોનોમીમાં આવીશું. 10 વર્ષમાં જીડીપીમાં 77%ની વૃદ્ધિ થઈ છે. વિકસિત ભારત તરફની યાત્રામાં આવનારા વૃદ્ધિ સમયગાળામાં યુવાઓનું-જેન ઝેડનું યોગદાન મોટું રહેવાનું છે. વર્કિંગ વીમેનનું યોગદાન વધી રહ્યું છે. માથાદીઠ આવક વધવાની છે અને એ રીતે ભારત વિકસિત ભારતનું વિઝન સાકાર કરશે. પણ એ માટે આર્થિક વૈવિધ્યકરણ જરૂરી છે. તેમણે અન્ય દેશો સાથે સરખામણી કરતા કહ્યું લો ઈન્કમથી મિડ ઈન્કમ તરફ જતાં ઘણા દેશો હાંફી જાય છે. આવક વધે તેમ જરૂરિયાત કરતા ખર્ચ ચોક્કસ વધવાનો જ. તેમણે ડેટા સાથે સરળ શબ્દોમાં સમજાવતા કહ્યું કે ઈકોનોમી મિડ ઈન્કમ તરફ જાય એ ગાળો શેરબજારને બહુ માફક આવતો હોય છે. પૈસો પૈસાને ખેંચે. ચીન જેવા દેશોને



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



Ckredence Wealth PMSના પ્રખ્યાત ફંડ મેનેજર શ્રી કાર્તિક મહેતા

લાંબો બૂમ પીરિયડ ભોગવવા મળ્યો. આપણને 25 વર્ષથી વધુ નહીં મળે. શેરબજારમાં એનાથી ઝડપી રિટર્ન આવી શકે.

તેમણે ઈઝ ઑફ લિવિંગ, ટેકનોલોજીનો વધુ ઉપયોગ, એઆઈ, ન્યુ એજ જેવા ભારતના ભાવિ મેગા થીમ્સ સમજાવ્યા હતા. એઆઈને લીધે પાવરની માગ સમગ્ર વિશ્વમાં વધી રહી છે. તેમણે નેક્સ્ટ જનરેશન બિઝનેસ ફંડમાં રોકાણ કરવાની સલાહ આપી હતી. માર્કેટ સિનારિયો વિશે તેમણે કહ્યું કે નિફ્ટી 23000 થવાની શક્યતા લાગતી નથી. ઉપર 28000 જશે પણ લોકોના રિટર્ન એટલાં સારા નહીં હોય. આગામી બે વર્ષ ઈન્ડેક્સ માટે સારા, પણ પોર્ટફોલિયો ન પણ ચાલે. બધું ચાલી જતું એ ફૂલ ગુલાબી તેજીનો સમય પૂરો થયો એટલે શેર પસંદગી ખૂબ મહત્વની બની રહેશે. આઈપીઓમાં પણ હવે સિલેક્ટિવ રહેવું પડશે. સમગ્ર વિશ્વમાં એકાદ વર્ષના અંતે એક ફટકો લાગી શકે પણ ભારત તેમાંથી જલદી બહાર આવી શકે. પછી મોટો મૂવ આવી શકે અને મેક્સિમમ વેલ્થ બનાવવાનો આ પીરિયડ છે. રોકાણનો મોટો ભાગ ઈક્વિટીમાં રાખશો તો પડોશી, મિત્રો કરતા ઘણા આગળ નીકળી જશો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશે માહિતી આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી વિશાલ બક્ષીએ વક્તાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા આયોજિત ટેક્ષ્ટાઇલ પર્વનું સમાપન, સાતમા દિવસે CMAIના નિષ્ણાત વક્તાઓએ સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને ગારમેન્ટમાં પરિવર્તિત કરવા પ્રોત્સાહિત કર્યો



# સુરતમાં ગારમેન્ટ માટે બધું જ છેઃ શ્રી સંતોષ કટારિયા



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



CMAIના ચેરમેન
શ્રી સંતોષ કટારિયા



CMAIના મેન્ટર
શ્રી રાહુલ મહેતા

## ટેક્ષ્ટાઇલમાંથી નીકળો નહીં, નવી પેઢીને ગારમેન્ટ તરફ વાળોઃ શ્રી રોહિત મહેતા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પર્વના અંતિમ દિવસે સોમવાર, તા. ૮ ડિસેમ્બરે મુખ્ય વક્તાઓ અને મુખ્ય અતિથિ તરીકે ક્લોથિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા (CMAI)ના ચેરમેન શ્રી સંતોષ કટારિયા તથા મેન્ટર શ્રી રાહુલ મહેતાએ ભારતીય એપેરલ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ, પડકારો અને વૈશ્વિક બજારમાં તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે સુરત ઘણી આફતો છતાં ઝડપથી ફરી બેઠું થાય છે. સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગે ઘણી પ્રગતિ કરી છે પણ એપેરલમાં હજી ઘણું કરવાનું બાકી છે.

સી.એમ.એ.આઈ., મુંબઈના ચેરમેન શ્રી સંતોષ કટારિયાએ સુરતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીની તકો વિશે બોલતા કહ્યું કે, સમગ્ર ભારતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે સુરત જેવું પ્લેટફોર્મ નથી, અહીં આ ઉદ્યોગ બહુ મોટા પાયે વિકસી શકે છે. લેબર, રો-મટીરિયલ, લોજિસ્ટિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બધું જ અહીં છે. છતાં મને નવાઈ લાગે છે કે સુરતમાં ગાર્મેન્ટ ઉદ્યોગ કેમ ખીલ્યો નથી. તેમણે ગારમેન્ટ માટે ફ્રન્ટ એન્ડ માર્કેટિંગ, ઈ-કોમર્સ, ઈબીઓ, સીએમએઆઈ બીટુબી વગેરે સેલ્સ ચેનલમાં રહેલી તકો વિશે વિગતે વાત કરી હતી.

તેમણે કહ્યું કે એક વાર બ્રાન્ડ બની જાય પછી સોશિયલ મીડિયા થકી ઝડપથી દેશભરમાં પહોંચી શકાય છે. આથી ગારમેન્ટમાં સ્કોપ અમર્યાદિત છે, જબરદસ્ત તકો રહેલી છે. ભારતનું બજાર પણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે અને રેડીમેડ કપડાંનો ટ્રેન્ડ ખૂબ વધ્યો છે.

સી.એમ.એ.આઈ., મુંબઈના મેન્ટર શ્રી રાહુલ મહેતાએ કહ્યું કે ગારમેન્ટ માટે ટેક્ષ્ટાઈલ આખરે રો મટીરિયલ છે, એટલે સુરત જો ગારમેન્ટ બનાવે તો કેટલું મોટું વેલ્યુ એડિશન થાય. ટેક્ષ્ટાઇલમાંથી નીકળવા કોઈ કહેતું નથી, એને તો મજબૂત કરવું જ જોઈએ, પણ વિસ્તરણ અને વૈવિધ્ય ખૂબ જરૂરી છે. નવી પેઢીને ગારમેન્ટમાં આવવા દો. તેમણે ગારમેન્ટમાં પ્રોડક્ટિવિટી અને ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ શ્રી મિતિષ મોદીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલા તથા શ્રી ઈન્દ્રવદન, ઉદ્યોગકારો અને વ્યવસાયિકો સેમિનારમાં હાજર રહ્યા હતા. જી.એફ.આર.આર.સી.ના કો-ચેરમેન શ્રી અતુલ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમના અંતે બંને વક્તાઓએ શ્રોતાઓના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

## શારજાહ ફ્રી ઝોન દ્વારા દુનિયાભરમાં માલ મોકલો

# ફિક્કી ગુજરાત રિજિયન દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ અને શારજાહ સરકારના સહયોગથી બે દિવસ બીટુબી મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજાઈ




## ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કરવેરાની દ્રષ્ટિએ ઊંડાણપૂર્વકની સ્પષ્ટતાઓ મેળવી

ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના ગુજરાત રિજિયને 'યુએઈ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારોમાં બિઝનેસનાં વિસ્તરણ' થીમ પર સુરતમાં B2B મીટિંગ્સની વિશેષ શ્રેણી યોજી હતી. આ શ્રેણી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI) અને શારજાહ એરપોર્ટ ઈન્ટરનેશનલ ફ્રી ઝોન (સૈફ-એસએઆઈએફ ઝોન), શારજાહ સરકાર, યુ.એ.ઈ.ના સહયોગથી સુરતમાં મેરિયોટ હોટેલ ખાતે તા. 20 અને 21 નવેમ્બરે સવારે 10થી સાંજે 5 દરમ્યાન યોજાઈ હતી.

આ મીટિંગ્સમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે શારજાહ ફ્રી ઝોનની નજીક જ દરિયાઈ વિસ્તાર છે અને એથી ત્યાંથી નિકાસ ઝડપથી અને સરળતાથી થઈ શકે છે. શારજાહ ફ્રી ઝોનમાં સીએ અને તબીબ જેવા વ્યવસાયિકો સિવાય લગભગ તમામ ધંધાર્થીઓને આવકાર મળે છે અને ફ્રી ઝોન છે.. તેમણે બેઉ દેશો વચ્ચેનો બેવડા કરવેરા નિવારણ સમજૂતી-ડીટીએએ વિશે, ત્યાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસની સંભાવનાઓ વિશે પણ ઊંડાણપૂર્વક પ્રશ્નોત્તરી કરીને સ્પષ્ટતા મેળવી કે આનો લાભ શારજાહ ફ્રી ઝોનનો ઉપયોગ કરનારા ધંધાને મળે છે એટલે કરવેરાની દ્રષ્ટિએ પણ તે લાભદાયી છે.

સતત બે દિવસ ચાલેલી આ બિઝનેસ ટુ બિઝનેસ મીટને સ્થાનિક ઉદ્યોગો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

ભારતીય કંપનીઓ વૈશ્વિક તકોને ઝડપી લેવા માટે યુએઈનો ગેટ વે તરીકે ઉપયોગ કરીને વ્યૂહાત્મક લાભો મેળવી શકે એ આ પહેલનો ઉદ્દેશ હતો. આ પ્રદેશમાં સૌથી ગતિશીલ અને રોકાણકારોને અનુકૂળ એવા શારજાહ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય




ફ્રી ઝોનનો નિકાસમાં કંઈ રીતે ઉપયોગ થઈ શકે એના પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

સુરતમાં યોજાયેલી વિશેષ શ્રેણીની બીટુબી મીટિંગ્સથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને સૈફ ઝોનના પ્રતિનિધિઓ સાથે રોકાણની સંભાવનાઓ, કાર્યકારી ટેકો અને યુએઈમાં સ્થાપનાની સરળતા ચકાસવામાં ઘણી મદદ મળી અને આ મીટિંગમાં ભાગ લેનારાઓને ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (સી.ઈ.પી.એ.)નો લાભ અસરકારક રીતે લેવા માટે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમજૂતી લગભગ 97 ટકા ભારતીય ચીજવસ્તુઓને ડ્યુટી ફ્રી એક્સેસ આપે છે અને આફ્રિકા, યુરોપ અને અન્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં ભારતની પહોંચ મજબૂત કરે છે.

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળની રેઝોન સોલાર લિમિટેડની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ચેમ્બરના સભ્યો દ્વારા કીમ - કોસંબા ખાતે આવેલી રેઝોન સોલાર લિમિટેડની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

રેઝોન સોલાર લિમિટેડના શ્રી ફેનિલ પટેલ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઓલ એક્ઝિબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર તથા ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કમિટીના શ્રી ચેતન શેઠ, શ્રી અમિત શાહ સહિતના સભ્યોને આવકારવામાં આવ્યા હતા.


ચેમ્બરના પ્રતિનિધિ મંડળને વિઝીટ દરમિયાન રેઝોન સોલારની આધુનિક મેન્યુફેક્ચરિંગ યુનિટની મુલાકાત કરાવવામાં આવી હતી, જેમાં કંપની દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા સોલાર પેનલના ઉત્પાદનમાં અપનાવવામાં આવતી નવીન ટેકનોલોજી વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ખાસ કરીને, સોલાર પેનલના ઉત્પાદનમાં TOPCon ટેકનોલોજીનો ઉપયોગ, ઉત્પાદકતા, કાર્યક્ષમતા અને ઊર્જા બચતના ફાયદાઓ અંગે ચેમ્બરના સભ્યોને જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, રેઝોન સોલારે વૈશ્વિક બજારમાં નોંધાવેલી હાજરી, આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધોરણો, રિસર્ચ અને ઇનોવેશન પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા તેમજ વર્ષ ૨૦૧૭થી આજદિન સુધીની કંપનીની વિકાસયાત્રા વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રેઝોન સોલારની ટીમે ચેમ્બરના પ્રતિનિધિ મંડળને ઉત્પાદન પ્રક્રિયા, ક્વોલિટી મેનેજમેન્ટ, રો મટીરીયલ હેન્ડલિંગ તથા એક્સ્પોર્ટની ક્ષમતાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વિઝીટનો મુખ્ય હેતુ સભ્યોમાં સસ્ટેનેબલ એનર્જી, ઉત્પાદન માટેની નવી ટેકનિક અને ગ્રીન એનર્જી સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવાનો હતો. આ વિઝીટથી ચેમ્બરના સભ્યોને સોલાર ઉદ્યોગની ટેકનોલોજીકલ પ્રગતિને નજીકથી સમજવાની ઉત્તમ તક મળી હતી.



# ચેમ્બર દ્વારા 'નો અબાઉટ યોર લિવર' વિષે અવેરનેસ સેશન યોજાયું




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત તા. ૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'નો અબાઉટ યોર લીવર' વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સુરતની જાણીતી સીડ્સ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલના ડો. રિતેશ પ્રજાપતિએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ડો. રિતેશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, લીવર મનુષ્યના શરીરમાં સૌથી મહત્વપૂર્ણ અંગોમાંનું એક છે, જે ડિટોકિસફિકેશન, મેટાબોલિઝમ, પાચન પ્રક્રિયા તેમજ ઊર્જા સંગ્રહ જેવી અગત્યની કામગીરી કરે છે. લીવર સંબંધિત બીમારીઓ ઘણી વાર શરૂઆતના તબક્કામાં લક્ષણરહિત રહેતી હોવાથી નિયમિત ચેક-અપ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અનિયમિત જીવનશૈલી, વધુ તેલ-મસાલાવાળો આહાર, આલ્કોહોલનું વધતું સેવન, મોટાપો તેમજ ડાયાબિટીસ જેવી સ્થિતિઓ, લિવરમાં ચરબી જમા થવી (ફેટી લિવર) અને હેપેટાઈટિસ જેવા રોગોનું જોખમ વધારી શકે છે.

તેમણે લીવર હેલ્થ સારી રાખવા માટે સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, ધૂમ્રપાન-આલ્કોહોલથી દૂર રહેવું, પૂરતું પાણી પીવું અને સમયાંતરે લિવર ફન્કશન ટેસ્ટ કરાવવાની સલાહ આપી હતી.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડો. રાકેશ ગાંધીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ વક્તાનો પરિચય આપ્યો હતો. પબ્લિક હેલ્થ કમિટીના સભ્ય ડો. રાજન દેસાઈએ સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. આ સેશનમાં વક્તા દ્વારા ચેમ્બરના સભ્યોને વિવિધ શંકાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**લોકોને સંબોધતા ડો. રિતેશ પ્રજાપતિ**

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળની બારડોલી ખાતે સ્વરાજ આશ્રમ, બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ અને ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની મુલાકાત




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે શનિવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બારડોલી ખાતે આવેલ સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી. આશ્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ થયેલા ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહ વિષે વિગતવાર માહિતી મેળવી હતી.

સ્વરાજ આશ્રમમાં મુકાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓના ફોટોગ્રાફ્સ, પુરાવાઓ, દસ્તાવેજો અને સ્મૃતિચિહ્નોએ પ્રતિનિધિ મંડળને ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનની ઝાંખી કરાવી હતી. આશ્રમના માર્ગદર્શકોએ સત્યાગ્રહની પરિસ્થિતિ, ખેડૂત આંદોલનની અસરકારકતા અને સરદાર પટેલની સંગઠનશક્તિ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ મુલાકાતે પ્રતિનિધિ મંડળને ઐતિહાસિક ચેતના સાથે રાષ્ટ્રવાદી ભાવના અનુભવવાનો અવસર આપ્યો હતો.

સ્વરાજ આશ્રમ પછી ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. બારડોલી પ્રદેશ ચેમ્બરના હોદ્દેદારોએ સ્થાનિક ઉદ્યોગો, ખેતી આધારિત એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોની વિકાસ યોજનાઓ, માર્કેટિંગની તક તેમજ સ્થાનિક બિઝનેસની ઈકો સિસ્ટમ વિષે વિસ્તૃત સમજણ આપી હતી. ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બારડોલીના ઉદ્યોગકારો સાથે મળીને વિસ્તારના આર્થિક વિકાસ માટે સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

ત્યારબાદ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બારડોલી ખાતે ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની મુલાકાત લીધી હતી.




મંડળીના હોદ્દેદારોએ કાપણીથી લઈને પેકેજિંગ સુધીની શેરડી પ્રોસેસિંગની સંપૂર્ણ પ્રક્રિયા વિષે ચેમ્બરના સભ્યોને વિગતવાર માહિતી આપી હતી. પ્રતિનિધિ મંડળે શેરડી રિસીવિંગ યાર્ડ ક્રશિંગ યુનિટ્સ, ગુણવત્તા નિયંત્રણ લેબ અને પેકેજિંગ યુનિટની માહિતી મેળવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપરોક્ત ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સમયાંતરે આયોજિત ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનો મુખ્ય હેતુ સભ્યોને વિવિધ ઉદ્યોગો, ઐતિહાસિક સંસ્થાઓ અને વ્યવસાયિક સંગઠનોની કાર્ય પદ્ધતિનો વાસ્તવિક અનુભવ કરાવવાનો છે.

બારડોલીની આ મુલાકાતે સ્વાતંત્ર્ય આંદોલનનો ઐતિહાસિક વારસો, સ્થાનિક ચેમ્બર સાથેનો વેપારી સહકાર અને કૃષિ આધારિત ખાંડ ઉદ્યોગની કામગીરી-આ ત્રણેય ક્ષેત્રો અંગે સભ્યોની સમજ વધારે મજબૂત બની છે. ચેમ્બરનું ધ્યેય સભ્યોને સતત જ્ઞાન, કનેક્ટિવિટી અને વિકાસના અવસરોથી જોડવાનું છે અને આવી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટો તેનું ઉત્તમ સાધન છે.



# ચેમ્બર ઓફ કોમર્સ અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે અવેરનેસ સેશન યોજાયું





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જય સરદાર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે ગુરૂવાર, તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૮:૩૦ કલાકે પુણાગામ સ્થિત જય સરદાર વિદ્યાલય ખાતે સર્વાઇકલ કેન્સર વેક્સિન વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હોસ્પિટલના ડો. ઉષા એન. માણિયાએ સર્વાઇકલ કેન્સર વેકિસન વિષે જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, સમાજના આરોગ્ય સંરક્ષણમાં મહિલા સ્વાસ્થ્યનું વિશેષ સ્થાન છે અને સર્વાઇકલ કેન્સર એ વિશ્વભરમાં મહિલાઓને અસર કરનાર ગંભીર સ્વાસ્થ્ય પડકારોમાંનું એક છે, પરંતુ ખુશીની વાત એ છે કે આજે તેનો અસરકારક અને સલામત પ્રિવેન્ટિવ વિકલ્પ, સર્વાઇકલ કેન્સર વેકસીન ઉપલબ્ધ છે.

ડો. ઉષા એન. માણિયાએ જણાવ્યું હતું કે, સર્વાઇકલ કેન્સર મહિલાઓમાં થતા ગંભીર કેન્સર પ્રકારોમાંનું એક છે, પરંતુ સદ્‌ભાગ્યે તેની સમયસર પ્રિવેન્શન શકય છે. હ્યુમન પેપિલોમા વાયરસથી બચવા માટે ઉપલબ્ધ સર્વાઇકલ કેન્સર વેકિસન અત્યંત અસરકારક અને સુરક્ષિત છે. ૯થી ૨૬ વર્ષની છોકરીઓ અને યુવતીઓ માટે આ વેકિસનની ભલામણ કરવામાં આવે છે, કારણ કે આ વયે રક્ષણ સૌથી વધુ અસરકારક બને છે.



**ડો. ઉષા એન. માણિયા**



**ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

તેમણે જણાવ્યું હતું કે, આ વેક્સિન લેવાથી હ્યુમન પેપિલોમા વાયરસના ઘણા જોખમકારક પ્રકારોથી લાંબા ગાળાનું રક્ષણ મળે છે, જેના કારણે ભવિષ્યમાં સર્વાઇકલ કેન્સર થવાની શકયતા નોંધપાત્ર રીતે ઓછી થાય છે. સાથે જ મહિલાઓએ નિયમિત હેલ્થ ચેકઅપ અને સ્વચ્છ જીવનશૈલી અપનાવવી પણ અત્યંત જરૂરી છે. જો સમાજમાં આ અંગે યોગ્ય જાગૃતિ ફેલાવવામાં આવે તો સર્વાઇકલ કેન્સરના કેસોમાં મોટો ઘટાડો થઈ શકે છે તેમ ડો. ઉષાએ વધુમાં જણાવ્યું હતું.

જય સરદાર વિદ્યાલયના આચાર્ય શ્રી પરેશ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો-ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ સેશનનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બર દ્વારા ગુજરાતી ફિલ્મોમાં રોકાણની તકો વિશે સેશન યોજાયું




## ગુજરાતી ફિલ્મ દિગ્દર્શક શ્રી નૈતિક રાવળ અને લેખક-ફિલ્મ નિર્માતા શ્રી પરેશ વોરાએ ગુજરાતી ફિલ્મ નિર્માણની આંટીઘૂંટી અને બિઝનેસ મોડલ વિગતે સમજાવ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ગુજરાતી ફિલ્મોમાં રોકાણની અમૂલ્ય તકો વિશે વિશેષ સત્ર યોજવામાં આવ્યું હતું, જેમાં જાણીતા ગુજરાતી ફિલ્મ દિગ્દર્શક શ્રી નૈતિક રાવલ અને લેખક-ફિલ્મ નિર્માતા - રંગમંચના કલાકાર શ્રી પરેશ વોરાએ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ભૂતકાળમાં હું પણ રંગમંચ પર કામ કરતો હતો. આપણે ગુજરાતી ફિલ્મોનો ભવ્ય જમાનો જોયો છે. હવે, અચાનક એક ગુજરાતી ફિલ્મ આવે છે અને ૧૦૦ કરોડની ક્લબમાં જોડાય છે. જેનાથી સૌ કોઇને આશ્ચર્ય છે. આથી, આજનો કાર્યક્રમ માત્ર જ્ઞાન વૃદ્ધિ માટે છે કે આવી પણ તક હોય છે અને ફિલ્મ ફાયનાન્સિંગમાં કેટલાં બધાં પાસાં સંકળાયેલા હોય છે.

ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક શ્રી નૈતિક રાવળે કહ્યું કે ૨૦૧૦ પછી, ખાસ કરીને કોવિડ પછી ગુજરાતી ફિલ્મો તરફ પ્રેક્ષકો પાછા વળ્યા છે અને ઘણી સારી ફિલ્મો બનવા લાગી છે. ગુજરાતી ફિલ્મોના ટર્નઓવરમાં આ વર્ષે ૩૦૦ ટકાનો વધારો થયો છે. ફિલ્મ મેકિંગ પણ એક બિઝનેસ છે અને એટલે તેમાં અનિશ્ચિતતા અને જોખમો પણ રહેલાં છે. ફિલ્મ ફાયનાન્સનાં મુખ્યત્વે ૪ મોડલ્સ હોય છે, સ્ટુડિયો, ઈક્વિટી, સિંગલ પ્રોડકશન વગેરે. ફિલ્મ નિર્માણ ઉપરાંત માર્કેટિંગનો ખર્ચ પણ લાગતો હોય છે. ઓછામાં ઓછા ૪ કરોડ હોય તેમણે જ ફિલ્મ નિર્માણ વિશે વિચાર કરવો જોઇએ. એક્ઝિબિશન ચાર્જ પણ નિર્માતાએ ભોગવવો પડે છે. તેમણે ડિસ્ટ્રીબ્યુટર્સની ભૂમિકા સમજાવતા કહ્યું કે હવે આખી ફિલ્મો



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક શ્રી નૈતિક રાવળ**



**લેખક-ફિલ્મ નિર્માતા -રંગમંચના કલાકાર શ્રી પરેશ વોરા**

ખરીદાતી નથી, ફી કે પ્રોફિટ શેરિંગ હોય છે. તેમણે જુદા જુદા રાઈટ્સ વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે એક કરતા દસ ફિલ્મોમાં રોકાણ કરવું સારું.

શ્રી પરેશ વોરાએ કહ્યું કે લાલો ફિલ્મ અપવાદ છે. ધર્મા પ્રોડક્શન જેવા મોટા બેનર પણ હવે ગુજરાતી ફિલ્મો લાવી રહ્યા છે. ઓટીટી પ્લેટફોર્મ અગાઉ બધી જગ્યાએ દાઝી ચૂક્યા છે, હવે સિસ્ટમ બદલાઈ છે. હવે ઓટીટી પણ બૉક્સ ઓફિસ જોઈને ભાવ નક્કી કરે છે. ફિલ્મ પાછળનું કોમર્સ સમજાવતા તેમણે કહ્યું જે તમે ૧૦૦ કરોડના આંકડા સાંભળો છો, પ્રથમ વીકમાં ગુજરાતી ફિલ્મોમાં ૬૫% રેશિયો એક્ઝિબિટર્સ, ૪૫ નિર્માતાનો હોય છે. ગુજરાત સરકાર જેટલું પ્રોત્સાહન કોઈ રાજ્ય સરકાર ફિલ્મો માટે આપતી નથી.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા, યુવા કલાકારો અને રોકાણકારો સેશનમાં ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરોક્ત બંને વક્તાઓને ઉપસ્થિત યુવા કલાકારો અને રોકાણકારોના વિવિધ સવાલોના ખૂબ જ ખુલ્લા મને સંતોષકારક જવાબો આપ્યા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'SEO કોન્ફરન્સ ૨૦૨૫'નું સફળ આયોજન, ડિજિટલ યુગમાં વ્યવસાયોને મળી નવી દિશા





**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**ડિજિકોવેબના ફાઉન્ડર શ્રી અમિત પંચાલ**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'SEO કોન્ફરન્સ ૨૦૨૫: સર્ચ સ્માર્ટ, ગ્રો સ્માર્ટર' વિષય પર ભવ્ય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિજિટલ માર્કેટિંગ ક્ષેત્રના ચાર અગ્રણી નિષ્ણાતો ડિજિકોવેબના ફાઉન્ડર શ્રી અમિત પંચાલ, તેજ સોલપ્રોના ફાઉન્ડર શ્રી જયદીપ પરીખ, આઈ વિપણનના એસ.ઇ.ઓ. હેડ સુશ્રી દિવ્યા મિસ્ત્રી અને ફૂલ-સ્ટેક ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી ભૌતિક શેઠે પોતાના ઊંડા જ્ઞાન અને અનુભવથી ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ઝડપી ડિજિટલ યુગમાં, જ્યાં ગૂગલ અને અન્ય સર્ચ એન્જિનોના અલ્ગોરિધમ સતત બદલાઈ રહ્યા છે, ત્યારે દરેક વ્યવસાય માટે ઓનલાઈન વીઝીબીલીટી જાળવવી અને કસ્ટમર્સ સુધી પહોંચવું એક આવશ્યક જરૂરિયાત બની ગઈ છે. આ સમયની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ વિશિષ્ટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકો અને ડિજિટલ પ્રોફેશનલ્સને આવનારા સમયના SEO (Search Engine Optimization) વલણો અને વ્યૂહરચનાઓથી માહિતગાર કરવાનો હતો.

ડિજિકોવેબના ફાઉન્ડર શ્રી અમિત પંચાલે જણાવ્યું હતું કે, તમારી વેબસાઇટ ને ગૂગલ એઆઈ-ઓવરવ્યૂ અને એઆઈ મોડમાં આવે તેના માટે વધારે ડીટેલ્સમાં કન્ટેન્ટ લખવુ જોઈએ. જનરેટિવ એઆઈ કન્ટેન્ટ કરતા હ્યુમન-રિટન કન્ટેન્ટ પર ફોકસ કરવું. ૨૦૨૬માં વિવિધ ગૂગલ અલ્ગોરિધમ અપડેટ્સ તમારી વેબસાઇટને અસર ના કરે તે માટે યુનિક કન્ટેન્ટ અને વેબસાઇટને મોબાઇલ ફ્રેન્ડલી બનાવવા તરફ વધારે ધ્યાન આપવુ. વેબસાઈટ વિઝીટર્સ બ્લોગ પોસ્ટથી પ્રેરણા લે તે માટે બ્લોગ કન્ટેન્ટને હ્યુમન ટચ આપવો જરૂરી છે.

તેજ સોલપ્રોના ફાઉન્ડર શ્રી જયદીપ પરીખે જણાવ્યું હતું કે, આજની જનરેશન એઆઈના જવાબો પરથી પ્રોડક્ટ બાયિંગ નિર્ણયો લઇ રહ્યા છે તેથી તમારી બ્રાન્ડની સાચી, સ્પષ્ટ અને વિશ્વસનીય માહિતી જ સૌથી મોટું હથિયાર છે. ૨૦૨૬માં એ બ્રાન્ડ જીતશે જે એઆઈને સમજાય તે રીતે પોતાનું કન્ટેન્ટ તૈયાર કરશે. સર્ચની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. હવે એ બ્રાન્ડ્સ જીતશે જે એઆઈને સરળ, સાચી અને વિશ્વસનીય માહિતી આપશે. આ સમયર્ ભાડે લીધેલી ઓડિયન્સ નો નહિ પણ પોતાની ઓડિયન્સ ઓવન કરવાનો છે.

આઈ વિપણનના એસ.ઇ.ઓ. હેડ સુશ્રી દિવ્યા મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, કન્ટેન્ટમાં ઈમોશનલ ટચ લાવવો એ ફ્યુચર



**તેજ સોલપ્રોના ફાઉન્ડર શ્રી જયદીપ પરીખ**



**આઈ વિપણનના SEO હેડ સુશ્રી દિવ્યા મિસ્ત્રી**



**ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી ભૌતિક શેઠ**

SEO માટેની ડિમાન્ડ છે. જ્યારે વેબસાઈટ કન્ટેન્ટમાં વેબસાઈટ વિઝીટર્સ માટે યૂઝફુલનેસ હોય, ત્યારે તે માત્ર વેબસાઈટ વિઝીટર્સ સુધી નહીં પણ ગૂગલ સર્ચ રેન્કિંગમાં પણ ઊંચું સ્થાન મેળવવામાં મદદ કરશે. એઆઈના સમયમાં જેટલી વધુ પર્સનલ સ્ટોરીટેલિંગથી સ્ટ્રેટેજી બનાવશો તેટલો સારો વેબસાઈટ ટ્રાફિક મળશે.

ફૂલ-સ્ટેક ડિજિટલ માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી ભૌતિક શેઠે જણાવ્યું હતું કે, ૨૦૨૬થી આગળ સર્ચર બીહેવિયર રિસર્ચ અને એનાલિસિસ સૌથી અગત્યનો પ્રશ્ન બનીને ઉભો રહેશે. સર્ચ એન્જીનની બદલાતી પેટર્નમાં ઓર્ગેનિક રિઝલ્ટ, સર્ચ એડ્સ તો હતા જ પણ ઈન્ટરનેટ યુઝર્સ બિહેવિયર એઆઈ ઓવરવ્યુ અને જનરેટિવ સર્ચ રિઝલ્ટને કારણે ઝડપથી બદલાઈ રહ્યો છે. 'ઝીરો-ક્લિક'ના સમયમાં વેબસાઈટ ટ્રાફિક અને કન્વર્ઝન વધારવા માટે બિઝનેસીસે ટ્રસ્ટ ફેક્ટર પર સૌથી વધુ ધ્યાન આપવું પડશે.

વક્તાઓએ સર્ચ એન્જિન ઑપ્ટિમાઇઝેશન (SEO)ના સૌથી અગત્યના પાસાઓ - ગૂગલના અલ્ગોરિધમમાં આવનારા ફેરફારો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના કારણે સર્ચમાં આવી રહેલા પરિવર્તનો અને લાંબા ગાળાની સફળતા માટે AI-ફ્રેન્ડલી કન્ટેન્ટ કેવી રીતે બનાવવું વિગેરે પર માહિતી આપી હતી.

કોન્ફરન્સમાં ઉપસ્થિતોને ડિજિટલ માર્કેટિંગ અને વિશેષ કરીને SEOના આવનારા સમયના પડકારો અને તકો વિશેની મહત્વપૂર્ણ ઈનસાઇટ્સ મળ્યા હતા, જેનાથી તેઓ ૨૦૨૬ અને તે પછીના વર્ષો માટે તેમના વ્યવસાયની ડિજિટલ વ્યૂહરચના તૈયાર કરવા માટે સક્ષમ બન્યા હતા. આ કોન્ફરન્સ સુરતના ઉદ્યોગ જગત માટે ડિજિટલ પ્રગતિની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગ્રુપ ચેરમેન શ્રી મનિષ કાપડીયા, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો-ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ કોન્ફરન્સનું સમગ્ર સંચાલન કર્યું હતું. ડિજિટલ માર્કેટીંગ કમિટીના સભ્યો શ્રી નિલેશ દેસાઇ અને શ્રી કલ્પેશ પટેલે વક્તાઓનો પરિચય આપ્યો હતો.

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નવી દિલ્હી ખાતે નવા સસંદ ભવનની મુલાકાત




**માનનીય કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાજીના નિવાસસ્થાને થયેલ મુલાકાતમાં કોમનવેલ્થ ગેમની કેટલીક રમતો સુરતમાં યોજાય તે અંગે વાર્તાલાપ થયો**






# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સ્પેન દેશના કોન્સ્યુલેટ જનરલ સાથે પણ મુલાકાત કરી, યશોભૂમિ ખાતે આયોજિત પેપર એક્સ એક્ઝિબીશનની પણ મુલાકાત લીધી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઓલ એક્ઝીબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર અને ઈન્ડસ્ટીયલ ટુર કમિટી ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલાના નેજા હેઠળ ચેમ્બરના સભ્યોના પ્રતિનિધિ મંડળે તાજેતરમાં જ તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ભારતીય લોકતંત્રના પવિત્ર મંદિર સમાન ભારતીય સંસદ ભવનની મુલાકાત લીધી હતી. સુરતના સંસદ સભ્ય શ્રી મુકેશભાઈ દલાલના સહકાર અને માર્ગદર્શન દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સંસદ ભવન ખાતે સુરતના સંસદ સભ્ય શ્રી મુકેશભાઈ દલાલ તથા અગ્રણી ડાયમંડ ઉદ્યોગપતિ રાજ્યસભાના સંસદ સભ્ય શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સાથે પણ મુલાકાત કરવામાં આવી હતી. સંસદમાં થતા કાયદા નિર્માણની પ્રક્રિયા, ચર્ચાઓ, પ્રશ્નોત્તરી અને વિવિધ સમિતિઓની કામગીરી વિશે જાણકારી મેળવી હતી. ચેમ્બરના સભ્યોને દેશની લોકશાહી પ્રક્રિયાને નજીકથી સમજવાની તક મળી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની મુલાકાતો ઉદ્યોગ જગત અને નીતિનિર્માણ પ્રક્રિયા વચ્ચે સમજદારી વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેશના વિકાસમાં ઉદ્યોગ ક્ષેત્રની ભૂમિકા તેમજ નીતિગત નિર્ણયોની અસરને નજીકથી સમજવાની તક પૂરી પાડે છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને દેશની વિધાન પ્રક્રિયા, લોકસભા અને રાજ્યસભાની કામગીરી અંગે પ્રત્યક્ષ માહિતી આપવાનો અને અનુભવ કરાવવાનો હતો.

માનનીય કેબિનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાની સાથે ખૂબ જ સુંદર વાર્તાલાપ થયો હતો, જેમાં કોમનવેલ્થ ગેમની કેટલીક રમતો સુરતમાં આયોજિત કરવામાં આવે તે અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત યુવાનો અને સ્ટાર્ટઅપ માટે સરકાર કઈ કઈ યોજનાઓ હાલમાં ચલાવી રહી છે તે અંગે વિસ્તૃત જાણકારી મંત્રીશ્રીએ આપી હતી. ચેમ્બર દ્વારા લેબર કોન્કલેવ માટે માનનીય મંત્રીશ્રીને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સ્પેન દેશના કોન્સ્યુલેટ જનરલ His Excellency (H.E.) જુઆન એન્ટોનિયો માર્ચ સાથે પણ મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન આંતરરાષ્ટ્રીય વેપાર, નિકાસ-આયાતની તકો, દ્વિપક્ષીય સહયોગ અને ઉદ્યોગ ક્ષેત્રના વિસ્તરણ અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવામાં આવી હતી, જેનાથી સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે નવા વૈશ્વિક વેપારી માર્ગો ખુલવાની આશા વ્યક્ત થઈ હતી.

પ્રતિનિધિ મંડળે પ્રધાનમંત્રી મ્યુઝિયમ અને વિશ્વવિખ્યાત અક્ષરધામ મંદિરની પણ મુલાકાત લીધી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે યશોભૂમિ ખાતે આયોજિત પેપર એક્સ ૨૦૨૫ એક્ઝિબીશનની પણ મુલાકાત લીધી હતી, જ્યાં વિવિધ પેપર મેન્યુફેક્ચરર્સ, મશીનરી સપ્લાયર્સ અને ટ્રેડર્સ દ્વારા નવીન ટેકનોલોજી, ઉત્પાદન ક્ષમતા વધારતા ઉપકરણો તથા એન્વાયર્નમેન્ટ-ફ્રેન્ડલી પેપર સોલ્યુશન્સનું પ્રદર્શન નિહાળ્યું હતું. પ્રતિનિધિ મંડળે સ્ટોલ ધારકો પાસેથી ઉદ્યોગના હાલના ટ્રેન્ડ્સ, બજારની માંગ, કાચામાલની ઉપલબ્ધતા અને એક્ષ્પોર્ટની તકો અંગે વિગતવાર જાણકારી મેળવી હતી.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રેઈનર્સ મીટ યોજાઈ




## ચેમ્બરની સભ્ય કંપનીઓને જરૂરિયાત મુજબ કોર્પોરેટ ટ્રેઈનર્સ મળી રહે એ માટે ટ્રેઈનર્સની ડિરેક્ટરી બહાર પડાશે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટ્રેઈનર્સ મીટ યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં  કહ્યું કે, લોકોને તાલીમ-ટ્રેઈનીગનું મહત્વ સમજાવવાની જરૂર છે. સોફ્ટ સ્કિલના કાર્યક્રમો વિશે વધુ જાગૃતિની જરૂર છે, આપણે આપણા પ્રયાસો જારી રાખીએ. તેમણે ટ્રેઈનર્સની ડિરેક્ટરી બનાવવા, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરમાં સહભાગીઓની સંખ્યા વધારવા પર ભાર મૂક્યો હતો. ટ્રેઈનર્સ મીટનો હેતુ ચેમ્બર સાથે જોડાયેલી કંપનીઓમાં તાલીમ કાર્યક્રમો દ્વારા ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવાનો છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કહ્યું કે, ઉદ્યોગ જગત માટે ટ્રેઈનિંગનું મજબૂત માળખું આપણે ઊભું કરીએ.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કહ્યું કે, ટ્રેઈનિંગ અનિવાર્ય છે, યુથને ટ્રેઈનિંગ આપવી જ રહી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુક્લએ કાર્યક્રમ વિશે અને તેના હેતુ વિશે માહિતી આપી હતી અને કહ્યું કે વ્યક્તિની



**શ્રી નિખિલ મદ્રાસી**



**શ્રી બિજલ જરીવાલા**



સીએ મિતિષ મોદી



શ્રી મૃણાલ શુકલ



શ્રી ચિરાગ દેસાઇ

માનસિકતા જ્યાં સુધી વિકાસની રહેશે ત્યાં સુધી તાલીમની જરૂર રહેવાની જ છે.

ત્યારબાદ મનોમંથન અને ચર્ચા સત્રનું સંચાલન ચેમ્બરની સ્કિલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈએ કર્યું હતું. તેમાં ટ્રેઈનર્સ સમક્ષના પડકારો અને તકો, ઓનલાઈન ઉપલબ્ધતાથી ઊભી થયેલી સ્પર્ધા, સંગઠનની જરૂરિયાત, સહયોગ જેવા મુદ્દાઓ પર વિગતે છણાવટ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, આવનારા સમયમાં ઉદ્યોગોને મોટા પ્રમાણમાં ટ્રેઈનર્સની જરૂર પડવાની છે.

ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ આ સેન્ટરની પ્રવૃત્તિઓ અને ભવિષ્યની યોજનાઓનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો હતો.

આ સત્રમાં ટોચના ટ્રેઈનર્સ ઉપસ્થિત રહ્યા હતા અને ચેમ્બર ઓફ કોમર્સ થકી ઉદ્યોગોને કેવી રીતે સેવા આપી શકાય એ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડો. વિજય રાદડીયાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ચેમ્બરની સ્કિલ ડેવલપમેન્ટ કમિટીના કો-ચેરપર્સન સુશ્રી નીશા તલાટી આનંદે આભારવિધિ કરી હતી.

# કેન્દ્રીય નાણાં મંત્રીને GST હેઠળ ફેસલેસ અસેસમેન્ટ અને અપીલ મિકેનિઝમ અમલમાં મૂકવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

## હાલમાં ઇ– સ્કીમ અમલમાં છે, જેને ફેસલેસમાં ફેરવવા માટેની પણ રજૂઆત ચેમ્બર દ્વારા કેન્દ્રીય નાણાં મંત્રીશ્રીને કરવામાં આવી છે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના માનનીય કેન્દ્રીય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને Goods and Services Tax (GST) હેઠળ Faceless Assessment તથા Faceless Adjudication Mechanism અમલમાં મૂકવા અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય નાણાં મંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, આવકવેરા (Income Tax) પ્રણાલી હેઠળ અમલમાં આવેલ Faceless Assessment Scheme અને અપીલ સ્કીમ એક ઐતિહાસિક અને સફળ સ્કીમ સાબિત થઇ છે, જેના કારણે કર વ્યવસ્થામાં પારદર્શિતા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. વ્યક્તિગત સંપર્ક દૂર થવાથી નિર્ણય પ્રક્રિયામાં એકરૂપતા આવી છે અને કરદાતાઓનો વિશ્વાસ મજબૂત બન્યો છે. ભ્રષ્ટાચાર નિમ્ન કક્ષાએ પહોંચાડવામાં આ સ્કીમ સફળ થઇ છે અને સામાન્ય જનતાએ સહર્ષ અપનાવી છે.

GST વ્યવસ્થા પહેલેથી જ મોટા પ્રમાણમાં ડિજિટલ બની ચૂકી છે. રિટર્ન ફાઇલિંગ, ઇ-ઇન્વોઇસિંગ, ઇ-વે બિલ, રિફંડ ક્લેમ અને વિવિધ અરજીઓ સંપૂર્ણપણે ઓનલાઈન થાય છે. આવી પરિસ્થિતિમાં GST હેઠળ પણ અસેસમેન્ટ, એડજ્યુડિકેશન અને ઓડિટ પ્રક્રિયાઓને ફેસલેસ બનાવવી સમયની માંગ છે.

હાલમાં ઇ- સ્કીમ અમલમાં છે, જેને ફેસલેસમાં ફેરવવા માટેની પણ રજૂઆત ચેમ્બર દ્વારા કરવામાં આવી છે. કારણ કે, ઇ- સ્કીમ અંતર્ગત ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો ઓનલાઇન પ્રોસેસ કરે છે પણ તેમ છતાં તેઓને ડોક્યુમેન્ટ સબમિટ કરવા માટે ફિઝીકલી ઓફિસે જવું પડે છે,

આથી અમલમાં રહેલી ઇ- સ્કીમને ફેસલેસમાં ફેરવવા રજૂઆત કરાઇ છે.

હાલમાં GST હેઠળ અસેસમેન્ટ અને કાર્યવાહી jurisdictional અધિકારીઓ દ્વારા ભૌતિક રીતે કરવામાં આવે છે, જેના કારણે અનેક વખત અલગ-અલગ અર્થઘટન, વધારાનો ખર્ચ અને અનાવશ્યક વિવાદો સર્જાય છે. ખાસ કરીને Micro, Small and Medium Enterprises (MSMEs) માટે આ પ્રક્રિયા મુશ્કેલ અને ખર્ચાળ બની રહે છે.

ચેમ્બરે રજૂઆતમાં સૂચન કર્યું છે કે, GST હેઠળ ફેસલેસ અસેસમેન્ટને તબક્કાવાર અમલમાં મૂકવામાં આવે, જેમાં રિટર્ન સ્ક્રુટિની અને મિસમેચ નોટિસ (GSTR-1 અને GSTR-3B વચ્ચે), ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) સંબંધિત કાર્યવાહી, CGST અધિનિયમની કલમ 73 અને 74 હેઠળ શોકોઝ નોટિસની એડજુડિકેશન, રિફંડ વેરિફિકેશન તથા ઓડિટ પ્રક્રિયાઓનો સમાવેશ કરી શકાય. એના માટે Income Taxની જેમ National Faceless GST Centre જેવી કેન્દ્રીય ડિજિટલ વ્યવસ્થા ઉભી કરવાની ભલામણ કરવામાં આવી છે, જ્યાંથી કેસોનું આપમેળે વિતરણ થઈ શકે અને સમગ્ર સંચાર ઇલેક્ટ્રોનિક રીતે કરવામાં આવે.

**GST હેઠળ ફેસલેસ અપીલ વ્યવસ્થા માટે પણ માંગ**

હાલ GST Appellate Tribunal (GSTAT) સંપૂર્ણપણે કાર્યરત ન હોવાથી અપીલ કેસોમાં ભારે પેન્ડન્સી છે. આવી પરિસ્થિતિમાં, ખાસ કરીને Commissioner (Appeals) સ્તરે Faceless Appeal Mechanism અમલમાં મૂકવામાં આવે તો ઝડપી અને પારદર્શક ન્યાય મળી શકે.

આવકવેરાની જેમ ડિજિટલ હિયરિંગ અને ઇલેક્ટ્રોનિક દસ્તાવેજી પ્રક્રિયા દ્વારા અપીલની વ્યવસ્થા અમલમાં આવે તો MSME ક્ષેત્રને વિશેષ રાહત મળશે અને “Ease of Doing Business”ને મજબૂત બનાવશે.

આ ફેસલેસ સિસ્ટમમાં State GST (SGST) અધિકારીઓને પણ પૂર્ણ રીતે સંકલિત કરવામાં આવે. કેન્દ્રીય ડિજિટલ પ્લેટફોર્મ મારફતે રાજ્ય અને કેન્દ્રના અધિકારીઓને તેમના ભૌતિક વિસ્તારમાંથી બહારના કેસ ફાળવી શકાય, જેથી દેશભરમાં નિષ્પક્ષતા સુનિશ્ચિત થાય અને સહકારી સંઘવાદની ભાવનાને બળ મળે.

GST હેઠળ ફેસલેસ અસેસમેન્ટ અને ફેસલેસ અપીલ વ્યવસ્થા અમલમાં મૂકવી એ “Minimum Government, Maximum Governance”ના વિઝનને સાકાર કરતી, ભવિષ્યલક્ષી અને કરદાતા મૈત્રીપૂર્ણ સુધારણા સાબિત થશે. આ પગલું પારદર્શિતા, કાર્યક્ષમતા અને વિશ્વાસ વધારશે તેમજ ભારતને વૈશ્વિક સ્તરે ડિજિટલ ટેક્સ ગવર્નન્સના મોડેલ તરીકે સ્થાપિત કરશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નાણાં મંત્રીને આ સુધારણા માટે જરૂરી નીતિગત નિર્ણય, કાયદાકીય સુધારા અને ટેક્નોલોજીકલ રોડમેપ વહેલી તકે અમલમાં મૂકવા વિનંતી કરવામાં આવી છે.

# ચેમ્બર ઓફ કોમર્સે મહેતા વેલ્થ લિમિટેડની સાથે મળીને શ્રી વિકાસ ખેમાની સાથે ઇન્ટરેક્ટિવ સેશન યોજી વ્યવસાયિકો અને રોકાણકારોને માર્ગદર્શન આપ્યું





**ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા**



**મહેતા વેલ્થ લિમિટેડના MD શ્રી કૃણાલ મહેતા**



**કાર્નેલિઅન એસેટ મેનેજમેન્ટ એન્ડ એડવાઈઝર્સના ફાઉન્ડર એન્ડ CEO શ્રી વિકાસ ખેમાની**



**ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતિષ મોદી**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ મહેતા વેલ્થ લિમિટેડની સાથે મળીને શનિવાર, તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે કાર્નેલિઅન એસેટ મેનેજમેન્ટ એન્ડ એડવાઈઝર્સના ફાઉન્ડર એન્ડ સી.આઇ.ઓ. શ્રી વિકાસ ખેમાનીએ વ્યવસાયિકો અને રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના ઝડપથી બદલાતા યુગમાં, ખાસ કરીને આર્થિક પરિસ્થિતિમાં, વેલ્થ ક્રિએશન માટે લાંબા ગાળાનું રોકાણ અત્યંત મહત્વપૂર્ણ બન્યું છે. રોકાણ માત્ર નફો નથી હોતો, પરંતુ વિશ્વાસ અને ધૈર્ય સાથે લાંબા ગાળા માટે કરાય તે સાચું રોકાણ છે. આ પ્રકારના સેશન દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ પોતાના સભ્યોને માત્ર વ્યાપારિક નહીં, પરંતુ નાણાંકીય રીતે પણ સશક્ત બનાવવા સતત પ્રયત્નશીલ છે.

શ્રી વિકાસ ખેમાનીએ રોકાણકારોને સંબોધતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં નિફ્ટી ૮૦૦ પોઈન્ટ પર હતી, આજે એ ૨૬૦૦૦ પોઈન્ટ પર પહોંચી ગઇ છે. એટલે કે નિફ્ટીમાં આશરે ૨૮થી ૨૯ ગણો વધારો થયો છે. છેલ્લા ૨૦થી ૨૩ વર્ષમાં માર્કેટમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૦૧માં ભારતનો કુલ નફો ૮ બિલિયન યુએસ ડોલર હતો, જે આજે ૧૭૦ બિલિયન યુએસ ડોલર થઇ ગયો છે. વિશ્વભરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં એટલી બધી ઉથલપાથલ થઇ છે તેમ છતાં ભારતની ઈકોનોમી સતત વધી રહી છે. છેલ્લા ૨૦ વર્ષોમાં ભારતના માર્કેટે રોકાણકારોને રિટર્ન પણ ઘણું સારું આપ્યું છે.

લાંબા ગાળાની સંપત્તિ સર્જન માટે શિસ્તબદ્ધ રોકાણ, યોગ્ય એસેટ એલોકેશન અને ધીરજ અત્યંત જરૂરી છે. બજારની ટૂંકાગાળાની ઊથલપાથલથી પ્રભાવિત થયા વિના મજબૂત મૂળભૂત આધાર ધરાવતી કંપનીઓમાં સતત રોકાણ કરવું જોઈએ. તેમણે ઉમેર્યું કે, રોકાણ કરતા પહેલા વ્યક્તિએ પોતાની જોખમ સહનશક્તિ, નાણાકીય લક્ષ્યો અને સમયગાળાની સ્પષ્ટતા કરવી ખૂબ જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટૂંકાગાળાના નફાની લાલચમાં આવીને નિર્ણય લેવાને બદલે યોગ્ય સંશોધન અને નિષ્ણાતની સલાહથી રોકાણ કરવાથી લાંબા ગાળે સ્થિર અને સંતોષકારક વળતર મળી શકે છે. વિવિધ ક્ષેત્રોમાં ડાઈવર્સિફિકેશન કરવાથી જોખમ ઘટે છે અને પોર્ટફોલિયો વધુ સંતુલિત બને છે.

સેશનના અંતે શ્રી વિકાસ ખેમાનીએ રોકાણકારોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી વર્તમાન આર્થિક પરિસ્થિતિ, બજારના ટ્રેન્ડ્સ અને ભવિષ્યની સંભાવનાઓ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું, જે ઉપસ્થિત વ્યવસાયિકો અને રોકાણકારોને અત્યંત ઉપયોગી સાબિત થયું હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મહેતા વેલ્થ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કૃણાલ મહેતાએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સેશનનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બર દ્વારા 3ડી પ્રિન્ટિંગ ટેકનોલોજી પર સેમિનાર યોજાયો




## અગ્રણી ભારતીય 3ડી પ્રિન્ટર ઉત્પાદક Make3D.inના મીત દવેએ અદ્યતન ટેકનિક અને તેના અગણિત લાભો સમજાવ્યા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસજીસીસીઆઈ)ની જનરલ એન્જિનિયરિંગ કમિટીએ સેવા અને સેતુના સહયોગથી 13 ડિસેમ્બર, 2025ના રોજ ઉત્પાદન ટેકનિક્સમાં પ્રગતિ 2.0 હેઠળ 3ડી પ્રિન્ટિંગ ટેકનોલોજીની પરિવર્તનકારી ક્ષમતા પર એક રસપ્રદ સેમિનારનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી ભારતીય 3ડી પ્રિન્ટર ઉત્પાદક Make3D.inના શ્રી મીત દવેએ મુખ્ય વક્તા તરીકે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ સેમિનારનો મુખ્ય આશય એ છે કે નવી ટેકનોલોજીનો સ્વીકાર થાય. સરકાર પણ ટેકનોલોજીને પ્રોત્સાહિત કરી રહી છે.

તેમના 45-મિનિટના સંબોધનમાં, શ્રી મીત દવેએ 3ડી પ્રિન્ટિંગની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં દર્શાવ્યું હતું કે કેવી રીતે Make3D.inના નવીન ઉકેલો, તેમની ઔદ્યોગિક-ગ્રેડ પ્રિન્ટરોની પ્રથમ શ્રેણી સહિત, ઝડપી પ્રોટોટાઈપિંગ, કસ્ટમાઈઝ્ડ ઉત્પાદન અને ખર્ચ-અસરકારક ઉત્પાદન સાથે બિઝનેસીસને સશક્ત બનાવી રહ્યા છે. પીસીએલ મટિરિયલ ટિશ્યુ એન્જિનિયરિંગમાં વપરાય છે. ઈજા થવાથી ટિશ્યુ ડેમેજ થાય તો આ મટિરિયલ અસલ ટિશ્યુ જેવું કામ કરે છે, આ રીતે તૂટેલો હાથ પણ ફરી કાર્યરત થઈ શકે છે.

3ડી પ્રિન્ટિંગ કેવી રીતે કામ કરે તે સમજાવતા તેમણે કહ્યું કે તે ઈન્ડસ્ટ્રી, મેડિકલ સહિત ઘણાં ક્ષેત્રોમાં ખૂબ ઉપયોગી છે. તેમણે રેસિન 3ડી પ્રિન્ટિંગ વિશે સમજ આપતા તેમણે 3ડી પ્રિન્ટિંગથી પ્લાસ્ટિકના ક્રેટ્સ, લાડુ બનાવવા માટેના મોલ્ડ, બોટલ્સ, હેન્ડલ્સ કેવી રીતે બને તે સમજાવ્યું હતું અને તેના ખર્ચ, ઝડપ સહિતના લાભ ગણાવ્યા હતા.

સેમિનારના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી સેશન પણ યોજાયું



ચેમ્બરના માનદ્ ખજાનચી CA મિતિષ મોદી



Make3D.inના શ્રી મીત દવે

હતું જ્યાં ઉપસ્થિત લોકોએ વ્યવહારુ અમલીકરણ, સામગ્રી પસંદગીઓ અને એડિટિવ મેન્યુફેક્ચરિંગમાં ભાવિ વલણો પર જિજ્ઞાસાથી પ્રશ્નો ઉઠાવ્યા હતા. જનરલ એન્જિનિયરિંગ કમિટીના સહ-અધ્યક્ષ શ્રી પ્રદીપ પટેલે દક્ષિણ ગુજરાતમાં એન્જિનિયરિંગ અને ઉત્પાદન ક્ષેત્રોમાં તેની સુસંગતતા પર પ્રકાશ પાડતા આ કાર્યક્રમની ઝાંખી આપી હતી. અન્ય સહ-અધ્યક્ષ શ્રી કિશોર પટેલે એડિટિવ મેન્યુફેક્ચરિંગમાં શ્રી મીત દવેની કુશળતા પર ભાર મૂકતા વક્તાનો પરિચય કરાવ્યો હતો.જનરલ એન્જિનિયરિંગ કમિટીના અધ્યક્ષ શ્રી દેવરાજ મોદી દ્વારા આભાર પ્રસ્તાવ સાથે કાર્યક્રમનું સમાપન થયું.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેમિકલ એન્ડ ફાર્મા કોન્કલેવ યોજાયો




## ટેરિફની અસર કેમિકલની નિકાસ પર એટલી બધી પડી નથી, નિકાસ વધારવા માટે કોન્સોર્ટિયમ રચવા હાકલ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા CHEMEXCIL-બેઝિક કેમિકલ્સ, કોસ્મેટિક્સ એન્ડ ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સહયોગથી તા. 16 ડિસેમ્બર 2025ના રોજ યુકેએમ હોલ, સરસાણા ખાતે કેમિકલ એન્ડ ફાર્મા કોન્ક્લેવ યોજાઈ ગયો જેમાં ઉદ્યોગ જગતના આગેવાનો, નિકાસકારો અને નિષ્ણાતો એકઠા થયા હતા અને વૈશ્વિક રસાયણ નિકાસ બજારમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવા માટે વૃદ્ધિની સંભાવનાઓ, પડકારો તેમજ વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે દેશના કુલ કેમિકલ ઉત્પાદનમાં દક્ષિણ ગુજરાતનું યોગદાન 33% અને દેશની કુલ કેમિકલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો 30% અને ફાર્મામાં ફોર્મ્યુલેશન કેપિટલ ગુજરાતનું યોગદાન 60% છે.

કેમેક્સિલ (CHEMEXCIL)ના વાઈસ ચેરમેન શ્રી અંકિત પટેલે ભારતીય ડાયસ્ટફ ઉદ્યોગ અને નિકાસની તકો વિશે બોલતા કહ્યું કે ચીન વિશ્વની ડાઈઝ અને પિગમેન્ટની 35% જરૂરિયાત સંતોષે છે, ત્યારબાદ 18% સાથે ભારતનો ક્રમ આવે છે. આ ઉદ્યોગમાં માઈક્રોથી લાર્જ સુધીની કંપનીઓ આવેલી છે. 95% જો કે એસએમઈ છે. ડાઈઝની સૌથી વધુ માગ ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં છે. ગુજરાત ડાઈઝ અને ઈન્ટરમીડિયેટ્સનું મેન્યુફેક્ચરિંગ હબ છે. બાંગ્લાદેશની અંધાધૂંધી અને અમેરિકી ટેરિફ આપણી નિકાસમાં પડકાર છે. અમેરિકા મોટો વપરાશકાર નથી પણ ટ્રેડ હબ છે. આપણે ટેરિફને તકમાં ફેરવી શકીએ. આપણે જ્યાં ખરેખર ડાઈઝ વપરાશ થાય છે તે વૈશ્વિક બજારો પર ધ્યાન કેન્દ્રીત કરવાનું છે. વિયેટનામ, લેટિન અમેરિકા અને યુરોપમાં નિકાસ માટે આપણે સજ્જ થવું જોઈએ. આપણે સબસિડી પર અવલંબન ઘટાડી ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રીત કરવાનું છે, કોન્સોર્ટિયમ બનાવવાની જરૂર છે.

કેમેક્સિલના ડિરેક્ટર જનરલ શ્રી રઘુવીર કિનીએ કેમેક્સિલની કામગીરી અને રસાયણ નિકાસમાં તેની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે કાર્ટેલ કે કોન્સોર્ટિયમ બનાવવું એ આજની તાતી જરૂરિયાત છે. વાણિજ્ય મંત્રાલય હેઠળ સ્થપાયેલ સંસ્થા કેમેક્સિલના દેશભરમાં 3500 સભ્યો છે.



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



CHEMEXCILના વાઈસ ચેરમેન શ્રી અંકિત પટેલ



CHEMEXCILના ડિરેક્ટર જનરલ શ્રી રઘુવીર કિની



શ્રી આનંદ મિરાણી

ટેરિફ બાદ અમે અન્ય બજારોની ઓળખ પર કામ કરીએ છીએ, બાયર્સ-સેલર્સ મીટનું પણ આયોજન થશે. ટેરિફથી કેમિકલની નિકાસ બહુ ઘટી જશે એવી કાગારોળ મચી હતી પણ હકીકતમાં એવું બન્યું નથી.

એનઆરડીસીના ડીજીએમ અમિતાભ મિશ્રા વતી તેમના એક સહયોગી પ્રિયંકા અગ્રવાલ ઓનલાઈન ઝૂમ એપથી આ કોન્કલેવમાં જોડાયા હતા અને તેમણે ફાર્મા સેગમેન્ટ્સ માટે વ્યાપારીકરણ માટે સંશોધન-તૈયાર ઉત્પાદનો પર વાત કરી હતી.

સિમ્પ્લસ એક્ઝિમ અને કોર્પોરેટ એડવાઈઝરીના ડિરેક્ટર અને લીડ એડવાઈઝર શ્રી આનંદ મિરાણીએ રાસાયણિક નિકાસ વધારવા માટે ભારતના એફટીએનો લાભ કેવી રીતે લઈ શકાય તેના પર માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. એસજીસીસીઆઈના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ જૈને કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી હાજર રહ્યા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશનર્સ (AIFTP – વેસ્ટર્ન ઝોન)ના સહયોગથી રાષ્ટ્રીય સ્તરનો ટેક્ષ કોન્કલેવ યોજાયો





**ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**



**સુરતના ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ, શ્રી રાજર્ષિ દ્વિવેદી (IRS)**



**ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશનર્સના રાષ્ટ્રીય પ્રમુખ એડવોકેટ સમીર જાની**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશનર્સ (AIFTP - વેસ્ટર્ન ઝોન)ના સહયોગથી શનિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સુરતમાં ઉષાકાંત મારફતિયા હોલ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે એક દિવસીય 'નેશનલ ટેક્ષ કોન્કલેવ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સ્તરના ટેક્ષ કોન્કલેવમાં ટેક્ષેશન ક્ષેત્રના કાયદાકીય મુદ્દાઓ, વ્યવહારુ પડકારો તથા આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સુરતના ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ શ્રી રાજર્ષિ દ્વિવેદી (IRS) ઉપસ્થિત રહ્યાં હતા, જ્યારે અતિથિવિશેષ તરીકે ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિશનર્સના રાષ્ટ્રીય પ્રમુખ એડવોકેટ સમીર જાની હાજર રહ્યાં હતા. એડવોકેટ શ્રી સમીર જાનીએ ગુજરાતને પ્રોજેક્ટ કરવાની એસોસીએશનના સભ્યોને હાંકલ કરી હતી.

મુખ્ય અતિથિ, સુરતના ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ, શ્રી રાજર્ષિ દ્વિવેદી (IRS)એ જણાવ્યું હતું કે, થર્ડ પાર્ટી એટલે એવો વ્યક્તિ કે જે સીધો સર્ચનો મુખ્ય ટાર્ગેટ ન હોય, પરંતુ કોઈ રીતે ઈન્કમ ટેક્ષની સર્ચ પ્રક્રિયામાં આવરી લેવાઈ જાય. વાસ્તવમાં સર્ચ સમસ્યાની શરૂઆત અહીંથી થાય છે. જ્યારે ઈન્કમ ટેક્ષ વિભાગ કોઈ એક વ્યક્તિને ત્યાં સર્ચ કરે છે, ત્યારે તેમની સામે મળતા પુરાવાઓના આધારે તેમના પરિવારજનો પણ આપમેળે તપાસના દાયરામાં આવી જાય છે, કારણ કે નાણાંકીય લેવડદેવડ હોવાની સંભાવના હોય છે અને ત્યાંથી શંકા અથવા માન્યતા ઊભી થાય છે, પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે, આ વ્યક્તિ સાથે સીધો સંબંધ ન ધરાવતા અન્ય લોકોનું શું? તેમના બેંક એકાઉન્ટ્સ, કાગળ પર દર્શાવેલા બિઝનેસ એસોસિએટ્સ અથવા અન્ય ઓળખાણો પણ તપાસના દાયરામાં આવી શકે છે. ઘણી વખત આવી માહિતી મજબૂત પુરાવા પર આધારિત ન હોવા છતાં કાર્યવાહી શરૂ થાય છે અને એ જ કારણસર સર્ચ સંબંધિત જોગવાઈઓ કાયદામાં લાવવામાં આવી છે.




**ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી**



**ગુજરાત હાઈકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી તુષાર હેમાણી**



**પૂણેના જાણીતા CA શ્રી પરિક્ષિત ઔરંગાબાદકર**



**અમૃતસરના જાણીતા CA શ્રીમતી આંચલ કપૂર**

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સર્ચ દરમિયાન કોઈ પણ ઘર અથવા ઓફિસમાંથી વિવિધ પ્રકારના દસ્તાવેજો અથવા સામગ્રી મળી શકે છે, કારણ કે તે રહેણાંક સ્થળ હોય છે. ઉદાહરણ તરીકે, જો વ્યક્તિના ઘરે તેમના પુત્રનો કોઈ મિત્ર, વ્યવસાયિક ઓળખાણ કે વિદેશી મિત્ર સાથે સંબંધિત દસ્તાવેજ મળી આવે તો તેના આધારે પણ શંકા ઊભી થાય છે. આ રીતે, ઘણી વખત એવા વ્યક્તિઓ પણ તપાસના દાયરામાં આવી જાય છે, જેમનો મુખ્ય ટાર્ગેટ વ્યક્તિ સાથે સીધો અથવા સ્પષ્ટ સંબંધ ન હોય અને તેઓ અજાણતા જ આ કાર્યવાહીનો ભોગ બની શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, મુખ્ય પ્રશ્ન એ છે કે આવી પરિસ્થિતિને કેવી રીતે હેન્ડલ કરવી અને એના માટે કાયદામાં સમયાંતરે સુધારા થયા છે. વર્ષોથી કાયદામાં થતા ફેરફારોનો હેતુ એ જ રહ્યો છે કે, તપાસ અને કરદાતાના હકો વચ્ચે યોગ્ય સંતુલન જાળવી શકાય.

શ્રી રાજર્ષિ દ્વિવેદી (IRS)એ વધુમાં કહ્યું હતું કે, 'ડમી દસ્તાવેજો' એક ગંભીર સમસ્યા બની ગઈ છે, જે ખાસ કરીને સેકશન ૧૫૩(સી) અને સર્ચ અસેસમેન્ટ્સ સાથે જોડાયેલી છે. હકીકત અને રેકોર્ડ પર ઉપલબ્ધ તથ્યો ઘણી વખત એકસરખા હોતા નથી. ઘણી વખત નિર્ણય રેકોર્ડ પર ઉપલબ્ધ તથ્યોના આધારે લેવાય છે, પરંતુ હકીકત તો હકીકત જ રહે છે. તેથી, ટેક્ષ પ્રેક્ટિશનર્સની ફરજ છે કે તેઓ હકીકતને અવગણે નહીં. આ જ જવાબદારી અધિકારીઓની પણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સર્ચ કાર્યવાહી દરમિયાન મળેલા દસ્તાવેજોનું મૂલ્યાંકન કરતી વખતે હકીકત, પરિસ્થિતિ અને પુરાવાના સાચા સ્વરૂપને ધ્યાનમાં લેવું અત્યંત આવશ્યક છે.

ગુજરાત હાઇકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી તુષાર હેમાણી 'થર્ડ પાર્ટી સર્ચ અને ઈન્કમ ટેક્ષ કાર્યવાહી પર તેની અસર' વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ કે સંસ્થા પર કરવામાં આવેલી સર્ચ અથવા સર્વે દરમિયાન જો અન્ય કરદાતાને લગતા દસ્તાવેજો, ડિજિટલ ડેટા કે પુરાવા મળી આવે, તો તેના આધારે ઈન્કમ ટેક્ષ વિભાગ સંબંધિત થર્ડ પાર્ટી સામે કાર્યવાહી કરી શકે છે. જો કે, આવી કાર્યવાહી કાયદેસર રીતે માન્ય રહે તે માટે વિભાગે નિર્ધારિત કાનૂની પ્રક્રિયા અને માર્ગદર્શિકાનું કડક પાલન કરવું જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, સેક્શન ૧૪૮(૩) હેઠળ અસેસમેન્ટ ફરીથી ખોલતા પહેલાં કરદાતાને યોગ્ય કારણો અને આધારની જાણ કરવી ફરજિયાત છે, જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થાય.

પૂણેના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પરિક્ષિત ઔરંગાબાદકરે એઆઇ પાવર્ડ ફાયનાન્સ અને ટેક્ષેશનમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, AIના ઉપયોગથી ટેક્ષ કમ્પ્લાયન્સ વધુ ઝડપી, ચોક્કસ અને પારદર્શક બન્યું છે. રિટર્ન ફાઇલિંગ, સ્ક્રુટિની એનાલિસિસ, ડેટા વેરિફિકેશન, રિસ્ક અસેસમેન્ટ તથા ફ્રોડ ડિટેક્શન જેવી પ્રક્રિયાઓ હવે એઆઇ દ્વારા સરળતાથી અને ઓછા સમય માં શક્ય બની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, AI Powered ટૂલ્સ દ્વારા મોટા પ્રમાણમાં ડેટાનું વિશ્લેષણ કરીને યોગ્ય ટેક્ષ પ્લાનિંગ માટે મહત્વપૂર્ણ સૂચનો મેળવી શકાય છે, જેના કારણે કરદાતાઓ તેમજ પ્રોફેશનલ્સ બંનેને ફાયદો થાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ભવિષ્યમાં ટેક્ષ પ્રોફેશનમાં ટકી રહેવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્ષ કન્સલ્ટન્ટ્સે ટેકનોલોજી અને એઆઇ સાથે અપડેટ રહેવું અત્યંત જરૂરી બનશે.

અમૃતસરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રીમતી આંચલ કપૂરે ઓનલાઇન જોડાઇને જીએસટી પ્લેબુક અંતર્ગત GSTR-9/9C ફાઈલિંગ અને ટ્રિબ્યુનલ સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, GSTR-૯ અને GSTR-૯C રિટર્ન ફાઇલિંગ દરમિયાન ડેટા રિકન્સિલિએશન, ઈનપુટ ટેક્ષ ક્રેડિટ (ITC) મિસમેચ, ટર્નઓવર ડિફરન્સ તથા ઓડિટ ટ્રેઈલ જેવી બાબતો પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે નાની ભૂલ પણ ભવિષ્યમાં નોટિસ અથવા વિવાદનું કારણ બની શકે છે. તેમણે કરદાતાઓ અને પ્રોફેશનલ્સને સલાહ આપી હતી કે, અપડેટેડ કાનૂની જ્ઞાન, સચોટ રેકોર્ડ-કીપિંગ અને જીએસટી પ્લેબુક જેવી પ્રેક્ટિકલ માર્ગદર્શિકાનો ઉપયોગ કરીને કમ્પ્લાયન્સ વધુ મજબૂત બનાવી શકાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ આભારવિધી કરી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે AIFTP (વેસ્ટર્ન ઝોન)ના ચેરમેન એડવોકેટ સચિન ગાંધીએ કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા.

ચેમ્બરની ઈન્કમ ટેક્ષ કમિટીના ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જ્યારે કો-ચેરમેન સીએ અક્ષય મોદીએ ટેકનીકલ સેશનનું સંચાલન કર્યું હતું. આ કોન્ક્લેવમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખો સીએ પી.એમ. શાહ અને શ્રી રમેશ વઘાસિયા તથા સુરત ઉપરાંત વડોદરા, રાજકોટ, ભાવનગર, મુંબઈ, વલસાડ, વાપી, નાસિક, માલેગાંવ, નાગપુર, પૂણે અને જૂનાગઢ વગેરે શહેરોના ટેક્ષ પ્રોફેશનલ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, એડવોકેટ્સ તથા ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યાં હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ' એક્સ્પ્લોર બોત્સ્વાના' કાર્યક્રમ યોજાયો




## બોત્સ્વાનામાં રોકાણ કરી અને લાંબા ગાળે સાથે રહી વિકાસમાં સહભાગી થવા સુરતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપીએ છીએ, સોલાર અને વીન્ડ એનર્જીમાં ઘણી તકો છે : બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એક્સલન્સ બોકોલો જોય

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘એક્સ્પ્લોર બોત્સ્વાના’ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એક્સલન્સ બોકોલો જોય ઉપસ્થિત રહ્યા હતા. હર એક્સલન્સ બોકોલો જોયે સુરતના ઉદ્યોગ સાહસિકોને બોત્સ્વાનામાં રિન્યુએબલ એનર્જી સેકટરમાં રોકાણ કરી વિકાસમાં સહભાગી થવા માટે આમંત્રિત કર્યા હતા.

બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એક્સલન્સ બોકોલો જોયે ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, અમારી ઈકોનોમિક ડાયરેકશન સંપૂર્ણપણે સ્પષ્ટ છે. બોત્સ્વાના હવે વૈવિધ્યકરણ તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. અમે માત્ર કાચા માલ અને ખનિજોના નિકાસ સુધી સીમિત રહ્યા નથી, પરંતુ વેલ્યુ એડિશન, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિસ અને ટેકનોલોજી તરફ દ્રઢતાથી આગળ વધી રહ્યા છીએ. અમે એવા રોકાણોને આમંત્રિત કરીએ છીએ, જે રોજગાર સર્જન કરે, સ્કીલ્સનું હસ્તાંતરણ કરે, સાથે જ અમારી ક્ષમતાઓ અને ઉત્પાદન ક્ષમતાને મજબૂત બનાવે અને મજબૂત સપ્લાય ચેઈનનું નિર્માણ કરે. અમે કોઈને માત્ર ખનન કરીને બહાર નીકળી જવા માટે આમંત્રિત કરતા નથી, પરંતુ બોત્સ્વાનામાં આવીને રોકાણ કરીને વિકાસમાં ભાગીદાર બનવા અને લાંબા ગાળે સાથે રહી વિકાસ કરવા માટે આમંત્રણ આપીએ છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બોત્સ્વાનામાં રિન્યુએબલ એનર્જી ઔદ્યોગિકીકરણની કરોડરજ્જુ છે. અમારી સરકાર એનર્જી સિસ્ટમમાં મોડર્નાઈઝેશન અને હાય કવોલિટી એનર્જી સોલ્યુશન્સની દિશામાં આગળ વધી રહી છે. રિજનલ વેલ્યુ ચેઈનને પણ એકસપાન્ડીંગ કરી રહ્યાં છે. અમારા ત્યાં સ્ટ્રોન્ગ ઈન્સ્ટીટયુશન્સ, ટ્રાન્સપરન્ટ ગવર્નન્સ અને ઈન્વેસ્ટમેન્ટને પ્રોટેકટ કરવા માટે પ્રોટેકટેબલ પોલિસીઝ છે, આથી સુરતના ઉદ્યોગ સાહસિકોને બોત્સ્વાનામાં સોલાર અને વીન્ડ એનર્જીમાં ઘણી તકો છે. બોત્સ્વાના અને ભારત વચ્ચેનો સંબંધ લોકશાહી મૂલ્યો, પરસ્પર સન્માન અને લોકોથી લોકો વચ્ચેના મજબૂત સંબંધો પર આધારિત છે.

કે.પી. ગૃપના ચેરમેન શ્રી ફારૂક પટેલે જણાવ્યું હતું કે, કેપી ગૃપ દ્વારા બોત્સ્વાનાની ઝીરો એમિશન પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા માટે બોત્સ્વાનાના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં રૂ. ૩૬,૦૦૦ કરોડનું રોકાણ કરશે. એના માટે કેપી ગૃપે બોત્સ્વાના સરકાર સાથે એમઓયુ કર્યા છે. આ એમઓયુ મુજબ બોત્સ્વાનાનું ઊર્જા અને ખનિજ મંત્રાલય કેપી ગૃપ સાથે સંયુક્ત રીતે રિન્યુએબલ એનર્જી



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એક્સલન્સ બોકોલો જોય**



**કે.પી. ગૃપના ચેરમેન શ્રી ફારૂક પટેલ**

વિકસાવશે અને બોત્સ્વાનાની સ્વચ્છ ઊર્જાને ૫ ગિગાવોટ સુધી લઈ જશે.

તેમણે જણાવ્યું હતું કે, બોત્સ્વાનામાં ૧૨૦૦૦ ભારતીયો રહે છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સને કારણે ત્યાંના ભારતીયો તથા સ્થાનિક રહીશોને રોજગાર મળશે. આ ઉપરાંત, સ્કોલરશિપ પ્રોગ્રામ અંતર્ગત બોત્સ્વાનાના ૩૦ વિદ્યાર્થીઓને સુરતમાં પી.પી. સવાણી યુનિવર્સિટીમાં રિન્યુએબલ એનર્જીનો અભ્યાસ કરાવવામાં આવશે. આ વિદ્યાર્થીઓનો તમામ ખર્ચ કેપી ગૃપ દ્વારા કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, હ્યુમન અને પ્લેનેટને લાભ થાય અને આવનારી પેઢી યાદ કરે એવું કામ કરવાનું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ ચેરમેન અને એસ.આર.કે. નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. એવી જ રીતે રીઘન ફેશન્સ પ્રા.લિ.ના શ્રી દિનેશ ધનકાનીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી, એસજીસીસીઆઇ ગ્લોબલ કનેક્ટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણી, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને રોકાણકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રીમતી જિલ્પા શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# ભારત-બોત્સ્વાના સહયોગને નવી ગતિ, ગુજરાત સાથે વ્યાપારિક સંબંધો મજબૂત બન્યા





પત્રકારોને સંબોધતા ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



પત્રકારોને સંબોધતા બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એક્સલન્સ બોકોલો જોય



પત્રકારોને સંબોધતા કે.પી. ગૃપના ચેરમેન શ્રી ફારૂક પટેલ

- **SGCCI ગ્લોબલ વિલેજ 2026માં બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ મુખ્ય મહેમાન બનશે**
- **ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે તા. 22-25 જાન્યુઆરી સુરતની મુલાકાતે**
- **રાષ્ટ્રપતિની સુરત મુલાકાતની તૈયારીઓ અંતિમ તબક્કે, ઊર્જા મંત્રીની સુરત મુલાકાતે તેમના કાર્યક્રમોને અંતિમ ઓપ આપ્યો**
- **સુરત-ગેબરોન ટ્વીન સિટીનો પણ પ્રસ્તાવ, શહેરી વિકાસથી મેડિકલ ટુરિઝમ સુધી વ્યાપક સહયોગની દિશા**
- **વૈશ્વિક સહયોગનું કેન્દ્ર બની રહ્યું છે દક્ષિણ ગુજરાત, આંતરરાષ્ટ્રીય જોડાણોમાં ચેમ્બરની અગ્રણી ભૂમિકા**
- **એસજીસીસીઆઈની ડેલિગેશન સાથે પહેલી મુલાકાત બાદ સુરતની રિન્યુએબલ એનર્જી ક્ષેત્રની અગ્રણી કંપની કેપી ગ્રુપે રૂ. 36000 કરોડનાં રોકાણ માટે એમઓયુ કર્યા**
- **બોત્સ્વાના અને દક્ષિણ ગુજરાત વચ્ચે હીરા અને ટેક્સટાઈલ સહિતનાં ક્ષેત્રોમાં વ્યાપક ભાગીદારીની અપેક્ષા**

ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીની બોત્સ્વાનાની મુલાકાત દરમ્યાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ સુરતના ઉદ્યોગકારોનું બિઝનેસ ડેલિગેશન પણ તા. 10-14 નવેમ્બર દરમ્યાન બોત્સ્વાનાની મુલાકાતે ગયું હતું. આ અત્યંત ફળદાયી મુલાકાત હવે ભારત-બોત્સ્વાના જ નહીં પણ ગુજરાત-બોત્સ્વાના વચ્ચે સહયોગની દિશામાં આગળ વધી રહી છે અને તેમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ચેમ્બર દ્વારા જાન્યુઆરી 2026માં ગ્લોબલ વિલેજની બીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં ઉદ્‌ઘાટક અને મુખ્ય મહેમાન તરીકે બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ માનનીય એડવોકેટ દુમા ગીડિયોન બોકો તેમનાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે તા. 22થી 25 જાન્યુઆરી 2026 દરમ્યાન સુરત પધારી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નવેમ્બરની મુલાકાત દરમ્યાન બોત્સ્વાના રાષ્ટ્રપતિના કાર્યાલય ખાતે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી સહિતના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજાઇ હતી, જેમાં રાષ્ટ્રપતિ એડવોકેટ દુમા ગીડિયોન બોકો તથા ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના મંત્રી, પ્રિન્સિપાલ સેક્રેટરી ટુ ધ પ્રેસિડેન્ટ, બોત્સ્વાનાના ભારત સ્થિત હાઈ કમિશનર, BITC ના સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ બોત્સ્વાના રાષ્ટ્રપતિ તથા મંત્રી મંડળને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. 24થી 26 જાન્યુઆરી, 2026 દરમ્યાન યોજાનારા SGCCI ગ્લોબલ વિલેજ 2026 માટે આમંત્રણ આપ્યું હતું. જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો છે. તેમની સુરત મુલાકાતની પુષ્ટિ થઈ છે અને તેના અનુસંધાને બોત્સ્વાનાના ઊર્જા મંત્રી તેમજ ભારત

સ્થિત બોત્સ્વાનાના રાજદૂત તથા ઉચ્ચ અધિકારી સાથે બુધવારે તા. 17 ડિસેમ્બરના રોજ ચેમ્બરના હોદ્દેદારો સાથે મીટિંગ કરીને રાષ્ટ્રપતિની સુરત મુલાકાતના કાર્યક્રમો અને એજન્ડાને આખરી ઓપ આપ્યો હતો.

બોત્સ્વાનાની મુલાકાત દરમ્યાન ચેમ્બરે ટ્વિન સિટીનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો જેમાં શહેરી વિકાસ, ટેકનોલોજી અને ટેલેન્ટ એક્સચેન્જ, મેડિકલ ટુરિઝમ, શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે એક્સચેન્જ કાર્યક્રમ અને બિઝનેસ પ્રતિનિધિમંડળોની નિયમિત આપલે તથા પ્રદર્શનો વિગેરે ક્ષેત્રોની ચર્ચા થઇ હતી. આ પ્રસ્તાવનો પણ સકારાત્મક પ્રતિસાદ આપતા બોત્સ્વાનાના રાષ્ટ્રપતિની સુરત મુલાકાત દરમ્યાન જ સુરત અને ગેબરોન ટ્વીન સિટી માટે સમજૂતી થવાની અપેક્ષા છે. આમ ગુજરાત અને બોત્સ્વાના વચ્ચે નવા આર્થિક સહયોગ અને વધુ ગાઢ સંબંધોનાં નિર્માણમાં ચેમ્બર અગ્ર સંસ્થા તરીકે ઊભરી રહી છે. થોડા સમય પહેલાં જ ચેમ્બરના નિમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ સુરતની મુલાકાતે આવ્યા હતા.

### KP Group દ્વારા બોત્સ્વાનામાં રૂા. 36,000 કરોડનું મેગા રોકાણ, 5 ગિગાવોટ સોલાર પ્રોજેક્ટથી ઝીરો એમિશન તરફ મોટું પગલું

ચેમ્બરનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ નવેમ્બરમાં બોત્સ્વાનાની મુલાકાતે ગયું તેમાં સુરતના કેપી ગ્રુપના ડૉ. ફારૂક જી. પટેલનો પણ સમાવેશ થતો હતો. આ વિઝિટની પહેલી ફળશ્રુતિ લેખે પહેલું કહી શકાય તેવું વિન્ડ-સોલાર સહિત રિન્યુએબલ એનર્જી રોકાણ સુરતથી થયું છે. કેપી ગ્રુપ બોત્સ્વાનાની ઝીરો એમિશન પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા માટે બોત્સ્વાનાના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં રૂ. 36000 કરોડનું રોકાણ કરશે. કેપી ગ્રૂપે 4 બિલિયન યુએસડી (રૂ. 36000 કરોડ)નાં રોકાણ માટે બોત્સ્વાના સરકાર સાથે એમઓયુ કર્યા છે. બોત્સ્વાનાનાં ખનિજ અને ઊર્જા મંત્રી સુશ્રી બોકોલો જોય અને કેપી ગ્રુપ વચ્ચે થયેલા આ એમઓયુ મુજબ બોત્સ્વાનાનું ઊર્જા અને ખનિજ મંત્રાલય કેપી ગ્રુપ સાથે સંયુક્ત રીતે રિન્યુએબલ એનર્જી વિકસાવશે અને બોત્સ્વાનાની સ્વચ્છ ઊર્જાને 5 ગિગાવોટ સુધી લઈ જશે. આ પ્રોજેક્ટ 5 વર્ષમાં તબક્કાવાર હાથ ધરાશે જેમાં 2027માં 500 મેગાવોટ, 2028માં 2500 અને 2030 સુધીમાં 5 ગિગાવોટ પૂર્ણ થશે. આનાથી પ્રોજેક્ટ દરમ્યાન 7000 અને પ્રોજેક્ટ બાદ 1500થી વધુ લોકોને રોજગાર મળશે અને 1 લાખ ઘરોને સોલર વીજળી મળશે. આ માટે 25000 એકર જમીન બોત્સ્વાના સરકાર આપશે અને ભારત સરકાર રોકાણને સુરક્ષિત કરશે. સમજૂતીના ભાગરૂપે કેપી ગ્રુપ બોત્સ્વાનાના નાગરિકોને વર્ષે 30 સ્કોલરશિપ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે આપશે.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્માર્ટ સપ્લાય ચેઈન કોન્ક્લેવ યોજાયો




## સપ્લાય ચેઈન વ્યવસ્થા સ્થિતિસ્થાપક અને ગતિશીલ હોવી જોઇએ

# રિલાયન્સના રવિકુમાર નાયરે સપ્લાય ચેઈનની આંટીઘૂંટી સમજાવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સ્માર્ટ સપ્લાય ચેઈન વિષય પર એક માહિતીપ્રદ કોન્કલેવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના હેડ સપ્લાય ચેઈન શ્રી રવિકુમાર નાયરે સ્માર્ટ સપ્લાય ચેઈન વિષય પર વિગતવાર અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.



**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના હેડ સપ્લાય ચેઈન શ્રી રવિકુમાર નાયર**

એસજીસીસીઆઈના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ કોન્કલેવ માટે શ્રી રવિકુમાર નાયરનું નામ ચેટજીપીટીએ સૂચવ્યું હતું. તેમણે ચેમ્બરની વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

શ્રી રવિકુમાર નાયરે કહ્યું કે, ૧૫-૨૦ વર્ષ પહેલાં સપ્લાય ચેઈનનો અલગ વિભાગ કોઈ કંપનીમાં રહેતો ન હતો. સપ્લાય ચેઈન પોતાની રીતે એક વિજ્ઞાન છે અને તે કંપનીની નફાકારકતા નક્કી કરે છે, સંપૂર્ણ કાર્યદક્ષતા તેનાથી આવે છે. તેમણે તાજેતરની ફ્લાઈટ્સ કટોકટીનો ઉલ્લેખ કરી કહ્યું કે આનાથી સપ્લાય ચેઈનનું મહત્વ સમજાઈ જશે. નેશનલ લોજિસ્ટિક પોલિસીમાં લોજિસ્ટિક ખર્ચ સિંગલ ડિજિટમાં લાવવાનો લક્ષ્યાંક છે. તેમાં મલ્ટી મોડલ લોજિસ્ટિક પર ભાર મૂકાયો છે. ૬૦૦ કિમીથી વધુની માલસામાનની હેરફેર રેલવે દ્વારા કરવાથી ખર્ચ બચે છે. સપ્લાય ચેઈનમાં ચાર પિલર્સ મહત્વના છે જેમાં કસ્ટમર અને કૉસ્ટ મુખ્ય છે. તેમણે સપ્લાય ચેઈનમાં વેન્ડર્સ પોર્ટલ, ઓટોમેશન, ટૂલ્સ, યુલિપમાંથી વાહનનો ડેટા પુલ કરવો, જીપીએસ, એઆઈ કેમેરા વગેરે વિશે માર્ગદર્શન આપી સપ્લાય ચેઈનમાં ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. કોઈ પણ કંપનીની સપ્લાય ચેઈન નીતિ સ્થિતિસ્થાપક અને ગતિશીલ હોવી જોઈએ.

તેમણે ઉદ્યોગકારો, વ્યવસાયિકોના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એસજીસીસીઆઈના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રાવેલ એજન્ટ્સ માટે 'ફેર, ફેક્ટ એન્ડ એથિકલ પ્રેક્ટિસ ફોર ટ્રાવેલ એજન્ટ' વિષય પર સેમિનાર યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ‘ફેર, ફેક્ટ એન્ડ એથિકલ પ્રેક્ટિસ ફોર ટ્રાવેલ એજન્ટ’ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે કુરુક્ષેત્ર, હરિયાણાની ટ્રેવનિઓ હોલિડેઝ પ્રા.લિ.ના ફાઉન્ડર અને ચંડીગઢ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ગોલ્ડ મેડલિસ્ટ ડો. સંદીપ તૂરે ટ્રાવેલ અને ટુરીઝમ ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું.



**ચંડીગઢ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ગોલ્ડ મેડલિસ્ટ ડૉ. સંદીપ તૂર**

ડો. સંદીપ તૂરે જણાવ્યું હતું કે, વ્યવસાયમાં નૈતિક મૂલ્યો અપનાવવાથી લાંબા ગાળે વિશ્વસનીયતા, સ્થિરતા અને સફળતા પ્રાપ્ત થાય છે. આજના કઠિન સ્પર્ધાત્મક યુગમાં કેવી રીતે એવું વ્યવસાય મોડલ વિકસાવી શકાય કે જેમાં સ્પર્ધા સ્વયં નિર્બળ બની જાય, તે બાબત તેમણે ઉદાહરણો સાથે ઊંડાણપૂર્વક સમજાવી હતી. તેમણે સસ્ટેનેબલ ટુરિઝમના મહત્વ પર પણ વિશેષ પ્રકાશ પાડ્યો હતો. ટેકનોલોજીના ઉપયોગ દ્વારા પોતાને અન્યથી અલગ કેવી રીતે ઓળખાવવી, ગ્રાહકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો કેવી રીતે સ્થાપિત કરવા અને લાંબા સમય સુધી તે સંબંધો જાળવી રાખવાના વ્યવહારુ વિચારો રજૂ કર્યા હતા.

ચેમ્બરની હોસ્પિટાલિટી, ટુર્સ એન્ડ ટ્રાવેલ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે સેમિનારની જરૂરિયાત, ઉદ્દેશ્ય અને તેના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કમિટીના કો-ચેરમેન સુશ્રી દુરીયા તપિયાએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના સભ્ય સુશ્રી અશિતા જરીવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતમાં કમિટીના કો-ચેરમેન શ્રી આશિષ શાહે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

આ સેમિનાર ટ્રાવેલ અને ટુરિઝમ ક્ષેત્રે કાર્યરત વ્યવસાયિકો માટે માર્ગદર્શક, વિચારપ્રેરક અને વ્યવહારુ જ્ઞાન આપતો એક મહત્વપૂર્ણ પ્રયાસ સાબિત થયો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા Mediation Act and Its Importance for the Disputes among Industries & Businesses વિષે અવેરનેસ સેશન યોજાયું





## નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલના માનનીય નિવૃત્ત જજ ડૉ. દીપ્તિ મુકેશ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Mediation Act and Its Importance for the Disputes among Industries & Businesses વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના માનનીય નિવૃત્ત જજ ડો. દીપ્તિ મુકેશે સુરતના ઉદ્યોગ સાહસિકો તેમજ પ્રોફેશનલ્સને વિસ્તૃત જાણકારી આપી હતી.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલના માનનીય નિવૃત્ત જજ ડો. દીપ્તિ મુકેશે જણાવ્યું હતું કે, આજે અમલમાં રહેલી ન્યાય પ્રણાલી ખૂબ જ સમય માંગી લે તેમ છે અને તે જ ન્યાયમાં વિલંબનું મુખ્ય કારણ બની રહી છે. આ પ્રણાલી ધીમે ધીમે ભારતના ન્યાયિક તંત્રમાં પ્રવેશી અને સ્થાપિત થઈ. જેમ જેમ લોકોમાં કાયદાકીય જાગૃતિ વધી, તેમ તેમ વાદ-વિવાદ અને કેસોની સંખ્યા પણ વધી. અગાઉ ઘણા ઓછા લોકો કોર્ટ સુધી જતા હતા. બંધારણના આર્ટિકલ ૪૦ અને પાર્ટ ૯માં આ પ્રકારની પ્રક્રિયાઓનો સ્વીકાર થયેલો છે, પરંતુ દુર્ભાગ્યવશ આપણે આ જોગવાઈઓ પર પૂરતું ભાર મૂકવાનું ભૂલી ગયા છીએ. હવે સમય આવી ગયો છે કે આપણે ફરી આપણા મૂળ વિચારધારાઓ તરફ વળીએ.

સ્વતંત્રતા પછી ભારતે અનેક ગંભીર પડકારોનો સામનો કરવો પડ્યો હતો, જેમ કે વસ્તી વધારો, માળખાકીય સુવિધાઓનો અભાવ, રાજકીય મતભેદો, દેશનું વિભાજન તથા ભારત-પાકિસ્તાન યુદ્ધ જેવી પરિસ્થિતિઓ. આ તમામ પરિસ્થિતિઓને કારણે ન્યાયિક સુધારાઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી શકાયું નહોતું. દેશે ઔદ્યોગિક ક્રાંતિ, હરિત ક્રાંતિ જેવા મહત્વપૂર્ણ પરિવર્તનો જોયા, જેના પરિણામે વિવાદોના વિષયો વધતા ગયા અને અદાલતી પ્રક્રિયાઓમાં પણ વધારો થયો. વધુ ને વધુ લોકો ન્યાય મેળવવા માટે અદાલતોમાં આવવા લાગ્યા, પરંતુ વસ્તી વધારો જેટલો વધ્યો, તે પ્રમાણમાં ન્યાયિક માળખું વિકસાવી શકાયું નહોતું. સરકાર માટે એટલી મોટી સંખ્યામાં અદાલતો સ્થાપિત કરવી શક્ય ન હતી. પરિણામે, કેસોની સંખ્યા વધતી ગઈ, પરંતુ અદાલતોની સંખ્યા લગભગ યથાવત રહી.

આજની સ્થિતિમાં પણ જો ધ્યાન આપીએ તો ઘણા જિલ્લાઓમાં માત્ર ૨, ૩ કે વધુમાં વધુ ૫ અદાલતો કાર્યરત છે, જ્યારે લોકોમાં કાયદાકીય જાગૃતિ એટલી વધી ગઈ છે કે લગભગ દરેક બીજા ઘરમાં કોઈને કોઈ પ્રકારનો કાયદાકીય વિવાદ જોવા મળે છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૮૭માં 'લિગલ સર્વિસિસ ઓથોરિટી એક્ટ' અમલમાં આવ્યો, જેમાં પ્રથમ વખત Alternative Dispute Resolution System v ADR ને સત્તાવાર માન્યતા આપવામાં આવી અને તેના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. આ સિસ્ટમનો અર્થ એ છે કે, અદાલત સિવાયના અન્ય માર્ગોથી વિવાદોનો ઉકેલ લાવવામાં આવે, મતભેદોનો અંત આવે અને પક્ષકારોને માનસિક તણાવ, આર્થિક બોજા તથા સમયની નુકસાનમાંથી મુક્તિ મળી શકે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરની લો એન્ડ કમ્પ્લાયન્સ કમિટીના ચેરમેન એડવોકેટ શ્રી અજય મહેતાએ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અરવિંદ બાબાવાલાએ વક્તાનો પરિચય આપ્યો હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ફાઈટીંગ કેન્સર સ્માર્ટર' વિષે સેશન યોજાયું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફાઈટીંગ કેન્સર સ્માર્ટર' વિષય પર એમ્પાવરિંગ સેશન યોજાયું હતું, જેમાં કેન્સરના નિષ્ણાંત તબીબો ડો. પ્રસાદ કાસબેકર, ડો. ચિરાગ ભંસાલી તથા ડો. રિયાલ ગોવિસ દ્વારા કેન્સરની નવીન સારવાર પદ્ધતિઓ, આધુનિક મેડિકલ ઈનોવેશન્સ તથા સારવારની અગત્યતા પર પ્રકાશ પાડ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય ઉદ્દેશ કેન્સર જેવી ગંભીર બીમારી સામે અદ્યતન સારવાર પદ્ધતિઓ, નવીન ટેકનોલોજી, સમયસર નિદાન અને દર્દીઓમાં આશા તથા હિંમત જાળવી રાખવાના વિષય પર જાગૃતિ ફેલાવવાનો હતો.

ડો. પ્રસાદ કાસબેકરે "How Technology is Changing the Game v From Early Detection to Precision Oncology" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં અદ્યતન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ ઈમેજિંગ તથા જિનોમિક ટેસ્ટિંગના કારણે કેન્સરનું વહેલું અને વધુ ચોક્કસ નિદાન શક્ય બન્યું છે. પ્રિસિઝન ઑન્કોલોજી પદ્ધતિ દ્વારા દર્દીના જિનેટિક પ્રોફાઈલ અને ટ્યુમરની રચના આધારે વ્યક્તિગત સારવાર આપવામાં આવી રહી છે, જેના પરિણામે સારવારની સફળતા વધવા સાથે સાઈડ ઈફેક્ટ્સમાં ઘટાડો થયો છે. રોબોટિક સર્જરી, ટાર્ગેટેડ થેરાપી અને સતત મોનિટરિંગ જેવી આધુનિક સુવિધાઓથી કેન્સરની સારવાર વધુ સુરક્ષિત, અસરકારક અને દર્દી કેન્દ્રિત બની રહી છે.

ડો. ચિરાગ ભંસાલીએ "Healing Beyond the Cure - The Power of Reconstructive Surgery" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સરની સારવાર બાદ દર્દીઓ માટે માત્ર રોગમુક્તિ જ નહીં પરંતુ શારીરિક, માનસિક અને સામાજિક પુનઃસ્થાપન પણ અત્યંત મહત્વપૂર્ણ છે. રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી દ્વારા કેન્સરની સારવારના પરિણામે થયેલા શારીરિક ફેરફારોને સુધારી દર્દીઓમાં આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને જીવનની ગુણવત્તા ફરી સ્થાપિત કરી શકાય છે. આ પ્રકારની સર્જરી દર્દીઓને સામાન્ય જીવન તરફ પાછા ફરવામાં મદદરૂપ બને છે અને સંપૂર્ણ ઉપચાર સાથે સર્વાંગી હીલિંગનો માર્ગ મોકળો કરે છે.

ડો. રિયાલ ગોવિસે "Bringing One Back to Life - The Importance of Prosthetics" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સર અથવા અન્ય ગંભીર બીમારીઓના કારણે અંગ ગુમાવનાર દર્દીઓ માટે પ્રોસ્ટેટિક્સ માત્ર શારીરિક સહાય પૂરતી નથી, પરંતુ તેમને ફરીથી સ્વાવલંબન, આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે જીવન જીવવાની ક્ષમતા આપે



ડો. પ્રસાદ કાસબેકર



ડો. ચિરાગ ભંસાલી



ડો. રિયાલ ગોવિસ

છે. અદ્યતન પ્રોસ્ટેટિક ટેકનોલોજીના કારણે દર્દીઓ દૈનિક કાર્યો સરળતાથી કરી શકે છે, કાર્યક્ષમતામાં વધારો થાય છે અને સામાજિક જીવનમાં ફરી સક્રિય ભાગીદારી શક્ય બને છે, જે દર્દીઓના સર્વાંગી પુનર્વસન અને જીવનમાં નવી આશા પ્રદાન કરે છે.

સેશન દરમિયાન નિષ્ણાંત તબીબો દ્વારા કેન્સર પ્રિવેન્શન, લાઇફસ્ટાઇલમાં ફેરફાર, નિયમિત હેલ્થ ચેકઅપ, તેમજ વહેલી તકે લક્ષણો ઓળખવાની અગત્યતા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને કામકાજમાં વ્યસ્ત ઉદ્યોગ સાહસિકો અને વ્યાવસાયિકોએ પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. સોનિયા ચંદાનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ નિષ્ણાંત તબીબો સાથે પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લીધો હતો, જેમાં નિષ્ણાંત તબીબો દ્વારા સભ્યોની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## ઓઝેમ્પિક જેવી દવાઓ લેવાથી વજન ઉતરે?, ચેમ્બર દ્વારા રસપ્રદ સેમિનાર



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, 21મી ડિસેમ્બરે સવારે 10:30 કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે વજન ઘટાડવા આધુનિક અભિગમો અને મેદસ્વીતા વ્યવસ્થાપન પર આધારિત એક જાગૃતિ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે દર રવિવારે ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ હેઠળ કાર્યક્રમો થાય છે. ચેમ્બરની સતત વિસ્તરતી વૈશ્વિક પહોંચનો ઉલ્લેખ કરી તેમણે



**ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**મેદસ્વીતા રોગ નિષ્ણાત ડૉ. વિક્રમ લોટવાલા**



**ડાયેટ અને ન્યુટ્રિશન નિષ્ણાત ડૉ. પૂજા અરોરા**

કહ્યું કે વિદેશોમાં આરોગ્ય ક્ષેત્રે ઘણી તકો છે. અને તબીબોએ ચેમ્બર સાથે એ તક ઝડપવા આગળ આવવું જોઇએ.

મેદસ્વીતા રોગ નિષ્ણાત ડૉ. વિક્રમ લોટવાલાએ સેલિબ્રિટીઓ ઉપયોગમાં લે છે એ મોન્જારો/ઓઝેમ્પિક જેવી નવી પેઢીની વજન ઉતારવાની દવાઓ શું ખરેખર કામ કરે છે? એ વિશે બોલતા સૌ પ્રથમ મેદસ્વીતાનાં કારણોની ચર્ચા કરી હતી. ભારતમાં 24 કરોડ લોકોને ઓબેસિટી છે, ઓબેસિટી ડાયાબિટિસને સાથે લાવે છે. એમાંથી 80 ટકા લોકોનો બીએમઆઈ 30-35 વચ્ચે છે. 35ની ઉપર બીએમઆઈ માટે સર્જરીનો વિકલ્પ છે પણ 30-35વાળા માટે કોઇ અસરકારક ઉપાયો ન હતા. હવે નવ્વી દવાઓ આવી છે.

ઓઝેમ્પિક ભારત માટે નવી છે. તેમણે કહ્યું કે 95% લોકોને આ દવા પછી વજન ઘટે છે. આટલો સફળ ગુણોત્તર કોઇ દવાનો નથી. પણ દવા મોંઘી છે, સસ્તી થાય તો પણ કાયમ માટે લઈ ન શકાય એટલે લાઈફ સ્ટાઈલ ફેરફાર, ડાયેટ અને કસરત પણ એટલા જ મહત્વના છે. 10% અમેરિકનો આ દવા લેતા થયા છે, એના ફાયદા વધુ છે, 100 નવી દવાઓ પાઈપલાઈનમાં છે.

ડાયેટ અને ન્યુટ્રિશન નિષ્ણાત ડૉ. પૂજા અરોરાએ “ટકાઉ રીતે વજન ઘટાડવા માટે આધુનિક ડાયટ પ્લાન” વિષય પર માર્ગદર્શન આપ્યું અને તંદુરસ્ત આહારના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ઘણા લોકોને એવું લાગે છે કે ઓઝેમ્પિક જેવી દવાઓ લેતા હોઈએ તો ડાયેટની જરૂર નથી પણ આ બહુ મોટી ગેરમાન્યતા છે, સ્ટ્રક્ચર્ડ ડાયેટ પ્લાન ખૂબ જરૂરી છે. પોષણ અને ઊર્જા માટે પણ યોગ્ય ડાયેટ જરૂરી છે.

કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી. અંતે પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.

## બોઇલર સલામતી અંગે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અવેરનેસ પ્રોગ્રામ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સચિન ટેક્ષ્ટાઈલ પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ વેલ્ફેર એસોસીએશનના સહયોગથી મંગળવાર, તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૩૦ કલાકે સચિન જીઆઈડીસી સ્થિત સચિન ઈન્ફ્રા એન્વાયરમેન્ટ લિમિટેડ ખાતે બોઈલર સલામતી અંગે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના ડેપ્યુટી ડિરેક્ટર ઓફ બોઈલર્સ શ્રી પરેશ વ્યાસ દ્વારા ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે બોઈલરની સલામત કામગીરી, જોખમ નિવારણ તથા કાનૂની/સ્ટેટ્યુટરી પાલન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં ઉદ્યોગ માલિકો, પ્લાન્ટ મેનેજરો, બોઈલર ઓપરેટર્સ તથા સેફ્ટી પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા.



**ગુજરાત રાજ્યના ડેપ્યુટી ડિરેક્ટર ઓફ બોઈલર્સ શ્રી પરેશ વ્યાસ**

સચિન ટેક્ષ્ટાઈલ પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ વેલ્ફેર એસોસીએશનના પ્રમુખ શ્રી વિનોદ અગ્રવાલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ સિક્યુરિટી કમિટીના ચેરમેન શ્રી ચેતન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન શ્રી મહેશ જોશીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સચિન ઈન્ફ્રા એન્વાયરમેન્ટ લિમિટેડના ડિરેક્ટર શ્રી મિતુલ મહેતાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

# ચેમ્બર દ્વારા ૯મો નેશનલ એચ.આર. કોન્કલેવ ૨૦૨૫ યોજાયો



## સોસાયટીને રોબોટ્સ નહીં પરંતુ સંવેદનશીલ અને વિચારશીલ હ્યુમન બીઈંગ્સની જરૂર છે, સાચો લીડર પોતાના પછી પણ સંસ્થા મજબૂત રહે તેવી સસ્ટેનેબલ સિસ્ટમ ઉભી કરે છે : ઈન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમિરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ૯મા નેશનલ એચ.આર. કોન્કલેવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમિરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સુરતના ઉદ્યોગ સાહસિકો અને એચ.આર. પ્રોફેશનલ્સને લિડરશિપ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ઈન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમિરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન નેવી યુવાન વયથી



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ઇન્ડિયન નેવીના ચીફ ઓફ ધ નેવલ સ્ટાફ એડમિરલ શ્રી દિનેશ કે. ત્રિપાઠી



Accenture Indiaના સિનિયર MD અને CHRO સુશ્રી લક્ષ્મી સી.

જ લીડર તૈયાર કરે છે, જે જીવનમાં સમય અને જવાબદારીનું મહત્વ સમજાવે છે. નેવીમાં લોકો લીડરને માત્ર અનુસરતા જ નથી, પરંતુ તેની પાસેથી શિસ્ત, વિચારશીલતા અને નિર્ણયક્ષમતાનું ઘડતર પણ કરે છે. નેવીમાં લીડરશિપનું તાલીમ મોડેલ સાયન્ટિફિક અને મેથેમેટિકલ એપ્રોચ પર આધારિત છે. લીડર ખાસ કરીને સ્પષ્ટ કોમ્યુનિકેશન, જોખમ લેવાની ક્ષમતા અને યોગ્ય વિચારવિમર્શ બાદ નિર્ણય લેવાની પ્રક્રિયા પર ભાર મૂકે છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા તેની અસર સમગ્ર ચેઇનના છેલ્લા વ્યક્તિ સુધી કેવી રીતે પડશે, તે બાબતનું ખાસ ધ્યાન રાખીને વિશ્લેષણ કરવામાં આવે છે.


'બનિયાન ટ્રી ફંડા' અંગે સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે, જેમ બનિયાનનું ઝાડ લોકોને છાંયો આપે છે, તેવી જ રીતે એક સારો લીડર પોતાની ટીમને સુરક્ષા અને વિશ્વાસ આપે છે. લીડર ટીમના દરેક સભ્યને સાથે લઈને ચાલે છે અને દરેકને સામેલ કરવાની ભાવના રાખે છે. સાચો લીડર પોતાના પછી પણ સંસ્થા મજબૂત રહે તેવી સસ્ટેનેબલ સિસ્ટમ ઉભી કરે છે. એક અસરકારક લીડર પોતાના કામમાંથી અંદાજે ૭૦ ટકા કામ ડેલીગેટ કરીને મેનેજ કરે છે, જેથી ટીમમાં જવાબદારીની ભાવના વિકસે અને નેતૃત્વ ક્ષમતા ઉદ્ભવે.

એડમિરલ ત્રિપાઠીએ વધુમાં જણાવ્યું હતું કે, લીડર હંમેશા ફ્લેક્સિબલ વિચારધારા સાથે આગળ વધે છે અને તેનું વિઝન સ્પષ્ટ હોવું જરૂરી છે. એના માટે સતત ક્વોલિટી લર્નિંગ લેવું અનિવાર્ય છે. સોસાયટીને રોબોટ્સ નહીં પરંતુ સંવેદનશીલ અને વિચારશીલ હ્યુમન બીઈંગ્સની જરૂર છે તેમ જણાવી તેમણે ઉદ્યોગ સાહસિકો, એચ.આર. પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વધુને વધુ પુસ્તકો વાંચવાની સલાહ આપી હતી.

આ કોન્કલેવમાં Accenture Indiaના સિનિયર MD અને CHRO સુશ્રી લક્ષ્મી સી., એલ એન્ડ ટી પ્રિસિજન એન્જીનિયરીંગ એન્ડ સિસ્ટમ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી અરૂણ રામચંદાની અને પિપલ મેટર્સના સીઇઓ શ્રી પુષ્કરાજ બિડવાઇ કોન્કલેવમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ચેતન શેઠ વક્તા તરીકે હાજર રહ્યાં હતા.

Accenture India ના સિનિયર MD અને CHRO સુશ્રી લક્ષ્મી સી. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે Values Over Velocity: Building Ethical Cultures in a High-Speed Business World અંગે જણાવ્યું હતું કે, એચ.આર. લીડર સંસ્થામાં એક મજબૂત એથિકલ કલ્ચર ઉભું કરે છે, જેમાં કર્મચારીઓ નિર્ભયતાથી પોતાની વાત મૂકી શકે, જવાબદારી સ્વીકારે અને સંસ્થાના હેતુ સાથે જોડાઈને કાર્ય કરે. લીડરશિપની ભૂમિકા અહીં મહત્વપૂર્ણ હોવાનું જણાવી તેમણે કહ્યું હતું કે, લીડરે પોતાના વર્તન દ્વારા મૂલ્યોનું જીવંત ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. સંસ્થાઓમાં એચ.આર. પ્રોફેશનલ્સ બેલેન્સ બનાવી વેલ્યુ જાળવી રાખે છે.

એલ એન્ડ ટી પ્રિસિજન એન્જીનિયરીંગ એન્ડ સિસ્ટમ્સના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી અરૂણ રામચંદાનીએ 'પ્લેનેટ પોઝીટીવ બિઝનેસ: બિલ્ડીંગ સસ્ટેનેબલ વર્કપ્લેસિસ ફોર અ બેટર ટુમોરો' વિષે જણાવ્યું હતું કે, આજે વ્યવસાયિક વિકાસ સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવી અનિવાર્ય બની ગઈ છે. સસ્ટેનેબલ વર્કપ્લેસિસ કર્મચારીઓની આરોગ્ય, સુરક્ષા અને ઉત્પાદકતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ અને પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતા દ્વારા સંસ્થાઓ ભવિષ્ય માટે મજબૂત પાયો



**L&T પ્રિસિજન એન્જીનિયરીંગ એન્ડ સિસ્ટમ્સના સિનિયર VP એન્ડ હેડ શ્રી અરૂણ રામચંદાની**



**પિપલ મેટર્સના CEO શ્રી પુષ્કરાજ બિડવાઇ**



**સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને MD ડો. ચેતન શેઠ**

તૈયાર કરી શકે છે. આજના નિર્ણયો આવનારા સમયને આકાર આપશે. તેથી, લાંબા ગાળાની દૃષ્ટિ સાથે પર્યાવરણ, લોકો અને નફા વચ્ચે સંતુલન સાધવું એ જ એક સારો અને જવાબદાર વ્યવસાય મોડેલ છે.

પિપલ મેટર્સના સીઇઓ શ્રી પુષ્કરાજ બિડવાઇ કોન્કલેવમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે 'પ્રોફીટ વીથ પર્પઝ : રિડિફાઇનીંગ પિપલ સ્ટ્રેટેજી ફોર ધ ફયુચર' વિષે જણાવ્યું હતું કે, સંસ્થાઓએ એમ્પ્લોયી એન્ગેજમેન્ટ, સ્કિલ ડેવલપમેન્ટ અને લીડરશિપ પાઇપલાઇન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જ્યારે કર્મચારીઓ સંસ્થાના પર્પઝ સાથે જોડાય છે, ત્યારે પ્રોડક્ટિવિટી, ઇનોવેશન અને વિશ્વાસ સ્વાભાવિક રીતે વધે છે. તેમણે જણાવ્યું હતું કે, ભવિષ્યની સફળ સંસ્થાઓ એવી હશે, જે બિઝનેસ ગ્રોથ સાથે માનવ સંસાધનને કેન્દ્રસ્થાને રાખશે. લોકો માત્ર ખર્ચ નહીં, પરંતુ સંસ્થાની સૌથી મોટી મૂડી છે – આ સમજણ સાથે જ પિપલ સ્ટ્રેટેજીનું પુનઃઆયોજન કરવું જરૂરી છે.

સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ચેતન શેઠે એચ.આર. એઝ બ સ્ટ્રેટેજિક બિઝનેસ પાર્ટનર વિષે વિસ્તૃત સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વ્યવસાયિક ક્ષેત્રે હ્યુમન રિસોર્સ વિભાગ માત્ર વહીવટી કામગીરી સુધી સીમિત નથી રહ્યો, પરંતુ તે સંસ્થાની રણનિતિક બિઝનેસ ભાગીદારી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. સંસ્થાના લક્ષ્યો સિદ્ધ કરવા માટે એચ.આર.ને બિઝનેસની સમજ અને ડેટા આધારિત અભિગમ સાથે કાર્ય કરવું જરૂરી છે. યોગ્ય ટેલેન્ટ મેનેજમેન્ટ, સ્કિલ ડેવલપમેન્ટ અને કામગીરી મૂલ્યાંકન દ્વારા એચ.આર. સીધે જ વ્યવસાયિક વૃદ્ધિમાં યોગદાન આપી શકે છે.

કોન્કલેવ દરમ્યાન એચ.આર. સંબંધિત વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન યોજાઇ હતી, જેનું સંચાલન ચેમ્બરના ગ્રુપ ચેરમેનો શ્રી મૃણાલ શુકલ અને શ્રી ચિરાગ દેસાઇએ કર્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં એલ એન્ડ ટી હેવી એન્જીનિયરીંગના હ્યુમન રિસોર્સ એન્ડ ઓર્ગેનાઇઝેશનલ એકસલન્સના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મનિષ ગૌર, ખજાના ગ્રુપના ડિરેક્ટર શ્રી બિષ્ણુરામ અગ્રવાલ, આઇ.એસ.પી. ગ્લોબલ કન્સલ્ટીંગ પ્રા.લિ.ના ડિરેક્ટર એચઆર એન્ડ બીઓ સુશ્રી ધારા ઉપાધ્યાય યાદવ, પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને એકઝીકયુટીવ ડીન ડો. પરાગ સંઘાણી, એકુટાસ લિમિટેડના એચ.આર. હેડ શ્રી હેમંત પટેલ અને લેબર લો એડવાઇઝર અને નવી દિલ્હીની લેબર લો ઇન્સ્ટીટયુટના પેનલ મેમ્બર શ્રી સોહેલ સવાણીએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્દબોધન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ મુખ્ય અતિથિ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ અતિથિ વિશેષ શ્રી અરૂણ રામચંદાનીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ અતિથિ વિશેષ શ્રી પુષ્કરાજ બિડવાઇનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી મૃણાલ શુક્લએ અતિથિ વિશેષ સુશ્રી લક્ષ્મી સી.નો પરિચય આપ્યો હતો. કોન્કલેવ ૨૦૨૫-૨૬ના ચેરમેન શ્રી અતુલ પટેલે વક્તા ડો. ચેતન શેઠનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની એચ.આર. એન્ડ ટ્રેઇનીંગ કમિટીના ચેરમેન ડો. નિરવ મંડિરે કોન્કલેવની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગ્રુપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કોન્કલેવનું સમાપન કર્યું હતું. ચેમ્બરના સભ્યો સુશ્રી ગુંજન પટેલ અને શ્રી વિશાલ શાહે કોન્કલેવનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બર દ્વારા 'જીએસટી સમસ્યાઓ અને સમાધાન' પર માર્ગદર્શન સત્ર યોજાયું




## સુરત-બારડોલી ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સહયોગથી યોજાયેલા આ સત્રમાં સીએ હાર્દિક શાહે માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરત ટિમ્બર મર્ચન્ટ એસોસિએશન અને બારડોલી પ્રદેશ ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સહયોગથી બુધવાર, તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે જીએસટી સમસ્યાઓ અને સમાધાન વિષય પર એક માર્ગદર્શન સત્રનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે SGCCIના ગ્રુપ ચેરમેન અને જીએસટી નિષ્ણાત સીએ હાર્દિક શાહે ટિમ્બર વ્યવસાયને લાગુ પડતા જીએસટીના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.


સીએ હાર્દિક શાહ

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું સૌને ચેમ્બરના સભ્ય બનવા અને ચેમ્બરના વિદેશ પ્રવાસમાં જોડાવા માટે હાકલ કરી હતી.

સીએ શ્રી હાર્દિક શાહે કહ્યું કે જીએસટી 2.0માં ઘણા સુધારા થયા છે. આઈટીસી માટે સપ્લાયરનાં રિટર્ન નિયમિત ચેક કરતા રહેવું હિતાવહ છે. ભારત સરકારના જીએસટીના બેઉ વિભાગો હવે એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરે છે. જીએસટીઆર-1 ઈ વે બિલ્સ સાથે મેચ થવા જોઈએ. આ મિસમેચ પકડવા ખાસ ટૂલ્સ વિકસાવાયું છે. તેમણે વેપારીઓને જીએસટી બાબતે નાની નાની ભૂલો કેવી રીતે ટાળવી ને શું કાળજી રાખવી એ સમજાવ્યું હતું, જેથી પેનલ્ટી-નોટિસથી બચી શકાય. રિફંડના દાવાઓ અંગે તેમણે સલાહ આપી હતી કે 60 દિવસનો વેઈટિંગ ગાળો હોય છે, ત્યારપછી રિફંડનો દાવો સ્વીકાર કે ફગાવ્યાનો નિર્ણય આપી દેવાનો હોય છે. ત્યારે તમારી પાસે અપીલનો વિકલ્પ રહે છે. તેમણે ટિમ્બરના વેપારીઓને પજવતા પ્રશ્નો સંદર્ભે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સેક્શન 73, 74 ભેગી કરી નવી સેક્શન 76, રિફંડ, પ્રોડક્ટ ક્લાસિફિકેશન વગેરે મુદ્દે વિગતે છણાવટ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન સીએ મુકુંદ ચૌહાણે કર્યું હતું અને તેમણે પણ વેપારીઓને પજવતા પ્રશ્નો પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુરત ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના સેક્રેટરી શ્રી કિશોર પટેલના સ્વાગત પ્રવચનથી થઈ હતી. ત્યારબાદ બારડોલી પ્રદેશ ટિમ્બર મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી ગૌરંગ ધાનાણીએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી.

વિશેષ અતિથિ તરીકે ઓસ્ટ્રેલિયાથી પધારેલા ગુજરાત ટિમ્બર મર્ચન્ટ્સ ફેડરેશનના પૂર્વ ચીફ સેક્રેટરી શ્રી પ્રેમજી પટેલે પોતાના અનુભવો શેર કર્યા હતા. કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી અને ઓપન ફોરમ સત્ર પણ રાખવામાં આવ્યું હતું, જેમાં હાજર વેપારીઓએ પોતાની જીએસટી સંબંધિત સમસ્યાઓ રજૂ કરી અને નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ કાર્યક્રમમાં ટિમ્બર વ્યવસાય સાથે જોડાયેલા વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી.

# ચેમ્બરની લેડીઝ વિંગની ડી. ખુશાલભાઈ જ્વેલર્સ ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડીઝ વિંગ દ્વારા બુધવાર, તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરતમાં જાણીતા અને પ્રતિષ્ઠિત ડી. ખુશાલભાઈ જ્વેલર્સ ખાતે એક માહિતીપ્રદ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમિયાન લેડીઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા, વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી, એડવાઈઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા સહિત મહિલા સભ્યોએ જ્વેલરીની ડિઝાઈન પ્રક્રિયા, જ્વેલરીની શુદ્ધતા, હોલમાર્કિંગ, ગુણવત્તા નિયંત્રણ તથા ગ્રાહક વિશ્વાસ જેવા વિષયો પર વિસ્તૃત અને પ્રાયોગિક જાણકારી મેળવી હતી.

ડી. ખુશાલભાઈ જ્વેલર્સના શ્રી દિપક ચોક્સીએ લેડીઝ વિંગની મહિલાઓને પરંપરાગત અને આધુનિક જ્વેલરી ડિઝાઈન, સોના-ચાંદી અને હીરાના દાગીનાની બનાવટ અને બદલાતી બજાર પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, લેડીઝ વિંગની મહિલા સભ્યોની આવી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટથી વ્યવસાયિક સમજ વધે છે તેમજ ઉદ્યોગ સાથે સીધો સંપર્ક સ્થાપિત થાય છે. ચેમ્બર ઓફ કોમર્સના લેડીઝ વિંગ દ્વારા આયોજિત આ વિઝીટ મહિલા સભ્યો માટે શિક્ષણ, અનુભવ અને નેટવર્કિંગની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી સાબિત થઈ હતી.

# ગ્રીન કાર્ડના તમામ વિકલ્પો પર ચેમ્બરે યોજ્યું માહિતીસભર સત્ર




## ડૉ. ઉર્વિશ પટેલે ઈબી-5 ઈન્વેસ્ટમેન્ટ વિઝા દ્વારા ઝડપથી ગ્રીનકાર્ડ કેવી રીતે મેળવી શકાય એનું વિગતે માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. 23 ડિસેમ્બરે સાંજે 4 કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'અમેરિકી ગ્રીન કાર્ડ-તમામ વિકલ્પો' પર એક માહિતીસભર સત્રનું આયોજન થયું હતું, જેમાં અમેરિકામાં રોકાણ દ્વારા ગ્રીન કાર્ડ મેળવવાના EB-5 કાર્યક્રમ અંગે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું અને મુખ્ય વક્તા તરીકે અમેરિકા સ્થિત એશિયન ફિઝિશિયન્સ એન્ડ પ્રોફેશનલ્સ EB-5 (APP-EB5) રિજનલ સેન્ટરના ડિરેક્ટર અને ટેક્સાસ મેડિકલ સેન્ટર, હ્યુસ્ટનના નિષ્ણાત ડૉ. ઉર્વિશ પટેલ (MD, MPH) દ્વારા EB-5 વિઝા કાર્યક્રમના વિવિધ પાસાઓ, રોકાણની તકો, લાભો અને પ્રક્રિયા વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**ડૉ. ઉર્વિશ પટેલ (MD, MPH)**

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે ગ્રીન કાર્ડ મેળવવો કપરું બન્યું છે. કાયદા બદલાવાથી ઘણું બધું બદલાઈ જતું હોય છે અને નવા ફેરફારોથી માહિતગાર રહેવું ખૂબ જરૂરી છે.

ડૉ. ઉર્વિશ પટેલે B-1, B-2, સ્ટુડન્ટ, H-1, L-1 સહિતના વિઝાના પ્રકારો નોન ઈમિગ્રેશન વિઝાના પ્રકારો અને ઉપયોગો સમજાવ્યા. સાથે તેમણે એફ વિઝા એટલે કે ફેમિલી આધારિત સ્પોન્સર્ડ વિઝા વિશે સમજણ આપી. નોકરી આધારિત EB-1, EB-2 સહિતના વિઝા માટેની પાત્રતા અને માપદંડો સમજાવ્યા હતા. EB-5 એ ઈમિગ્રેશન આધારિત રોકાણકારો માટેનો છે. ગ્રીનકાર્ડ મેળવવામાં વિલંબના કારણો સમજાવતા તેમણે કહ્યું કે એક તો વાર્ષિક સંખ્યા મર્યાદિત છે, ભારત અને ચીન માટે ઘણો બેકલોગ છે.

ફાઈનલ એક્શન ડેટ્સ વિશે વિશ્લેષણ કરતા કહ્યું કે ફેમિલીમાં જીવનસાથી રૂટ સૌથી ઝડપી જ્યારે ભાઈ-બહેનનો સૌથી વિલંબિત રહે છે. આની સામે EB-5 ગ્રીનકાર્ડ માટેનો સૌથી વહેવારુ વિકલ્પ છે. આ પ્રોગ્રામ 1990માં લૉન્ચ થયો હતો. તેમાં ટાર્ગેટેડ એમ્પ્લોઈમેન્ટ એરિયામાં 8 લાખ ડૉલરનું રોકાણ કરવાનું છે, રોકાણ સીધેસીધું અથવા રિજિયોનલ સેન્ટર દ્વારા થઈ શકે. તેના લાભો સમજાવતા ડૉ. પટેલે કહ્યું કે બે વર્ષના શરતી ગ્રીન કાર્ડ મળે છે, પરિવારને પીઆર મળે છે, કોઈ સ્પોન્સરશિપની જરૂર નથી, નાગરિકતા તરફ પણ લઈ જાય છે.

જો કે તેમાં રોકાણની નિષ્ફળતા સહિતનાં જોખમો અને પડકારો સમજવા પણ જરૂરી છે.

EB-5 અને નવા ગોલ્ડ કાર્ડ વચ્ચેનો તફાવત સમજાવતા તેમણે કહ્યું કે, EB-5 માં રોકેલા રૂપિયા થોડા વર્ષો પછી પાછા મળે છે અને ફેમિલીના તમામ સભ્યોને ગ્રીન કાર્ડ મળે છે, જ્યારે ગોલ્ડ કાર્ડમાં રૂપિયા પાછા મળતા નથી તથા સિંગલ વ્યક્તિને ગ્રીન કાર્ડ મળે છે.

તેમણે અમેરિકા જવા ઈચ્છુક લોકો, રોકાણકારોના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કાર્યક્રમ વિશે વિગતે માહિતી આપી હતી. જ્યારે પ્રોગ્રામ કન્વીનર ડૉ. ધીરેન પટેલે વક્તાનો પરિચય કરાવ્યો હતો. ગ્રુપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વધુ માહિતી માટે ૯૦૧૬૮ ૯૩૦૭૬ અને ૯૮૨૫૧ ૨૮૮૫૧ નો સંપર્ક કરી શકાય.

# ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા એક્ઝિમ કૉન્ક્લેવ યોજાયો




## સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એક્ઝિમ કૉન્ક્લેવ 2025 યોજાયો હતો. સેન્ટર ઑફ ઈન્ટરનેશનલ ટ્રેડ, સુરત મેનેજમેન્ટ એસોસિયેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, વાધવાણી ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કૉન્ક્લેવમાં નિષ્ણાત વક્તાઓએ વણખેડાયેલાં બજારો પર ધ્યાન કેન્દ્રીત કરીને નિકાસ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે એક્ઝિમ કૉન્ક્લેવ મારું સ્વપ્ન હતું. અમે એક્સપોર્ટ-ઈમ્પોર્ટના ક્લાસીસ ચલાવીએ છીએ. હું પણ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએસનનો વિદ્યાર્થી રહી ચૂક્યો છું. આપણી આજુબાજુના દેશોમાં અસ્થિરતા છે ત્યારે વૈકલ્પિક બજારો શોધવા આજની તાતી જરૂરિયાત છે.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી ઉમેશ દીક્ષિતે જણાવ્યું કે, આપણે ગમે તે ઉદ્યોગમાં હોઈએ, આપણે આપણી સ્કિલનો ઉપયોગ એક્સપોર્ટમાં કરવો જોઈએ.

સુરત મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ શ્રી નીતિન ઓઝાએ કહ્યું કે, વૈશ્વિક ભાગીદારો વિશ્વાસુ ભાગીદારોની શોધમાં છે, નવાં બજારો ઉદ્દ્ભવી રહ્યાં છે. આ ક્ષણ સુરતની છે. ગ્રાહક વલણ જાણે, ગુણવત્તા જાળવે એ જ હવે જીતશે. સુરતે ઉચ્ચ સંભાવનાવાળા વણખેડાયેલાં વૈશ્વિક બજારો તરફ ધ્યાન આપવું રહ્યું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતે કહ્યું કે, શહેરનો ગ્રોથ તેની મોબિલિટી નક્કી કરે છે. ફ્રેટ કોરિડોર આવવાથી માલગાડીની સરેરાશ સ્પીડ 70 કિમી/કલાકની થઈ છે. દેશના 4 ગ્રોથ સેન્ટર્સમાં સુરતનો પણ સમાવેશ થતો હોવાથી રોડ સેફ્ટી અને ઝડપી મોબિલિટી બંને અનિવાર્ય બની રહે છે. રોડ નેટવર્ક વિના ઈન્ડસ્ટ્રિઅલ સપ્લાય ચેઈન વિક્ષેપિત રહેતી હોય છે. મેનપાવર પણ સમયસર અને સલામત રીતે ફેક્ટરી પહોંચે એ

# નિષ્ણાતોએ વણખેડાયેલાં વૈશ્વિક બજારો અને ક્વૉલિટી પર ધ્યાન કેન્દ્રીત કરી નિકાસ વધારવા પ્રોત્સાહન આપ્યું



**ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**



**સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત**



**અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી ઉમેશ દીક્ષિત**

જરૂરી છે. સુરત પોલીસે ઝડપી હેરફેર માટે ટ્રાફિક સર્કલ નાના કર્યા છે અને 1600 જેટલા સીસી ટીવી કેમેરા સ્થાપિત કર્યા છે.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી અનિલ સરાવગીએ પ્રથમ પેનલ ડિસ્કસનનું સંચાલન કર્યું હતું, જેમાં સુરતની નિકાસને કેવી રીતે વધારવી, ધ નેક્સ્ટ સ્ટીચ-સ્ટીચ-સ્ટેન્ગધનિંગ, સુરત ટેક્સ્ટાઈલ એન્ડ ડાયમંડ એક્સપોર્ટ વિષય પર નિષ્ણાત વક્તાઓ તરીકે શ્રી રામ કૃષ્ણ એક્સપોર્ટના ડિરેક્ટર શ્રી દર્શક નરોલા અને લિબર્ટી ગ્રુપ ઑફ કંપનીઝના ડૉ. દિનેશ ધનકાણીએ વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી દર્શક નરોલાએ કહ્યું કે, પ્રતિબંધોના સમયમાં અનુપાલન પણ અગત્યનું બની ગયું છે. અમારું 90% સેલિંગ ઓનલાઈન થાય છે, એટલે બ્રાન્ડિંગમાં વિશ્વાસ ખૂબ જરૂરી છે.

ડૉ. દિનેશ ધનકાણીએ કહ્યું કે, ટેક્સ્ટાઈલ માટે નિકાસમાં અપાર સંભાવનાઓ છે અને 12-15% સીએજીઆરથી ગ્રો થઈ શકે છે. આપણે અમેરિકા-અમેરિકા કરવાને બદલે બોત્સ્વાના જેવા આફ્રિકી દેશો પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

આ કૉન્ક્લેવમાં બીજી પેનલ ડિસ્કશન ફ્રોમ કેમ્પસ ઈનોવેટર્સ ટુ ધ ગ્લોબલ એન્ટ્રોપ્રિન્યોર વિષય પર યોજાઈ હતી, જેમાં પેનલિસ્ટસ તરીકે નવરચન યુનિવર્સિટીના પ્રોફેસર અને ડીન ડૉ. હિતેશ ભાટિયા અને પી. પી. સવાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પરાગ સંગાણીએ વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્ઝિમ લીડર્સ બનવા માર્ગદર્શન આપ્યું હતું. આ પેનલ ડિસ્કશનનું સંચાલન વધવાન ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કેદાર પંડ્યાએ કર્યું હતું.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી જે.બી. દવેએ સરકારની નીતિઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું અને આયાત-નિકાસ માટે સરકાર શું કરી રહી છે તેનો ખ્યાલ આપ્યો હતો.

ઈન્ડિયા એક્ઝિમ ફિનસર્વ આઈએફએસસી પ્રા.



**સુરત મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ શ્રી નીતિન ઓઝા**



**લિબર્ટી ગ્રુપ ઑફ કંપનીઝના ડૉ. દિનેશ ધનકાણી**



**શ્રી રામ કૃષ્ણ એક્સપોર્ટના ડિરેક્ટર શ્રી દર્શક નરોલા**



**જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી જે.બી. દવે**



**ઈન્ડિયા એક્ઝિમ ફિનસર્વ IFSC પ્રા. લિ.ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિશાલ શાહ**



**ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા-NABL અમદાવાદનાં જોઈન્ટ ડિરેક્ટર ડૉ. ભૂમિ રાજ્યગુરુ**

લિમિટેડના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વિશાલ શાહે ઉભરતાં વિશ્વ બજારો વિશે બોલતા કહ્યું કે, ટેક્સ્ટાઈલની નિકાસમાં અમેરિકા, યુરોપ અને યુકેનું યોગદાન 50% છે. ટેરિફ છતાં નિકાસમાં નજીવો વધારો થયો છે અને સરકાર કેનેડા સહિત 40 દેશોમાં આઉટરીચ પ્રોગ્રામ આયોજિત કરી રહી છે. ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા-એનએબીએલ, અમદાવાદનાં જોઈન્ટ ડિરેક્ટર ડૉ. ભૂમિ રાજ્યગુરુએ વૈશ્વિક સ્પર્ધાત્મક્તા માટે ક્વોલિટી કન્ટ્રોલની જરૂરિયાત પર બોલતા કહ્યું કે ક્વોલિટી માટે ટેસ્ટિંગ જરૂરી છે. આ માટે તેમણે એનએબીએલ એક્રેડિટેશન અને તેના લાભો સમજાવ્યા હતા.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનનાં સુશ્રી નતાશા ભટનાગરે કૉન્ક્લેવનું સંચાલન કર્યું હતું.

# ચેમ્બર દ્વારા "Code on Social Security, 2020" અંતર્ગત ESI Compliances ઉપર સેમિનાર




**તા. ૩૧/૧૨/૨૦૨૫ પહેલા ESI કાયદાની SPREE સ્કીમમાં દરેક સંસ્થાઓ જ્યાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત હોય, તે રજિસ્ટ્રેશન મેળવી લે, જેથી પાછળની ESI નાણાં ભરવાની કોઇ જવાબદારી નહીં બનશે: શ્રી દિપક મલિક (Joint Director – ESIC (SRO-Surat)**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "Code on Social Security, 2020 અંતર્ગત ESI Compliances" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી દિપક મલિક (Joint Director - ESIC (SRO-Surat) દ્વારા ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**શ્રી દિપક મલિક**
**(Joint Director – ESIC (SRO-Surat)**

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત ઉદ્બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઈએસઆઈ સરકારના સામાજિક સુરક્ષા પોર્ટફોલિયાનો અત્યંત મહત્વનો ભાગ છે. દરેક યુનિયન બજેટમાં સામાજિક સુરક્ષા માટે ફાળવણી કરવામાં આવે છે અને તેમાં ઈએસઆઈનો સમાવેશ થાય છે. સામાજિક સુરક્ષા, સરકાર દ્વારા નીતિગત રીતે સંચાલિત થાય છે અને તેનો અમલ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આવા સેશન દ્વારા ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સને બદલાતા કાયદા અને નિયમોની સાચી સમજ મળે છે, જેનાથી ઉદ્યોગો વધુ સુવ્યવસ્થિત રીતે કાર્ય કરી શકે છે.

શ્રી દિપક મલિકે જણાવ્યું હતું કે, તા. ૩૧/૧૨/૨૦૨૫ પહેલા ESI કાયદાની SPREE સ્કીમમાં દરેક સંસ્થાઓ જ્યાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત હોય, તે રજિસ્ટ્રેશન મેળવી લે, જેથી પાછળની ESI નાણાં ભરવાની કોઈ જવાબદારી નહીં બનશે. વધુમાં હોસ્પિટલો અને સ્કૂલ/કોલેજો સોશિયલ સિક્યુરિટી કોડ અંતર્ગત ESI કાયદા હેઠળ નોંધણી કરાવી ૨૧૦૦૦ માસિક પગાર મેળવતા દરેક કર્મચારીની નોંધણી કરાવી કમ્પ્લાયન્સ શરૂ કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

શ્રી મલિકે વધુમાં જણાવ્યું હતું કે, જે ફેક્ટરી/સંસ્થાઓ હાલમાં નોન ઈમ્પ્લીમેન્ટેડ વિસ્તારમાં આવેલી છે તેમને કમ્પ્લાયન્સ કરવાની જરૂર નથી. સુરતની ESI મોડેલ હોસ્પિટલ નજીકના ભવિષ્યમાં શરૂ થશે અને ESI મેડિકલ કોલેજ પણ સુરતવાસીઓને મળશે તેની તેમણે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન શ્રી અશોક મહંતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ સેશનમાં ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, એચઆર પ્રોફેશનલ્સ, અકાઉન્ટન્ટ્સ ઉપસ્થિત રહ્યાં હતા. સેશન અંતે ભાગ લેનાર પ્રતિનિધિઓના પ્રશ્નોત્તરી સત્રમાં વાસ્તવિક કિસ્સાઓ આધારિત ચર્ચા કરવામાં આવી હતી, જેને ઉપસ્થિતોએ ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક ગણાવી હતી.

# ચેમ્બર દ્વારા 'નહીં ઓળખાયેલી માનસિક બિમારીઓ' વિષે સેમિનાર યોજાયો





**મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સી**

# મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સીએ સાયકોસોમિટિક, હિડન ડિપ્રેશન, ફન્કશનિંગ ડિપ્રેશન, સાયલન્ટ ડિપ્રેશન અને ફન્કશનલ એનારકી વિષે વિસ્તૃત સમજણ આપી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'નહીં ઓળખાયેલી માનસિક બિમારીઓ' વિષે જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુરતના જાણીતા મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સીએ વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સીએ જણાવ્યું હતું કે, સાયકોસોમિટિક એવું સાયન્સ છે કે જેમાં મન શરીર દ્વારા વ્યકત થાય છે. મન પોતાને અલગ અલગ રીતે વ્યકત કરે છે. કારણ કે, શરીરના દરેક અવયવ મનથી જ ચાલે છે. મનનો અદૃશ્ય કન્ટ્રોલ શરીરના દરેક સ્નાયુ પર હોય છે. એમાં સ્વૈચ્છિક અને અનૈચ્છિક એમ બે જાતની સિસ્ટમ કામ કરે છે. અનૈચ્છિકને ઓટોનમસ નર્વસ સિસ્ટમ પણ કહેવાય છે, જે પોતાની મેળે કામ કરે છે, એ પણ મન દ્વારા જ જાગૃત થાય છે, પરંતુ મન ડાયરેકટ કહેતું નથી.

તેમણે હિડન ડિપ્રેશન, ફન્કશનિંગ ડિપ્રેશન અને સાયલન્ટ ડિપ્રેશન વિષે માહિતી આપતા કહ્યું હતું કે, આ ત્રણેય ડિપ્રેશન, ફન્કશનલ એનારકીમાં આવે છે, જ્યાં કોઇ સિસ્ટમ નથી, જેને જેમ ફાવે તેમ વર્તે છે. ફન્કશનીંગ ડિપ્રેશનમાં વ્યક્તિ કામ બરાબર કરે છે, વિદ્યાર્થીઓ અભ્યાસ વ્યવસ્થિત કરે છે, પરંતુ આનંદના પ્રસંગે પણ તેઓ આનંદિત થતા નથી અથવા તો પ્રસંગને એન્જોય કરતા નથી ત્યારે તેઓ ફંકશનલ ડિપ્રેશનમાં હોવાનું કહી શકાય છે.

ઉપરોકત બાબતની સમજણ આપતા તેમણે કહયું હતું કે, દરેક વ્યક્તિમાં અલગ અલગ માળ હોય છે. વિચાર, આવડત, સ્કીલ, બુદ્ધિ ક્ષમતા અને આઇકયૂ વિગેરે દસમા માળે હોય છે, જ્યારે ઈમોશન એ સાતમા/આઠમા માળે હોય છે. શ્વાસ, કાર્ડિયાક, ઊંઘ, તરસ, ભુખ, સેકસ, ફિઝીયોલોજી વિગેરે પહેલા/બીજા માળે રહે છે. એટલા માટે કોઈપણ ઘટનાના સમયે દરેક વ્યક્તિ જુદી રીતે રિએકટ કરે છે. કોઈને ગુસ્સો આવે છે તો એ કન્ટ્રોલ કરી શકે છે, કારણ કે તેમનામાં એ આવડત અથવા બુદ્ધિ ક્ષમતા હોય છે. જ્યારે કોઇ વ્યક્તિ ગુસ્સાને કન્ટ્રોલ કરી શકતા નથી ત્યારે એવું માની શકાય કે તેમનામાં એ આવડત અથવા બુદ્ધિ ક્ષમતા જ નથી.

ફંકશનલ ડિપ્રેશન વિષે વધુ સમજાવતા ડૉ. ચોક્સીએ કહ્યું હતું કે, સવારે વહેલા ઉઠીને ચાલવા જવું કે કસરત કરવી એ સારી બાબત છે, એ તો બધાને જ ખબર છે પણ સવારે વહેલા ઉઠીને ચાલવા જવાતું નથી, એટલે કે પહેલું ડગલું મુકાતું નથી. આવા કેસમાં વ્યક્તિ નોર્મલ દેખાય છે પણ તેઓને ઈનરશિયા હોય છે, આથી તેમણે માનસિક ડિપ્રેશનથી બચવા માટે સ્પોટ્‌ર્સ રમવા, જીમ કરવા, ધ્યાન-પ્રાણાયમ-યોગ કરવા, ખૂલ્લી હવામાં ફરવા, ચાલવા જવા, લોકોને મળવા, ડાન્સ કરવા, વાંચન કરવા, રીલ જોવા જેવી મનગમતી પ્રવૃત્તિઓ કરવાની સલાહ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાની તથા ચેમ્બરના સભ્યો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

# વિવનીટ એક્ઝિબીશનના નવા ચેપ્ટર તરીકે 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો' યોજાશે, નવા લોગો સાથે લોન્ચીંગ સેરેમની સંપન્ન થઇ




## પરિવર્તન કોઇ પણ વિકાસની ગતિનું પહેલું પગથિયું છે, સુરતના ટેક્ષ્ટાઇલને ગ્લોબલી કક્ષાએ લઇ જવાના લક્ષ્યાંક સુધી પહોંચીશું : ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે વરાછા સ્થિત લા ફાઉન્ટેન ખાતે વિવનીટ એક્ઝિબીશનના નવા ચેપ્ટર તરીકે 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો- ૨૦૨૬' માટે નવા લોગો સાથે લોન્ચીંગ સેરેમની યોજાઇ હતી. SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો ૨૦૨૬ સંદર્ભે ઓફિશિયલ અનવેલીંગ તથા નવો લોગો રિવીલ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મહેમાનો, ઉદ્યોગ આગેવાનો, એક્ઝિબીટર્સ અને ચેમ્બરના સભ્યો દ્વારા ઉત્સાહભેર આવકાર મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઉદ્યોગોને નવી તકો, આંતરરાષ્ટ્રીય જોડાણો અને બિઝનેસ ગ્રોથ માટે સતત પ્રયત્નો થઇ રહ્યાં છે અને વિવનીટ એક્ઝિબીશનનું નવું ચેપ્ટર 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો' તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું કે, પરિવર્તન એ સંસારનો નિયમ છે અને પરિવર્તન કોઇ પણ વિકાસની ગતિનું પહેલું પગથિયું છે. નવા વર્ષની ઘણી સારી શરૂઆત થઇ રહી છે. યોગ્ય પ્લાનિંગ કરીને લક્ષ્યાંક સુધી પહોંચી શકાય છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, વિવનીટ એક્ઝિબીશનમાં પહેલા માત્ર વિવર્સ અને નીટર્સ જ એક્ઝીબીટ કરી શકતા હતા, પરંતુ નવા લોગો સાથે લોન્ચ થયેલા SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પોમાં એમ્બ્રોઇડરી તથા તેની સાથે ડિજિટલ પ્રિન્ટ, ફોઇલ પ્રિન્ટ, પોઝીશન પ્રિન્ટ સહિત ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇનને આવરી લેવાઇ છે. આ એક્સ્પોમાં ગારમેન્ટ ફેબ્રિક સહિત તમામ ફેબ્રિકનો સમાવેશ કરવામાં આવશે અને સુરતના ફેબ્રિકને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઇ જવામાં આવશે.

## 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો'નું પ્રથમ એડીશન તા. ૨૬, ૨૭ અને ૨૮ જૂન, ૨૦૨૬ દરમ્યાન યોજાશે, આ એક્સ્પોના માધ્યમથી વૈશ્વિક દ્વાર ખોલવાના પ્રયાસ




# 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્સ્પો'માં ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇનને આવરી લેવાઇ છે, સુરતના ફેબ્રિકને લોકલથી ગ્લોબલ સુધી લઇ જવા માટે આ એક્સ્પોમાં વિદેશોથી બાયર્સને લાવવામાં આવશે : ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા

તેમણે જણાવ્યું હતું કે, સુરતના ફેબ્રિકને લોકલથી ગ્લોબલ સુધી લઈ જવા માટે SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પોમાં વિદેશોથી બાયર્સને લાવવામાં આવશે. નવા લોગો સાથે લોન્ચ કરાયેલા આ એક્ષ્પોને વૈશ્વિક કક્ષાએ લઈ જવાના પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે, જેથી ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીની સમગ્ર વેલ્યુ ચેઈનને તેનો લાભ થશે. ચેમ્બર દ્વારા આ એક્ષ્પોના માધ્યમથી ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રી માટે વૈશ્વિક દ્વાર ખોલવાના પ્રયાસ થઈ રહ્યાં છે. વધુમાં તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોડક્ટમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરી પેટર્ન બનાવવાની સલાહ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, વિવનીટ એક્ઝિબીશનનનું 'SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો' તરીકે નવા નામકરણથી પ્રદર્શનને વૈશ્વિક ઓળખ મળશે અને દેશ-વિદેશના ખરીદદારો, ઉત્પાદકો તથા ટ્રેડર્સને એક મજબૂત પ્લેટફોર્મ મળશે.



ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી



ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે, પ્રોડક્ટને સારી રીતે ગ્લોબલી કક્ષાએ પ્રદર્શિત કરવા માટે સૌથી સારુ માધ્યમ એક્ઝિબીશનન છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિવનીટ એક્ઝિબીશનનની ચોથી આવૃત્તિ રજૂ થઇ હતી, એને હવે વૈશ્વિક કક્ષાએ લઇ જવા માટે SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પો તરીકે રજૂ કરાશે, જેમાં એકઝીબીટ કરવા માટે તેમણે ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકોને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય ડો. હરેશ પટેલે જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ ફેબ્રિક એક્ષ્પોનું પ્રથમ એડીશન આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮ જૂન, ૨૦૨૬ દરમ્યાન યોજાશે, જેમાં દેશના દરેક ખૂણેથી એક્ઝિબીટર્સ, બાયર્સ અને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના આગેવાનો અને નિષ્ણાતો ભાગ લેશે. એના માટે રોડ શો કરવામાં આવશે. આ એક્ષ્પોમાં એકઝીબીટર્સને નવા બાયર્સ મળશે.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અતુલ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ટેક્ષ્ટાઇલ, ફેબ્રિક, ગારમેન્ટ અને સમગ્ર ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગ આગેવાનો, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બર દ્વારા બીઆઈએસ સ્ટાન્ડર્ડ્સ અને ગુણવત્તા નિયંત્રણ પર સેમિનાર યોજાયો




## સુરત બીઆઈએસના ઉચ્ચ અધિકારીઓએ હેન્ડટૂલ, હાર્ડવેર અને ફર્નિચર વસ્તુઓમાં ગુણવત્તા નિયંત્રણ તેમજ BIS સ્ટાન્ડર્ડ્સ વિશે માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બીઆઈએસ (બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ)ના સહયોગથી હેન્ડટૂલ, હાર્ડવેર અને ફર્નિચર વસ્તુઓમાં ગુણવત્તા નિયંત્રણ તેમજ BIS સ્ટાન્ડર્ડ્સ અંગેના મહત્વના મુદ્દાઓ પર એક જાગૃતિ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન શનિવાર, તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે BIS, સુરત ઓફિસના સિનિયર ડિરેક્ટર અને હેડ શ્રી એસ કે સિંઘે BIS સ્ટાન્ડર્ડ્સ, ગુણવત્તા નિયંત્રણ અને તેના અનુપાલન વિશે તથા BIS સર્ટિફિકેશન કેવી રીતે મેળવવું એના વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી એસ કે સિંઘે કહ્યું કે, BIS સ્ટાન્ડર્ડ્સ અપનાવવાથી ગ્રાહકોને વિશ્વાસપાત્ર-ગુણવત્તાયુક્ત વપરાશ મળે છે અને ઉત્પાદકને નિકાસ વધારવામાં મદદ મળે છે. તેમણે પ્લાયવૂડ, ફલશ ડૉર્સ સહિત ફરજિયાત પ્રમાણપત્ર હેઠળ આવતી વસ્તુઓ વિશે, ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ ક્યારથી લાગુ થઈ રહ્યા છે એ,

હોલમાર્કિંગ વગેરે મુદ્દાઓ પર વિગતે સમજાવ્યું હતું.

BIS, સુરતના Sc C/Dy Director શ્રી ધનરાજ કરાડેએ બીઆઈએસના વ્યવહારુ પાસાઓ અને બિઝનેસમાં અમલીકરણ પર પ્રકાશ પાડ્યો. તેમણે વિવિધ હેન્ડ ટૂલ્સના ફરજિયાત અને સ્વૈચ્છિક પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયાઓ અને જરૂરિયાતોની પૂર્ણતા વિશે સમજ આપી હતી.



શ્રી એસ કે સિંઘ

સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડિંગ મટિરિયલ મર્ચન્ટ્સ એસોસિએશનના પ્રમુખ શ્રી કિરીટ પટેલે સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. રિટેલ ટ્રેડ કમિટીના કો-ચેરમેન શ્રી મિતેશ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. SHABBMAના સેક્રેટરી શ્રી દિલીપ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

ચેમ્બરે આ સેમિનાર દ્વારા રિટેલ અને હાર્ડવેર વ્યવસાયીઓમાં ગુણવત્તા જાગૃતિ અને BIS અનુપાલન વધારવાનો પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં રિટેલ વેપારીઓ, હાર્ડવેર વ્યવસાયીઓ અને ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વક્તાઓએ વેપારીઓને મૂઝવતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

# ચેમ્બર દ્વારા આંખના આરોગ્ય પર માહિતીપ્રદ સેમિનાર યોજાયો




## ડૉ. નીરવ શાહે ચશ્માના નંબર ઉતારવાની નવીનતમ સર્જરીઓ અને ડૉ. અંકુ રાજાએ મોતિયા અને ગ્લૉકોમાની અદ્યતન સર્જરીઓ વિશે માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત આંખના આરોગ્ય અને નવીનતમ સારવારો પર આધારિત એક જાગૃતિ સેમિનારનું આયોજન રવિવાર, તા. 28 ડિસેમ્બરે સમૃદ્ધિ, નાનપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના બે અગ્રણી આંખના નિષ્ણાતોએ ચશ્માંમુક્ત આંખોથી લઈને આંખની અદ્યતન સારવાર અને સર્જરીઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાવ્યાત્મક સ્વાગત સંબોધનમાં કહ્યું કે હેલ્થ સિરીઝનો આ 25મો મણકો છે. દ્રષ્ટિ સુખ સૌથી મહત્વનું છે અને સરેરાશ આયુષ્ય વધવાથી આંખની સમસ્યાઓ પણ વધવાની છે.

મોતિયા અને રિફ્રેક્ટિવ સર્જન ડૉ. નીરવ શાહે ચશ્માના નંબર ઉતારવાની નવી રિફ્રેક્ટિવ સર્જરીઓ વિશે સમજાવતા કહ્યું કે, 20-21 વર્ષની ઉંમર થઈ હોય અને નંબર સ્થિર થઈ ગયા હોય તો એ સર્જરી કરી શકાય છે. તેમણે આ સર્જરીઓના પાંચ પ્રકાર વિશે સમજાવતા કહ્યું કે, રિફ્રેક્ટિવ સર્જરીમાં કીકીના પાવર



**મોતિયા અને રિફ્રેક્ટિવ સર્જન ડૉ. નીરવ શાહ**



**મોતિયા અને ગ્લૉકોમા સર્જન ડૉ. અંકુ રાજા**

પર કામ કરવામાં આવે છે. મોતિયાની સર્જરીમાં પણ મલ્ટીફોકલ લેન્સથી નજીક અને દૂરના એમ બંને નંબર ઉતરી શકે છે. તેમણે બ્લુ લાઈટ બ્લોકરને મોટું માર્કેટિંગ સ્કેમ ગણાવ્યું હતું અને ચશ્મા, મોતિયાની સર્જરી વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું.

મોતિયા અને ગ્લૉકોમા સર્જન ડૉ. અંકુ રાજાએ જણાવ્યું હતું કે, ગ્લૉકોમા એટલે ઝામર. તેનાથી અંધાપો આવી શકે છે. ચશ્માના વધુ નંબર, ફેમિલી હિસ્ટ્રી, વ્યસન, સ્ટીરોઈડનો ઉપયોગ, આંખનું વધુ પ્રેસર અને ડાયાબિટિસમાં ઝામર થવાનું જોખમ વધારે છે. ઝામર બે પ્રકારના હોય છે. વિઝન બચાવવા તેનું વહેલું નિદાન ખૂબ જરૂરી છે. હવે એવાં ટીપાં આવ્યાં છે જેમાં આંખ લાલ થવાના ચાન્સ ઓછા છે. સર્જરીમાં અત્યાર સુધી નવી ડ્રેન બનાવવી એ જ એક રીત હતી, હવે મિનિમલ ઈન્વેસિવ સર્જરી આવી છે અને તેના પણ વિવિધ પ્રકાર છે. તેમાં આઈ-સ્ટેન્ટ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. મોતિયાના ઓપરેશન વિશે તેમણે કહ્યું કે ફેકોમાં નવી ટેકનિક્સ આવી ગઈ છે, લેન્સીસ નવા આવવા લાગ્યા છે. મોતિયાની સર્જરીમાં લેન્સ નક્કી કરવા ખૂબ મહત્વપૂર્ણ છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી હતી. કમિટીના સભ્ય ડૉ. શાલિની હલવાવાલાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી સત્ર પણ રાખવામાં આવ્યું હતું, જેમાં હાજર લોકોએ વક્તાઓ પાસેથી આંખના આરોગ્ય સંબંધિત પ્રશ્નોના જવાબો મેળવ્યા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સફળ રોકાણકારની 7 આદતો પર સેમિનાર યોજાયો



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સફળ રોકાણકારની 7 આદતો પર એક રસપ્રદ સેમિનાર શનિવાર, તા. 26 ડિસેમ્બરના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં કેવી વેલ્થ: ઈન્વેસ્ટ એન્ડ ઈન્શ્યોરના સ્થાપક અને સીઈઓ તેમજ અર્થવૃદ્ધિ ફિનસર્વ પ્રા. લિ.ના સહસ્થાપક અને સીઈઓ શ્રી વિશાલ બક્ષીએ 7 આદતો વિશે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.



**શ્રી વિશાલ બક્ષી**

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, ભારતની ઈકોનોમી ઝડપથી આગળ વધી રહી છે ત્યારે ચેમ્બરના સભ્યો, ભારતીયો વૈશ્વિક હરીફાઈમાં પાછળ ન રહેવા જોઈએ એ હેતુથી નોલેજ સિરીઝનું આયોજન થયું છે.

શ્રી વિશાલ બક્ષીએ સૌ પહેલાં તો એ સમજાવ્યું કે સફળ રોકાણકાર કોને કહેવાય? સફળ રોકાણકાર એને જ કહેવાય જે જીવનનાં તમામ નાણાકીય લક્ષ્યો હાંસલ કરે. સફળ થવાના માર્ગમાં પડકારો આવવાના જ. સફળ રોકાણકારના માર્ગમાં પણ ફૂગાવો જેવા પડકારો આવવાના જ. તેને પાર કરીને સફળ રોકાણકાર બનવા માટે 7 આદતો પાડવી પડશે. તે છે, લક્ષ્ય સાથે રોકાણ કરવું, શરૂઆત વહેલી કરવી, ઈક્વિટીમાં રોકાણ કરવું, રોકાણ નિયમિત કરવું, ભાવનાઓ પર કાબૂ મેળવવો, રિસ્ક કવર કરવું અને આ છ ટેવોને પાર પાડવા નિષ્ણાતને રોકવો. આ સંદર્ભમાં તેમણે ઈક્વિટીમાં લાંબા ગાળાના રોકાણના લાભ, મ્યુ. ફંડ્સમાં એસઆઈપી કરવાથી થતા લાભ સમજાવ્યા હતા.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઈઝર શ્રી કેતન દલાલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયાએ વક્તાનો પરિચય કરાવ્યો હતો. રોકાણકારોને મૂંઝવતા વિવિધ પ્રશ્નોના જવાબ વક્તા શ્રી વિશાલ બક્ષીએ આપ્યા હતા.

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે રીઘન ફેશન પ્રા. લિ.ની ઔદ્યોગિક મુલાકાત લીધી





ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત સ્થિત રીઘન ફેશન પ્રા. લિ. ખાતે ઔદ્યોગિક મુલાકાત લીધી હતી. રીગન ફેશનના સંચાલક શ્રી દિનેશ ધનકાણી દ્વારા ચેમ્બરના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન શ્રી દિનેશ ધનકાણીએ રીઘન ફેશનની સ્થાપના, ઉત્પાદન પ્રક્રિયા, આધુનિક ટેકનોલોજી અને ગુણવત્તા નિયંત્રણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ટેક્ષટાઈલ ઉદ્યોગમાં નવીનતા, ડિઝાઈન ડેવલપમેન્ટ તથા સસ્ટેનેબલ પ્રેક્ટિસિસ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રીઘન ફેશન પ્રા. લિ. સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગની શક્તિ અને વૈશ્વિક સ્તરે તેની પ્રતિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક ટેકનોલોજી, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નવીન અભિગમ દ્વારા રીઘન ફેશન ઉદ્યોગ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. આવી ઔદ્યોગિક મુલાકાતો દ્વારા ચેમ્બરના સભ્યોમાં જ્ઞાનનું આદાન-પ્રદાન થાય છે અને સ્થાનિક ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં વધુ મજબૂતી મળે છે.

SGCCI

THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

*We sincerely thank our Sponsors of Birthday Gifts*

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND

**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY



SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

## THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
## SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE
## GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE

# SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
| --- | --- |
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

# EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL SHRAVAN BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION YARN EXPO™
An International Trade Show
1 2 3 AUG. 2025

संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft
12th & 13th September, 2025

Diwali BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SITME '26
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

6th EDITION SGCCI Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26®
25-26-27 Jan. 2026

SGCCI EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
6-7-8 FEBRUARY 2026

SMART EDUCATION EXPO 2026
6-7-8 FEB, 2026

13th EDITION SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL auto expo® 7th Edition
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

Art EXHIBITION AHMEDABAD
19 TO 22 MARCH 2026

Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions
9 & 10 April, 2026

SGCCI WEALTH EXPO 2026
8-9-10 MAY

SGCCI DiMaS
DIGITAL MARKETING SUMMIT & EXPO

Health & Wellness Expo

3rd Edition Surat Startup Summit

SPARKLE INTERNATIONAL '26
Gems & Jewellery Exhibition

ACT WITH ONE MIND